ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૬ અંક : ૩ માર્ચ ૨૦૧૪ સળંગ અંક : ૫૦૯

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**

**VALLABH VIDYANAGAR**




ચારુતર વિદ્યામંડળસંચાલિત સી.ઝૅડ.પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ મૅનેજમેન્ટનો ૧૧મો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને કૉલેજના અમેરિકાવાસી દાતા શ્રી સી.ઝૅડ. પટેલ(ભરોડા)ની વિશેષ ઉપસ્થિતિમાં તેમ જ ભારત સરકારના પર્યટન મંત્રાલયના પ્રાદેશિક નિયામક શ્રી અરુણ શ્રીવાસ્તવના અતિથિ વિશેષપદે યોજાયો હતો. આ પ્રસંગે સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, કૉલેજના નિયામક ડૉ.નિખિલ ઝવેરી અને આચાર્ય પ્રા.નિશીથ દવે તેમ જ વિદ્યાર્થી મંડળના મહામંત્રી દિવ્યાંગ પટેલ દશ્યમાન છે.




સીવીએમસંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય(બીજેવીએમ)ના ૬૩મા વાર્ષિકોત્સવમાં યુવાપેઢીના લાડકા વક્તા અને લેખક શ્રી જય વસાવડાએ અતિથિ વિશેષ તરીકે વ્યાખ્યાન આપ્યું હતું. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સમારંભમાં માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, કૉલેજના કા.આચાર્ય પ્રા.આર.એમ.પટેલ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ પ્રા.એચ.ડી.પટેલ અને મહામંત્રી ફૅનિલ પટેલ દશ્યમાન છે.

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

માર્ચ ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૩

(સળંગ અંક ૫૦૯)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા



**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી


**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

<u>આ માસની વિચારકણિકા</u>

**આપણા વિશે લોકો શું કહેશે એની દરકાર ન કરવી પરંતુ એ એકાકી માનવી કે જેને ન્યાય-અન્યાયની સમજણ છે તે શું કહેશે તેની દરકાર કરવી.**

• સોક્રેટિસ

# વિ-વિદ્યાનગર


## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

માર્ચ ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૩

(સળંગ અંક ૫૦૯)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**अग्ने व्रतपते व्रतं चरिस्यामि तच्छकेयं तन्मेराध्यताम् ।**
**इदमहमनृतात् सत्यमुपैमि ॥**
**'હે વ્રતોના રક્ષક પરમાત્મા! હું વ્રત અર્થાત્, સંકલ્પ, નિયમ, પ્રતિજ્ઞા, કરીને તે મુજબ આચરણ કરીશ. મારું આ વ્રત સિદ્ધ થાય.'**

(યજુર્વેદ ૧/૫)


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ગાંધીજીની પ્રેરણા અને લોકસેવા ★ ડૉ.સી.એલ.પટેલ
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ રૂપાંબાઈ, નાનીબાઈ, રતનબાઈ, અમરબાઈ / 1
॥ ગદ્ય વિભાગ ॥ એક જ કસોટી ★ કિશોરલાલ મશરૂવાળા / 2
॥ નવાં કાવ્યો ॥ આબિદ ભટ્ટ, નીલેશ પટેલ, મંગળ રાવળ 'સ્નેહાતુર', ફિલિપ ક્લાર્ક / 3
॥ સાંપ્રત ॥ હોળી-ધુળેટીનો ગુલાલ ★ પરમાનંદ ગાંધી / 4
॥ અંજલિ ॥ આજીવન શિક્ષક, આજીવન વિદ્યાર્થી ★ પ્રાગજીભાઈ ભામ્ભી / 6
॥ સંશોધન ॥ સરદાર પટેલનું પૂનર્મૂલ્યાંકન ★ હરિ દેસાઇ / 8
॥ સંશોધન ॥ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભક્તિબાનો ફાળો ★ વિનુભાઈ બી. તળપદા / 13
॥ વ્યાખ્યાન ॥ વિદ્યાર્થીઉમંગનો મહાધોધ ★ ઉપેન્દ્ર ત્રિવેદી / 16
॥ સુવાચક ॥ અંગ્રેજી કાવ્યોનો ગુજરાતી અવતાર ★ જ્યોતીન્ પટેલ / 18
॥ વિમર્શ ॥ समकालीन भारतीय शिक्षा व्यवस्था ★ शिव प्रसाद शुक्ल / 19
॥ પ્રતિભાવ ॥ દેવેન્દ્રભાઈ કે. ઓઝા / 21
॥ સમીક્ષા ॥ डा. नामवर सिंह की आलोचना में प्रगतिवादी चेतना ★ गोविंद के. नंदाणिया / 22
॥ Convocation ॥ Dimensions of 21st Century ★ APJ Abdul Kalam / 26
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ અસાધ્ય રોગો માટે સંજીવનીબુટ્ટી સમાનઃ 'સ્ટેમ સેલ થેરાપી' ★ કુંદન મિશ્રા, ઉર્વીશ છાયા / 32
॥ રમન્તે તત્ર દેવતા ॥ સૂત્રકાલીન કન્યાશિક્ષણ ★ પારુલટીના દોશી / 35
॥ રમત-જગત ॥ ૨૦૧૩માં રમતગમતનું અવનવું ★ પી.ડી. શર્મા / 37
॥ વિદ્યાવૃત્ત ॥ / 40

# ગાંધીજીની પ્રેરણા અને લોકસેવા

આપણો દેશ સેંકડો વર્ષ પરદેશીઓની હકૂમત નીચે ગુલામીમાં રહ્યો. શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેજી, લોકમાન્ય ટિળક જેવા આગેવાન રાષ્ટ્રપ્રેમીઓએ આ દેશને આઝાદ બનાવવા માટે પોતાનાં જીવન સમર્પિત કર્યાં. દેશની આઝાદી માટે શ્રી ગોખલેજી અને લોકમાન્ય ટિળક બાદ મોહનદાસ કરમચંદ ગાંધી – બેરિસ્ટરે અનાયાસે દક્ષિણ આફ્રિકામાં રાષ્ટ્રીય ચળવળ અને પ્રજાભિમુખ પ્રશ્નોના અનુસંધાનમાં જે ચળવળને દોરવણી આપી એમાંથી દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને ટ્રેનમાં રંગભેદના થયેલા કડવા અનુભવ અને પ્રજાને થતા અન્યાય સામે લડવા માટેનું પૂરું બળ અસહકારની લડત મારફતે પ્રાપ્ત થયું. એમાંથી જે કાંઈ શક્તિ તેમણે પ્રાપ્ત કરી તે ભારતમાં પરત આવ્યા બાદ હજારો યુવક-યુવતીઓને આઝાદી માટે સમર્પિત થવા માટે પ્રેરણારૂપ બનવા કામ લાગી. આઝાદીની ચળવળમાં ગાંધીજી સત્ય અને અહિંસાના આગ્રહી રહ્યા. જ્યારે રાષ્ટ્રીય ચળવળના કેટલાક ઉદામવાદી આગેવાનો જેવા કે ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, સુભાષચંદ્રની વિચારસરણી જુદી હોઈ તેઓ પોતાની શક્તિ તેમના વિચારો પ્રમાણે ઉપયોગમાં લઈને આ દેશની આઝાદી માટે ન્યોછાવર થઈ ગયા. આઝાદી મેળવવા માટેના ભગીરથ પ્રયાસો ૧૯૨૦થી ખૂબ જોરમાં આવ્યા. ચળવળકાર રાષ્ટ્રપ્રેમીઓએ ગાંધીજીની નેતાગીરી સ્વીકારીને ઘર, કુટુંબ કે સંસારની પરવા કર્યા સિવાય ફકીરી વહોરીને ગાંધીજીની સેનામાં જોડાયા.

આઝાદી મેળવવાના છેલ્લા દસકામાં ટોચના નેતાઓમાં વિચારસરણીમાં થોડો થોડો મતભેદ હોવાથી પ્રત્યેકે પોતાની વિચારસરણી મુજબની વ્યવસ્થા ગોઠવાય તેવા પ્રયાસ કર્યા. જયપ્રકાશ નારાયણ તથા રામમનોહર લોહિયા સમાજવાદી વિચારસરણી મુજબના પ્રયાસો કરતા રહ્યા. જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, મૌલાના આઝાદ અને ખાન અબ્દુલ ગફારખાન જેવાઓએ ગાંધીજીની વિચારસરણીને પોતાના અંગેઅંગમાં પચાવી તેમનો બોલ શિરોમાન્ય લેખ્યો. ગાંધીજીની વિચારસરણીમાં જેમને પૂરેપૂરો વિશ્વાસ હતો તે બધા જ કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા. ગાંધીજી જે કાંઈ બોલે, જે કાંઈ આદેશ કરે, જે કોઈ નિર્ણય લે તેને પૂરેપૂરી માન્યતા આપતા હતા. આવું જ ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત થવાના વર્ષ અગાઉ બન્યું. ૧૯૪૬માં કોંગ્રેસ પ્રમુખની વરણી સમયે ૧૪માંથી ૧૨ પ્રાંતિક કોંગ્રેસ સમિતિઓએ સરદાર પટેલના નામની દરખાસ્ત મૂકી. એક આચાર્ય કૃપલાનીની હતી. નેહરુ માટે કોઈપણ દરખાસ્ત મૂકી નહોતી છતાં પણ ગાંધીજીના આદેશથી સરદાર પ્રમુખની ચૂંટણીમાંથી ખસી ગયા. ગાંધીજીની ઈચ્છા મુજબ નેહરુને પ્રમુખ તરીકે બધાએ સર્વાનુમતે સ્વીકારવાનો આદેશ મળતાં સરદાર પટેલે પોતાની ઉમેદવારી પરત ખેંચી.

જવાહરલાલ નેહરુ કોંગ્રેસ પ્રમુખ બન્યા અને એ પછી આપમેળે દેશનું સુકાન સંભાળવા વડાપ્રધાન બન્યા.

આ સમયે ગાંધીજીએ રાષ્ટ્રીય ચળવળમાં પોતાની આગેવાની સ્વીકારનાર ઘણા બધા આગેવાનોની સભામાં આદેશ કર્યો કે આપણે જે માટે લડ્યા તેવી આઝાદી આ દેશને પ્રાપ્ત થઈ ગઈ છે તો હવે આ આઝાદીનાં મીઠાં ફળ દેશના દરેક નાગરિક ભોગવી શકે અને તે માટે જાગૃતિ કેળવાય તે માટે પ્રયત્ન કરીએ. ગામડે ગામડે જઈને લોકોને વાકેફ કરવા માટેના પ્રયાસમાં તેઓને જોડાઈ જવાની હાકલ ગાંધીજીએ કરી. જેમને સત્તા શું છે એ ખબર હતી, તેવા આગેવાનોએ સત્તા સંભાળ્યા બાદની જવાબદારી શું છે તે સમજીને પોતે રાજકીયક્ષેત્રે સેવા આપી. મોટાભાગના કાર્યકરો આથી સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાવાની તત્પરતા બતાવી. કેટલાક એવા સેવાભાવી લોકો હતા તેમણે જે આશ્રમો આઝાદીની ચળવળમાં સ્થપાયેલા હતા તેવા આશ્રમોમાં કાર્યરત રહી આશ્રમો ચાલુ રાખ્યા. કેટલાકે સ્વબળે લોકોને જાગૃત કરી આઝાદી બાદના પોતાના અને સમાજના વિકાસ માટે જાગૃતિ લાવવા પ્રયાસ કર્યો.

આવા જ એક પ્રયાસના ભાગરૂપે સરદાર સાહેબની પ્રેરણાથી ભાઈકાકા-ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ – સોજિત્રાના વતની અને ભીખાભાઈ કુબેરભાઈ પટેલ – કરમસદના વતની, ચરોતરના આ પ્રદેશમાં ઉચ્ચશિક્ષણની સુવિધાઓ ઊભી કરી સમાજઉત્થાનનું ભગીરથ કાર્ય કરવા માટે પ્રેરાયા અને ૧૯૪૫માં ચારુતર વિદ્યામંડળ નામની શૈક્ષણિક સંસ્થા ઊભી કરીને તેનું રજિસ્ટ્રેશન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ અને સોસાયટી એક્ટમાં કરાવીને સ્વપ્રયત્નોએ શિક્ષણની આ નગરી ઊભી કરવા માટેના એક મહાન યજ્ઞમાં જોડાયા. ૧૯૪૬ના માર્ચની ૩જી તારીખે તેમણે વલ્લભ વિદ્યાનગરની આ પવિત્ર ધરતી પર વસવાટ શરૂ કરીને પોતાના કાર્યની કૂચ આરંભી. આ દિવસ ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિન તરીકે છેલ્લાં ૬૮ વર્ષથી ઉજવતા રહ્યા છીએ. આ દિવસે આ ભગીરથ યજ્ઞમાં આહુતિ આપનાર કરમસદ, બાકરોલ અને આણંદ, મોગરીના ખેડૂતો અને દાનવીરો સાથે જ સરદાર વલ્લભભાઈ, ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને એચ.એમ. પટેલ સાહેબને યાદ કરીને તેમને અંજલિ અર્પવા વલ્લભ વિદ્યાનગરમાં શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષકો, આચાર્યો, નાગરિકો ભેગાં થઈ આ દિવસને ગૌરવવંતો ગણી ઉજવે છે. આ પવિત્ર દિવસ નિમિત્તે સૌને જે તે જવાબદારી ઉપાડવાની હોય તે માટે પ્રભુ શક્તિમાન બનાવે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

(૨૯ જાન્યુઆરી ૨૦૧૪)

સી.એલ.પટેલ

કૃપા કરો જાઉં વારી વારી જી,
વિવાહ ગાઉં મંગલ શુભકારીજી. ૧.

સોલ વરસના શ્રીગોકુલબિહારીજી,
શ્રી વિઠ્ઠલજીએ જોયું મન વિચારીજી . ૨

શોભાજીને વાત પૂછી શુભકારીજી,
શોભાજી તે બોલ્યાં વચન વિચારીજી. ૩.

વેણા ભટને ઘેર છે સુકુમારીજી,
રૂપ ગુણમાં તે રેઢિયાળીજી. ૪.

સાત વરસની છે સુકુમારીજી,
મીટડી તે ભરી ભરી નિહાળીજી. ૫.

સુંદરી તે મારા ચિત્તમાં આવીજી,
સજ્જન સહુકોને મન ભાવીજી. ૬

શ્રીવિઠ્ઠલજીએ એ કન્યા નિરધારીજી,
રૂપાંબાઈ જાએ વારી વારીજી. ૭

● રૂપાંબાઈ

## મહેનત કરીએ માધવજીની...

મહેનત કરીએ માધવજીની, મજૂરી ચોકખી આપે રે;
લખીને નામું એને સોંપીએ, પ્રાયશ્ચિત સઘળાં કાપે રે. મ.

લાલ અમારે હૈડે લાગ્યો, મુનિએ ના નિપજે જેહ રે;
દર્શનમાં દયા ઘણી મારી, લીલી કીધી દેહ રે. મ.

આપે મહિનો આવીને પોતે, શબ્દ તણો જે પાસ રે;
રૂપીઆ તો રૂદેમાં રાખ્યા, ટાળ્યા જમના ત્રાસ રે. મ.

માધવજી શાહુકાર અમારો, કરીએ ચાકરી તેની રે;
સારસની પેઠે બેઠો પોષે, કાસળ કાઢે સહુની રે. મ.

અમો ચાકર તમારાં પ્રભુજી, મહિનો આપજો સારો રે,
મારે શેઠ તમો શામળીઆ, ભવને પાર ઉતારો રે. મ.

એટલા માટે મહેનત માગું, ચોરાશી ફેરા ટાળો રે;
નાનીબાઈની મજૂરી એવી, મનવાંચ્છિત ફળ આલો રે. મ.

● નાનીબાઈ

## તારી નેણ કટારી મને લાગી રે...

તારી નેણ કટારી મને લાગી રે ઓ યાર, ઘાવ પડ્યો અંતરમાં
તે તો સાલે મને બહુ વેદનાએ વારંવાર, ઘાવ પડ્યો
અંતરમાં-ટેક.
મુખડું જોયું મેં મનમોહનનું, ત્યારથી લેહ મને લાગી રે
ઓ યાર; ઘાવ. ૧
ઘેલી થઈને હુંરુંરે ફરું છું, મનડું મારું તો વેરાગી રે
ઓ યાર; ઘાવ. ૨
એના વિના ચેન પડે ન મુજને, ઊઠું હું ઝબકીને જાગી રે
ઓ યાર; ઘાવ. ૩
નેહ લગાડ્યો જોતાની સાથે, કોણ એવો તે સોહાગી રે
ઓ યાર; ઘાવ. ૪
બાઈ રતનને ધ્યાન જો લાગ્યું, ભીડ કાયમદીને ભાગી રે
ઓ યાર; ઘાવ. ૫

● રતનબાઈ

## કોણ રે જાણે...

કોણ રે જાણે બીજું કોણ તો જાણે, મારી હાલ રે ફકીરી,
દેવાંગી વિનાનું બીજું કોણ રે જાણે.
માલમી વિનાનું બીજું કોણ તો જાણે...
જળની માછલિયું અમે પવનને સંચરિયું રે,
ખરી તો વરતી મારી લગીરે ન ડોલે...
મારી હાલ રે ફકીરી...
કાચનાં મોતીડાં અમે હીરા કરી જાણશું રે,
અઢારે વરણમાં મારા હીરલા ફરે...
મારી હાલ રે ફકીરી...
પરબે જાઉં તો મુંને શાદલ પીર મળિયા રે,
શાદલ મળ્યેથી મારાં નેણલાં ઠરે...
મારી હાલ રે ફકીરી...
ચોરાશી સિદ્ધોની ધૂણી પરબે બિરાજે રે,
સમરથ પુરુષ ભેળા રાસ રમે...
મારી હાલ રે ફકીરી...
ભગતિનો મારગ ઓલ્યા નુગરા શું જાણે રે,
સમજ્યાં વિનાના ઈ તો નોખાંનોખાં તાણે...
મારી હાલ રે ફકીરી...
દેવંગીપ્રતાપે સતી અમરબાઈ બોલ્યાં રે,
સમરથ સેવે તો રૂડી સાનું મળે...
મારી હાલ રે ફકીરી...

● અમરબાઈ

(૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે)

# એક જ કસોટી

(નવા પ્રજાસત્તાક ભારતના ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના ઉષાકાળે કરાયેલા સંકલ્પોનું એક સ્મરણ તાજું કરતાં)

જાનેવારીની ૨૬મી તારીખથી એક નવા યુગનું મંગલાચરણ થાય છે. રાજા વિનાના રાજ્યની કલ્પના કરી એ જ આપણા કરોડો લોકો માટે તદ્દન નવો અનુભવ છે.

આવા આપણા દેશબંધુઓને નામે અને અર્થે, વધારે ભણેલા, અનુકૂળતાઓ ભોગવનારા અને સંગઠિત થયેલા વર્ગોના આપણે થોડા લોકો ભારતને એક પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરીશું અને લોકશાહીના સ્વરૂપનું બંધારણ દાખલ કરીશું. કાયદામાં મતાધિકાર સાર્વત્રિક હશે, પરંતુ લાખો લોકો થોડા માણસોના હાથમાં માત્ર હાથા બનશે. એ કરોડો લોકો આજે વાચા વિનાના છે; તેમની બુદ્ધિ અને દૃષ્ટિની પહોંચ પણ ટૂંકી છે. જેમ તેઓ વરસાદને આકાશમાંથી પડતો જુએ છે અને તેથી પોતાના પાકને થતો ફાયદો કે બગાડ અનુભવે છે, છતાં જાણતા નથી કે વરસાદ કેવી રીતે થાય છે અને વાદળાંમાંથી કેમ પડે છે, તેવી જ રીતે તેમના પર અમલ ચલાવવાને સારા કે નરસા કાયદાઓ કોણ ઘડે છે તથા રાજના કારભારીઓને કોણ નીમે છે તે સમજતા નથી; તેઓ માત્ર તેનાં સારાં-માઠાં પરિણામો જ અનુભવે છે. તેમની જરૂરિયાતો થોડી અને સાદી છે અને તેટલી પણ જ્યારે સંતોષાતી નથી ત્યારે તેમની કમબખ્તી પૂરેપૂરી થાય છે. છતાં તેઓ પોતાના અજ્ઞાનમાં પોતાના નસીબ સિવાય કોઈને દોષ દેતા નથી, અને જ્યારે એ થોડી સાદી જરૂરિયાતો સંતોષાય છે ત્યારે આગલા દહાડા સુધી વેઠેલાં દુઃખો ભૂલી જાય છે અને પોતાના શાસનકર્તાઓની પૂજા કરે છે.

આવા કરોડો લોકોનું બનેલું આ નવું પ્રજાસત્તાક છે. આથી એ શાસનતંત્રનો સૌથી પહેલો ધર્મ આ કરોડોને સુખી કરવાનો છે. વધારે નહીં તો તેમને બે ટંક પૂરું ભોજન, કંઈ નહીં તો જાડાં કપડાં અને નાની ઝૂંપડી મળે, અને આ પણ કોઈને મફત તો આપી શકાશે નહીં તેથી, આવી સાદી અને થોડી જરૂરિયાતો તેઓ કમાઈ શકે તે માટે બીજાઓથી પહેલાં તેમને રોજી તથા ધંધો આપવાની રાજ્ય પર પ્રથમ જવાબદારી છે.

આ સાદી પ્રજાની પેઢીઓની પેઢીઓએ હિંદમાં શ્રીમંત માણસોની મોટી હવેલીઓની છાંયમાં સૈકાઓ કાઢ્યા છે, છતાં તેમાં રહેનારાઓની લક્ષ્મી અને એશઆરામ પ્રત્યે ઈર્ષાથી કદી જોયું નથી. ભવ્ય દરબાર અને મોટી વેપારી પેઢીઓ વગેરેનો વૈભવ ભોગવતા રાજા અને શેઠિયાઓની લક્ષ્મી પ્રત્યે તેમને રોષ નથી. ભારતની સાધનસામગ્રી પર આ લોકોનો પહેલો અધિકાર છે અને ભારતનો વહીવટ સંભાળનારાઓની તેમના પ્રત્યે સૌથી પહેલી ફરજ છે. પ્રધાનોએ આવા લોકોના રક્ષક બનવાનું છે. જુદા જુદા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી નોકરોની પહેલી ફરજ આ લોકોના હિતની રક્ષા કરવાની છે. જેમને જ્ઞાન, સંપત્તિ, સત્તા, શક્તિ કે બીજા લાભો મળ્યા હોય તેઓ બધા આ લોકો માટે કામ કરે એ અપેક્ષા છે. આપણી દરેક પ્રવૃત્તિને આપણે એ કસોટી પર કસી જોવાની છે કે એનાં પરિણામો હિંદનાં નાનાં ગામડાં અને જંગલોમાં રહેતા આ કરોડો લોકોના જીવન પર કયા આશીર્વાદ ઉતારશે.

**– કિશોરલાલ મશરૂવાળા**

## ગઝલ

● આબિદ ભટ્ટ

જોઈએ જે એ જ તો ભીતર નથી,
ચાર દીવાલો ચણી પણ ઘર નથી!

લે, લખી લે સૂર્ય દસ્તાવેજમાં,
કોણ કે'છે કલ્પનાને પર નથી!

આમ તો ઈન્સાનનો દાવો કરો,
પણ પુરાવો એક પણ નક્કર નથી.

ઓરડો અજવાળવાની છે ખુશી,
સૂર્યથી મારે કશી ટક્કર નથી.

જીવતા છો એમ તો સાબિત કરો,
દર્દ, પીડા, આંખમાં કળતર નથી!

રણ નહીં તો શું કહું, ઉપવન કહું?
ત્યાં બચ્યું એકેય તર, તરુવર નથી.

શું કરીશું ગામ જઈ ત્યાં એકલા?
પીપળો, પાદર અને સરવર નથી.

(નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ,
હિંમતનગર ૩૮૩ ૦૦૧, જિ. સાબરકાંઠા.
ફોનઃ ૦૨૭૭૨-૨૪૪૧૨૨. મો.: ૯૪૦૯૦૨૨૧૩૦)

## કરતી રહી

● નીલેશ પટેલ

વાદળી તો ગર્જના કરતી રહી,
બાતમી વરસાદની મળતી રહી.

મીણબત્તી રાતભર બળતી રહી,
એનું કદ નાનકડું કરતી રહી.

આગળીની વૃદ્ધિ તો અટકી ગઈ,
નખની લંબાઈ સતત વધતી રહી,

ગર્વ પંખી આભે ઉડવાનો કરે,
ધૂળ તો પાંખો વગર ઉડતી રહી.

જેમ માટી જળને તળિયે સાચવે,
એ મને આંખોમાં સાચવતી રહી.

ઓરડો એ વૃદ્ધ માણસનો હતો,
ભીંત પરતી કાંકરી ખરતી રહી.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત ૩૯૪ ૧૩૦.
મો.: ૯૯૦૯૬૩૨૨૯૧)

## મોભ હવે છે...

● મંગળ રાવળ 'સ્નેહાતુર'

મોભ હવે છે એકલવાયો પાદર પૂગી પછીત!
ઘરમાં ઘર છે એમ કે જાણે ગૂંગળાયેલું ગીત!

કોણે કેવું કામણ કીધું
કાંઈ સમજમાં ના'વ્યું;
સાવ અજાણ્યા નકશા ઉપર
નમણું નામ લખાવ્યું!

છૂંદણે પીધું સામૈયું ને નીતરતું નવનીત!
મોભ હવે છે એકલવાયો પાદર પૂગી પછીત!

ઊલેચતો'તો રામણદીવો
પીડાનાં પાતાળ;
હડસેલાતાં છોરું દીઠ્યાં
રસ્તે અંતરિયાળ!

હોવાપણનું પોતું ભૂંસતું પાથરણે મનમીત...
મોભ હવે છે એકલવાયો પાદર પૂગી પછીત!

ખાલીપાના ચૂડલે ખખડે
જોગ-વિજોગણ બા'રાં;
આખો દા'ડો ઉત્તર માગે
કોણ નઠારાં-સારાં?

એવી હાર વર્યા કે સૌને લાગે છે બસ જિત...
મોભ હવે છે એકલવાયો પાદર પૂગી પછીત!

(સર્વોદય આશ્રમ, સણાલી, તા. દાંતા, જિ. બનાસકાંઠા,
પીનઃ ૩૮૫ ૧૧૦. મો.: ૯૭૨૭૫૮૭૭૧૦)

● ફિલિપ ક્લાર્ક

ભીની ભીની લાગણીને સાવ કોરા અંગ છે;
આપનું મળવું થયું ના, એ જ કેવળ રંજ છે.

સાચવી'તી ઝણઝણાટી મેં ય તે કૈં સ્પહર્શની;
ને જડેલાં વીંટીએ પણ યાદનાં કૈં નંગ છે.

પ્રેમ ખાતર આપ તો ઝૂકી ગયાં'તાં આખરે;
જાળવ્યો વિવેક મેં ખુશી ય, અંગે અંગ છે.

આપણી લડત તોય, કેવી આજ પણ નાદાન છે;
''હા'' અને ''ના''ની, વચાળે જામતો કૈં જંગ છે.

દિવસે તો ના મળો પણ રાતના આવી ચડો;
સ્વપ્નમાં યે ઊડતા, આજે નવેનવ રંગ છે.

વાતને વરસો વીત્યાં પણ યાદ એની એ જ છે;
રોજ તાજી ફૂટે કૂંપળ ત્યાંય, તારો કંપ છે.

(પ્લોટઃ ૩૪૨/૨, સેક્ટરઃ ૨બી, ગાંધીનગર ૩૮૨ ૦૦૭
ફોનઃ ૦૭૯-૨૩૨૪૩૮૮૫)

## હોળી-ધુળેટીનો ગુલાલ

**પરમાનંદ ગાંધી**

*'ગમતું' મળે તો એને ગુંજે ન ભરીએ,*
*ને ગમતાનો કરીએ ગુલાલ,* (મકરન્દ દવે)

### પૌરાણિક સમજણ

ગુલાલવાળા હાથ કરીને, રંગની પિચકારીઓ કે કાદવથી ખરડાયેલા હાથ લઈને રંગથી રંગાયેલા કહો કે કાદવથી ખરડાયેલા, અશ્લીલ ભાષા બોલતા ઘેરૈયાઓ ધુળેટીના દિવસે બીજાઓને પણ પોતાની જેમ રંગવા ઉત્સુક હોય છે.

પરંતુ આપણા ધુળેટીના ઉત્સવ પાછળ એક સુંદર મનોવૈજ્ઞાનિક કારણ છે. જો કે આજે આ ઉત્સવ અતિ વિકૃત થયો છે; પરંતુ કારણ ધ્યાનમાં આવશે તો ધુળેટીના આ દેખીતા ગાંડપણમાં તથ્ય લાગશે; અને સંભવ છે કે આપણે પણ ઉત્સાહમાં આવી જઈને ગુલાલના રંગે રંગાઈ જઈશું.

ફાગણ સુદ પૂનમે હોળી પ્રગટી એની પાછળ એક પૌરાણિક સમજણ છે. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને સજા ફટકારી કે 'એને જીવતો બાળી નાખો.' પરંતુ ખડકેલી ચિતામાંથી તે ભાગી જાય તો? હિરણ્યકશિપુની બહેન હોલિકાને હુકમ થયો કે તેણે પ્રહ્લાદને ખોળામાં પકડી રાખી ચિતામાં બેસવું; કારણ કે તેને વરદાન હતું કે તે સત્ વૃત્તિનો વિરોધ નહિ કરે, ભગવદ્ ભક્તને નહીં કનડે તો અગ્નિ તેને નહીં બાળે. પરંતુ રાજઆજ્ઞાનું ફરમાન થયું. બિચારી હોલિકા! પ્રહ્લાદને લઈને ચિતા પર બેઠી. પ્રહ્લાદને ખોળામાં લીધો. ચિતા સળગી. હોલિકા બળવા લાગી પણ પ્રહ્લાદને આંચ ન આવી.

અસત્ વૃત્તિની, અસત્ અને આસુરી વિચારને સાથ આપનારી હોલિકા બળીને ખલાસ થઈ અને ભગવદ્ ભક્ત પ્રહ્લાદે પણ કાળના પેટમાં વિદાય લીધી. પરંતુ આજે પ્રત્યેકના મનમાં આસુરી વૃત્તિની રાક્ષસી અને પાશવી વૃત્તિને સાથ આપનારી હોલિકા જીવતી જ છે અને નાના અમસ્તા પ્રહ્લાદના પ્રતીક રૂપે સદ્‌વિચાર, સદ્‌ભાવના, દૈવી વૃત્તિ પણ છે. માનવી મનમાં અનાદિ કાળથી દૈવાસુર સંગ્રામ ચાલે છે. માનવી મનની મહદ્ વૃત્તિ પણ બે જ છે ને!

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च । (ભ.ગી. ૧૬/૬)

આ સૃષ્ટિમાં દૈવી અને આસુરી એવી બે જ વિચારધારાઓ છે. સામાન્યતઃ આસુરી વાતાવરણમાં પરિબળો માનવીને અસદ્ માર્ગ તરફ ખેંચી જાય છે. તેમાથી બચવા માટે પોતામાં રહેલી બધી જ અસત્ વૃત્તિને, વિકૃતિને, વ્યસનો અને કુટેવોને હોળીમાં બાળી નાખવાની, તે અસત્ છે, આસુરી છે તેથી હોલિકાની જેમ તે બળી જશે એ શ્રદ્ધાથી, એ ભાવનાથી — અને ખૂણે બેસી રહેલા સુદ્વિચારોનું, સદ્‌વૃત્તિનું રક્ષણ કરવાનું. બીજે દિવસે અસદ્ વૃત્તિની પાશવી ચૂડમાંથી મુક્ત થયેલા સૌ કોઈ ઉમંગમાં, ઉલ્લાસમાં મુક્ત મને નાચે ગાય, આનંદને હિલોળે ચડી જીવનનો ગુલાલ ઉડાડે. એનું પ્રતીક એટલે જ ધુળેટીનો ગુલાલ.

### ધુળેટી પાછળનું હાર્દ

પ્રત્યેક સમાજમાં તહેવારો અને ઉત્સવો પરંપરાગત ચાલ્યા આવે છે અને પ્રત્યેક તહેવાર પાછળ કોઈ અર્થપૂર્ણ દૃષ્ટિ હોય છે; અર્થાત્ તેનું આંધળું અનુકરણ, માનવીને વિનિપાત તરફ જ ઘસડી જાય છે. પરંતુ સમજણપૂર્વક આચરણ કરવામાં આવે તો વ્યક્તિ અને સમાજ બંનેને વિકાસને પંથે લઈ જાય, સંસ્કૃતિ ખીલે અને સમાજ સુવાસિત બને. ધુળેટીનો તહેવાર પણ આ રીતનો જ છે.

આગલી રાતે જ આસુરી વૃત્તિને ભડભડતી ચિતામાં હોમી દીધી છે ત્યારે હળવું ફૂલ થયેલું; પાશવી

ચુંગાલમાંથી મુક્ત થયેલું, જીવનના નવા રાહે આગળ કદમ માંડવા થનગની રહેલું મન મસ્તીમાં ન ઝૂમે? આનંદને હિલોળે ન ચડે? જીવનનો બધો જ બોજ ક્ષણભર માટે ભૂલી મસ્ત થઈને ન નાચે? જીવનમાં અબીલ ગુલાલનો છંટકાવ કરી વાતાવરણમાં એકરૂપ ન બને?

માણસે હળવાફૂલ બનીને આનંદને હિલોળે ચડવું જરૂરી છે. કામ, કામ, અને કામ! ક્ષણભર, માટે ચડેલા એ કામના ટોપલા ઉતારી બાલસહજ નિર્દોષ આનંદ-મસ્તીમાં તરબોળ થવું પણ અત્યાવશ્યક છે. અને તેથી જ વસંતે ખિલાવેલા કેસૂડાના રંગથી જીવનને કેસરીયું બનાવવાનું, ગ્રીષ્મની ગરમીના દાહક રોગોથી બચવા કેસૂડાનું સ્નાન કરવાનું, તેનાથી ભીંજાવાનું, એકબીજાને નિર્દોષ મીઠાં મધ જેવા તોફાનમસ્તી કરતાં કેસૂડાથી પલાળવાના, ગુલાલનો આછો છંટકાવ કરી વાતાવરણને ગુલાબી બનાવવાનું, લાલ રંગીલું વાતાવરણ નિર્માણ કરવાનું. માનવી મનનું જનસમુદાયનું પ્રતિબિંબ પાડતો આ ઉત્સવ સાચે જ અનેરો છે.

**ધુળેટીનો ગુલાલ**

વાસ્તવિક 'ધૂળેટીનો ગુલાલ' એ બને શબ્દો વિસંવાદી છે. ધૂળ અને ગુલાલ એ બંને ભેગા કેમ રહી શકે? પરંતુ સમાજના માનસનું એમાં પ્રતિબિંબ છે. સમાજમાં ધૂળાટિયા વૃત્તિના માનવો અને ગુલાબી વૃત્તિના માનવો હોય છે. એ ધૂળાટિયા વૃત્તિને હોળીમાં બાળી, ગુલાબી વૃત્તિને ટકાવવાનો, અંદર આટલા વખતથી ગૂંગળામણ અનુભવતી એ વૃત્તિને બહાર કાઢવાનો દિવસ-ઉત્સવ એટલે ધુળેટી.

માનવી મનના દોષોને, વર્ષભર થયેલાં પાતકોને, વિકૃતિઓને, હોળીમાં ઠાલવવાને બદલે આજે તેની 'બૂ' સમાજમાં નિર્લજ્જ થઈને પ્રસરાવીએ છીએ. અશ્લીલતા અને બીભત્સતા ખલાસ કરવાને બદલે હોળી-ધુળેટીને નામે વધુ અશ્લીલ-બીભત્સ બનીએ છીએ. ફાગળનાં કેસૂડાં અને ગુલાલને બદલે બીભત્સ થયેલું માનવી મન કાદવ કીચડ ઉછાળે છે. ધૂળ ફેંકે છે. તેથી જ કદાચ ફાગણના રંગભર્યા ઉત્સવને ધુળેટી કહીને હલકો પાડ્યો છે.


શિષ્ટ સમાજના આપણે, આની પાછળ રહેલી ભાવના સમજીએ. આપણા ઉત્સાહ અને ઉમંગને શિસ્તમાં વહેતો મૂકીએ. પૂનમની અજવાળી રાતે દાંડિયા રાસની રમઝટ બોલાવીએ, કોપરું અને ખજૂરની લહાણ માણીએ, રંગોત્સવમાં રંગાઈ અશ્લીલતાના કાળા કાદવને દૂર રાખી, અસદ્‌વૃત્તિનું દમન કરી, અદમ્ય ઉત્સાહ અને આનંદથી જીવનના સત્ રાહ પર મક્કમતાથી આગળ વધીએ. બધા સાથે મળવાનું, અને છતાં પોતાની જાત સાથે તદાકાર થવાનું. રાજેન્દ્ર શાહની પંક્તિ છે,

*'હો બાજે ઢોલક, ડફ બાંસુરિયાં*
*વસંતરો રત ગાવૈ, રી*
*હો કોઈ કિસી કી સુન નહીં પાવૈ*
*નચાવૈ રી.'*

હોળી અને ધુળેટીનો ઉત્સવ એટલે માનવી મનને માંજવાનો ઉત્સવ છે. જીવનમાં પવિત્રતા લાવવાનો ઉત્સાહ છે. આસુરી વૃત્તિને હાથે પુરાયેલી જીવનની રંગીન વૃત્તિને, ગુલાબી વૃત્તિને મોકળા મને વહેતી મૂકવાનો ઉત્સવ છે, અને તેથી જ તો તેના પ્રતીક તરીકે ગુલાલનો છંટકાવ કરવાનો.

હળવાં, નિર્દોષ, મીઠાં, તોફાનમસ્તી કરી જીવનને ઉત્સહી બનાવવાનો, માનસિક બોજાને દૂર ફગાવી જીવનને પ્રફુલ્લિત બનાવવાનો અને ઘરડા અને ઉદાસ થયેલા મનને, શારીરિક યૌવન તો નહિ પણ માનસિક યૌવન બક્ષી આનંદમાં ઝૂમતું કરવાનો ઉત્સવ એટલે ધુળેટીનો ઉત્સવ. સદ્‌વૃત્તિનું ઐક્ય સાધી તેને નાચતી કરવાનો ઉત્સવ એટલે ધુળેટીનો ઉત્સવ.

('આપણો સાંસ્કૃતિ વારસો'માંથી)



# આજીવન શિક્ષક, આજીવન વિદ્યાર્થી

પ્રાગજીભાઈ ભામ્ભી

માન્યામાં ન આવે તોયે માનવું જ રહ્યું કે હજારો વિદ્યાર્થીઓના શિક્ષક અને વયના છણુમાં વર્ષ લગી લગાતાર સંનિષ્ઠ વિદ્યાર્થી રહેલા મારા વિદ્યાગુરુ ડૉ. ધીરુભાઈ ઠાકર, જેમને અમે તેમના વિદ્યાર્થીઓ, સાહેબ કહેતા આવ્યા છીએ, તેમનું અવસાન થયું છે, હવે સાહેબના નામની આગળ કદી મિટાવી ન શકાય તેવું 'સ્વ.' લાગી ગયું છે.

એક જીવનમાં માણસ એક જ યાદગાર કામ કરી જાય તો પણ માણસજાત માટેના એના પ્રદાનને ઓછું ન આંકી શકાય. એક જીવનમાં, એક જ ક્ષેત્રમાં એક જ કામ કરી જનારને પણ એ કામ એ ક્ષેત્રનું યાદગાર કામ હોય તો લોકો એને લાંબા સમય સુધી યાદ કરતા હોય છે. સાહેબને ખાતે તો ગુજરાતી સાહિત્યના ક્ષેત્રના પણ ત્રણ ગંજાવર કામો જમા છે. ભલે નિમિત્ત પીએચ.ડી.ની ડિગ્રીનું રહ્યું પણ એ નિમિત્તે તેમણે એક દસકો તપી, આપણી ભાષાના પ્રથમ પંક્તિના સાહિત્યકાર, આપણી ગિર્વાણ ગિરા સંસ્કૃતના પ્રકાણ્ડ પંડિત અને વેદાંતનિષ્ઠ તત્ત્વચિંતક મણિલાલ નભુભાઈ દ્વિવેદીની સાહિત્યકાર, કેળવણીકાર અને વેદાંતતત્ત્વચિંતક લેખેની ઉપલબ્ધિને મૂલવી આપી. સાક્ષરવર્ષ પ્રો. મણિલાલની આ રીતની મુલવણી ધીરુભાઈએ ન કરી હોત તો કદાચ એ કામ આપણી ભાષામાં તો બાકી જ રહ્યું હોત. બીજું, તેમનું વર્ષોનું તપ સાહિત્યના ઇતિહાસલેખક તરીકેનું છે. ખાસ તો અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસલેખક તરીકેનું. જરા પણ અતિશયોક્તિ વિના કહી શકાય કે ગુજરાતી સાહિત્યના ઇતિહાસ લેખનમાં આજ લગી રાવળસાહેબ (અનંતરાય મ. રાવળ)નું પુસ્તક 'ગુજરાતી સાહિત્યઃ મધ્યકાલીન' ટોચ પર રહ્યું છે એ જ રીતે ડૉ. ધીરુભાઈ ઠાકરનું પુસ્તક 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' પણ ટોચ પર જ રહ્યું છે.

ગુજરાતી સાહિત્ય આધુનિક પંથપ્રવર્તક સાહિત્યસેવી ડૉ. સુરેશ જોષીથી માંડી મારા જેવા અદના સાહિત્યના વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો છે. સરદાર, રુચિ, ન્યાયી ઇતિહાસ દૃષ્ટિ અને વિવેકપૂત મૂલ્યાંકનથી ધીરુભાઈકૃત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા' સાહિત્યના ઇતિહાસ ક્ષેત્રે આપણી ધરોહર બની છે. અને એક આખી પચીસીનું સાહેબનું વિદ્યાતપ તો ગુજરાતી ભાષામાં રચાયેલો વિશ્વકોશ. તેમાં તો સાહેબ સાહિત્યની પાળને પણ ઓળંગી ગયા છે. માનવજાતે અનેક વિષયોમાં, જાળવી રાખીને જીવનમાં ઉપયોજવા જેવું, જે જ્ઞાનસંચિત કરેલું છે. યથાવશ્યક, સમુચિત પરિચય આપવાનું કામ વિશ્વકોશના ગ્રંથોએ કર્યું છે. બેશક, એ કામ સાહેબે એકલા હાથે નથી કર્યું, એમાં ઝાઝા હાથ રળિયામણા બન્યા છે. ઝાઝાં મસ્તિષ્કની એ ગંજાવર કામગીરી છે. પણ સાહેબ યોજક બન્યા. યોજક વગર તો કામ દુર્લભ રહેતું હોય છે. કેવા કેવા વિદ્વાનો એમણે શોધ્યા ને તેમની પાસેથી કામ લીધું, તેનોય એક અભ્યાસ કરવા જોગ છે. ઉત્તમ રીતે જ ધીરુભાઈએ વિશ્વકોશના કામને જગન્નાથના રથને ખેંચવાના કામ સાથે સરખાવ્યું છે. સાહિત્યનાં વિવિધ ક્ષેત્રો, પાસાંની ઓળખ એમાં આવે જ પણ અનેક વિષયોની જાણકારીને આલેખવા માટે ગુજરાતી ભાષાને જે પળોટવી પડી, અનેકાનેક પારિભાષિક સંજ્ઞાઓ યોજવી પડી તેમ ગુજરાતી ભાષા ખેડાઈને સવિશેષ અભિવ્યક્તિક્ષમ બની છે. વિષય ગમે તે હોયઃ કેન્સર, વીજળી, કમ્પ્યુટર કે માર્ક્સવાદ – તે તે અધિકરણ લેખન તે તે વિષયના તજ્જ્ઞનું જ હોય પણ એના શબ્દે શબ્દ પર સાહેબની નજર તો ફરે જ અને આવશ્યક બન્યું ત્યાં આલેખન પરત્વે સાહેબ સમારકામ પણ કરે જ. વિશ્વકોશ વિકસતો ગયો, નિયત ગ્રંથશ્રેણી સંપન્ન બની. વિશ્વકોશનો ઇતિહાસ લખાશે ત્યારે તે

ક્ષેત્રના સાહેબના પ્રદાનને સૌથી ઉપર જ મૂકવામાં આવશે તેમાં જરાયે શંકાને સ્થાન નથી.

આ ત્રણ કામો સાહેબ કરી શક્યા તેની પાછળનો ધક્કો તો તેમની વિદ્યાનિષ્ઠા. ગુજરાતી ભાષામાં અમુક ક્ષેત્રનું કામ પોતે નહિ કરે તો કદાચ એ મહત્ત્વનું કામ રહી જશે એવી પ્રતીતિથી તેમણે તે તે ક્ષેત્રનાં કામોને હાથ પર લીધાં છે. એણને માનઅકરામ નથી મળ્યાં તેમ તો ન કહી શકાય પણ ભારતીય સાહિત્ય અકાદમી તરફથી તો કદર નથી જ થઈ! રણજિતરામ સુવર્ણચંદ્રક પણ કેટલો મોડો મળ્યો? અને પદ્મભૂષણનો ખિતાબ તો એટલો બધો મોડો પડ્યો કે એ જોવા સાહેબ તો રહ્યા જ નહિ! અને છતાં સાહેબ તો યાદગાર બની ગયા. ભાષાસાહિત્ય અને જ્ઞાનના ક્ષેત્રની તેમની સુદીર્ઘ સેવાથી વિશ્વકોશના મહાયજ્ઞ કાર્યમાં તો તેમના કેટકેટલા વિદ્યાર્થીઓ જોડાયા? એક ભગીરથ કામ સાહેબે સુયોજિત તરીકાથી નિયત મુદતમાં સફળતાપૂર્વક પાર પાડ્યું!

આ પુરુષાર્થની પાછળ રહ્યું છે તેમનું આજીવન શિક્ષકપણું ને વિદ્યાર્થીપણું. મણિલાલનું અધ્યયન પણ તેનું પરિણામ અને સાહિત્યનો ઈતિહાસ તથા વિશ્વકોશ પણ. આ સતત જાગરૂક વિદ્યાર્થીએ તેનું શિક્ષકપણું ઉજાળ્યું ને તેણે ફરી વિદ્યાર્થીપણું પણ તેજવંતું કર્યું.

સાહેબના શિક્ષકપણાનું એક બીજું પરિણામ પણ મહત્ત્વનું છે. તે છે મોડાસા કૉલેજનો ઉદ્ભવ અને વિકાસ. મુંબઈ અને અમદાવાદ જેવાં મહાનગરોનો નિવાસી અધ્યાપક ત્યાંની મોટી નામી કૉલેજોમાં અધ્યાપન કર્યા બાદ બેતાલીસની વયે મોડાસા જેવા ગ્રામ્ય વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ આપતી કૉલેજનો પ્રારંભ કરી તેનું નેતૃત્વ કરે અને પોતાની સાઠ વરસની નિવૃત્તિ વય સુધી ત્યાં જ સમાધિ લગાવીને બેસી જાય અને પરિણામે મોડાસાનું એ કૉલેજ કેમ્પસ ગુજરાતના ઉચ્ચ શિક્ષણના નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે એ ઓછી ઉપલબ્ધિ ન ગણાય. મારા જેવા વિદ્યાર્થીઓ તો સાહેબના માર્ગદર્શનમાં મોડાસામાંથી જ નીકળ્યા. મારી વાત જવા દઈએ તો હોનહાર વિદ્યાર્થીઓની વાત કરીએ તો ડૉ. પ્રવીણ દરજી અને ડૉ. મણિલાલ હ. પટેલ તો મોડાસા કૉલેજે પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિ પર તમગા રૂપે બિરાજે છે. ધીરુભાઈની પંક્તિમાં શોભે એવા જ વિદ્વાન, એવા જ સફળ શિક્ષક અને સાહિત્યકાર પણ.

મારી ઉપસ્થિતિમાં, એક વાર, વિશ્વકોશ સર્જનમાં જેમનું પણ મહત્ત્વનું અર્પણ છે તે ચંદ્રકાન્ત શેઠે, સાહેબની ચેમ્બરમાં બેસીને એમને કહેલુંઃ ‘સાહેબ, તમારા વિદ્યાર્થીઓ જબરા. કાચા ન પડે.’

સાહેબે પણ જબરો જ જવાબ વાળેલોઃ ‘તમે પણ મારા જ વિદ્યાર્થી છો ને!’

જેમ મોટી કોઢમાં મોટા ઘડામણકાર્યમાં જે છોડિયાં પડે તે પણ કીમતી હોય તેમ વિશ્વકોશના કાર્યમાં રત સાહેબની કલમમાંથી ‘સત્યની મુખોમુખ’ (ચીલીના નોબેલ પારિતોષિક વિજેતા કવિ પાબ્લો નેરુદાએ લખેલી સંસ્મરણકથાનો અંગ્રેજીમાંથી ગુજરાતી અનુવાદ, ‘સાહિત્યિક વિવાદો’, ‘ગાંધીજી અને પાંચ સાક્ષરો’, ‘પ્રસંગમાધુરી’ જેવાં પુસ્તકો એક પછી એક પ્રગટતાં જ રહ્યાં. એમાં છેલ્લાં બે તો એક જ વરસમાં પ્રકાશિત થયેલાં છે. આ બધાં પુસ્તકો તેમની નેવું વરસની વય પછીનાં છે.

છેલ્લા કેટલાક દિવસથી સાહેબ ખૂબ અસ્વસ્થ રહ્યા. તે દિવસોમાં હું તેમને મળી ન શક્યો. મારી છેલ્લી મુલાકાત તો ૨૫ માર્ચ ૨૦૧૩ના દિવસે થઈ હતી. પણ મણિલાલે કહ્યું તે મેં સાંભળ્યું કે સાહેબ ફોન પર બોલી રહ્યા હતાઃ ‘અમે તો આ ચાલ્યા’ – મણિલાલ જેવા કવિનું જ ધ્યાન જાય કે એ છ અક્ષરો શિખરિણીમાં મઢાયેલા હતા.

કોઈ પણ અમર નથી, સૌને મરવાનું છે, એ તો જાણીતી વાત છે. હું તો ત્યાં સુધી કહીશ કે કોઈનીએ કીર્તિ પણ અમર નથી. પ્રદાન પણ અમર નથી. સદાને માટે તો નથી જ. કોઈની કીર્તિ પાંચ વરસ ટકે, કોઈની પાંચસો વરસ કે કોઈની પાંચ હજાર વરસ, આખરે એનો પણ છેડો તો આવે જ છે. આપણે કહીશું કે સાહેબ, ધીરુભાઈ ઠાકર આપણા જેવા જ માણસ હતા પણ ભાવના રહો કે તેઓ ૯૬ વરસ પૂરાં કરે ને તે પછી પણ આ દુનિયામાં આપણી સાથે રહે ને આપણને આપણે ઇચ્છીએ તે ક્ષેત્રમાં લાંબો સમય ટકે એવી કામગીરી માટે આપણને પ્રેરે. સંબંધો તો, હું વિદ્વાન નહિ હોવા છતાં, તેમની સાથે, મારે નિકટના હતા. હું એમનો અંતેવાસી હતો, એમ પણ કહી શકું. પણ એ જીવી ગયા ને મારે તો હજી બાકી છે!

(૯૨, શારદાકુંજ સોસાયટી, કેનાલ રોડ,
હિંમતનગર – ૩૮૩ ૦૦૧, જિ. સાબરકાંઠા.
મો.: ૯૪૨૮૦૦૨૦૩૪)

# સરદાર પટેલનું પૂનર્મૂલ્યાંકન

હરિ દેસાઈ

**(ગુજરાત ઈતિહાસ પરિષદના ખેરાળુ કોલેજના યજમાનપદે ખેરાળુ ખાતે શનિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ યોજાયેલા ૨૦મા જ્ઞાનસત્રમાં રજૂ થયેલા ચાવીરૂપ વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત સરદાર પટેલની પ્રેરણાથી ચારુતર વિદ્યામંડળની સ્થાપના કરનાર અને વલ્લભ વિદ્યાનરના વિશ્વકર્મા તેમજ ઈતિહાસ અધ્યયનમાં વિશેષ રુચિ ધરાવનાર શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ(ભાઈકાકા)ની પ્રેરણાથી સ્થપાયેલી ગુજરાત ઈતિહાસ પરિષદનું ૨૦મું જ્ઞાનસત્ર મારા વતન અને જન્મસ્થળ એવા ઐતિહાસિક નગર ખેરાળુમાં આર્ટ્સ અને કોમર્સ કૉલેજના યજમાનપદે મળી રહ્યું હોવાનો સુભગ સંયોગ છે. મને જ્ઞાનસત્રમાં સરદાર પટેલના પુનર્મૂલ્યાંકન વિશે ચાવીરૂપ વ્યાખ્યાન આપવા માટે નિમંત્રવામાં આવ્યો એને મારું સૌભાગ્ય લેખું છું. ગુજરાત ઈતિહાસ પરિષદના સૂત્રધારો અને યજમાન સંસ્થાના સ્વજનોનો આભાર માનું છું.

આજે ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ એવા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલે ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપનાના પ્રેરણાપુરુષ એવા સરદાર પટેલના ઋણસ્વીકાર(ટ્રિબ્યૂટ) તરીકે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો પર સંશોધન કરનારી સમગ્ર દેશની સૌપ્રથમ અને આજ લગી એકમાત્ર એવી સંશોધન સંસ્થાના સંસ્થાપક નિયામક તરીકે મને વર્ષ ૨૦૦૮ના ઉત્તરાર્ધમાં નિમંત્ર્યો એને મારા જીવનની સૌથી સાર્થક ક્ષણ લેખું છું. ભાઈકાકાસંસ્થાપિત સરદાર પટેલ યુનિવર્સિટીસંલગ્ન મારી સંશોધન સંસ્થામાં સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે ઈતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં એમ.ફિલ અને પીએચ.ડી.ના અભ્યાસક્રમ ચલાવવા ઉપરાંત દેશ-વિદેશના સંશોધકો અને વિદ્વાનોને વૈશ્વિક સ્તરે જેમના અભ્યાસ-સંશોધનની ખૂબ જ આવશ્યકતા છે એવા સરદાર સાહેબ વિશે સંશોધન-અધ્યયનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની ખૂબ જ મોકળાશ ચારુતર વિદ્યામંડળે અમોને બક્ષી છે.

વતન ખેરાળુમાં ઈતિહાસવિદો સમક્ષ સરદાર પટેલ વિશે વાત કરવાની હોય ત્યારે હરખ અને સંકોચની મિશ્ર લાગણી થવી સ્વાભાવિક છે. જો કે પ્રા.કે.કા. શાસ્ત્રી જેવા આપણા સૌને માટે સંશોધનના પ્રેરણાપુરુષે ખેરાળુ નગરની મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં પધારી ૧૯૯૨માં 'ખેરાળુ : ઈતિહાસમાં ડોકિયું' વ્યાખ્યાન આપીને ૮૯૬ વર્ષ પૂર્વે રવિવાર, ૧૦ ફેબ્રુઆરી ૧૧૧૮ના રોજ (સંવત ૧૧૭૪ની ચૈત્ર વદ-૧) સ્થપાયેલા ખેરાળુ નગરને ભવ્ય અંજલિ અર્પી હતી. તેમણે સંશોધકોને વધુ કામ કરવાની કરેલી અપીલ હજુ ઊભી જ છે. એ વાતનો ઉલ્લેખ આ તબક્કે કરું ત્યારે મારા ચિત્ર અને ઈતિહાસના શિક્ષક મુરબ્બી શ્રી હેમરાજભાઈ દેસાઈ અને સદ્‌ગત શિક્ષક શ્રી ઉમેદખાન બહેલીમ, નિવૃત્ત આચાર્યશ્રી પોપટલાલ બ્રહ્મભટ્ટ અને ખેરાળુના ઈતિહાસ અને વર્તમાનને વેબ પર મૂકીને વિશ્વ સુધી પહોંચાડનાર જિતેન્દ્ર પંડ્યાની સાથે જ આ વક્તાએ પણ વિશેષ જવાબદારી અદા કરવાની રહે છે એનો સાહજિક વિચાર પણ આ ક્ષણે આવે છે.

•

પ્રારંભે જ થોડીક ચોખવટ કરી લેવાની રજા લઉં છું. પ્રથમ, મુંબઈમાં પત્રકારત્વનાં વર્ષોમાં અમોએ મૂળ મહેસાણાના પટેલની એક ઘા ને બે કટકાની શૈલીને અનુસરવાની સાથે વિવેકની મર્યાદાનો લોપ ના થાય એની તકેદારી રાખવાનું યોગ્ય લેખ્યું હતું. એ જ રીતે સરદારનાં વિશ્લેષણો, અર્થઘટન કે મૂલ્યાંકનની પ્રક્રિયામાં ભાવાવેશમાં આવ્યા વિના તથ્યાધારિત વાત મૂકવાનું મને ગમશે. મારે સરદાર પટેલને ભગવાનના દરજ્જામાં મૂકવાના નથી અને સાથે જ ગાંધીજી કે નેહરુને હીણા ચીતરીને સરદાર પટેલને મહાનાયક તરીકે રજૂ કરવાના નથી. નડિયાદના દેસાઈ વગોમાં ૩૦ એપ્રિલ કે ૭ મે ૧૮૭૬ના રોજ જન્મેલા (સત્તાવાર રીતે આપણે જેમની જન્મતારીખ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ગણીને ઉજવીએ છીએ) કરમસદના વતની વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ સામાન્ય ખેડૂત પરિવારના ફરજંદમાંથી અસાધારણ વ્યક્તિ તરીકે રાષ્ટ્રીય ફલક પર ઉપસ્યા અને આઝાદીમાં પ્રારંભિક વર્ષોમાં જ રાષ્ટ્ર નિર્માણનું મોંઘેરું

યોગદાન કરીને ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ માત્ર રૂપિયા ૨૬૨ના બેંકબેલેન્સના રેકોર્ડ સાથે આ ફાની દુનિયાને છોડી ગયા. એમનું વ્યક્તિત્વ તો વિશાળ સમુંદર જેવું છે, પણ એમના વ્યક્તિત્વનાં થોડાંક પાસાં લઈને યથાશક્તિ એમના યોગદાનને મૂલવવાની કોશિશ કરીશ.

બીજું, બાળપણમાં પિતાની આંગળી પકડીને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શને જતા વલ્લભમાંથી ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહને નેતૃત્વ પૂરું પાડીને રાષ્ટ્રીય ફલક પર 'સરદાર' તરીકે ઉપસેલા અને છેક ૧૯૫૦ સુધી છવાઈ ગયેલા વલ્લભભાઈ પટેલ ભાગ્યે જ કોઈ દેવાલયોમાં આસ્તિક ભાવે દર્શને જતા જોવા મળ્યા છે. સોમનાથના જીર્ણોદ્ધારમાં ક.મા. મુનશીએ એમને જોતર્યા ત્યારે એ હિંદુ મંદિરને બદલે રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીકના જીર્ણોદ્ધારના પક્ષધર હતા એવું દૃઢ થાય છે. સાથે જ અંતરંગ સ્વજન શ્રી ઘનશ્યામદાસ બિરલાના ભારતને હિંદુરાષ્ટ્ર ઘોષિત કરવાના આગ્રહને ફગાવતાં સરદાર પટેલ હિંદુસ્તાનને હિંદુઓની સાથે જ મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, પારસીઓ સહિત સર્વેનો દેશ લેખવાનું પસંદ કરે છે. મુસ્લિમો અને અન્ય લઘુમતીઓની રક્ષાની જવાબદારી બહુમતીને શિરે એટલે કે હિંદુઓને શિરે હોવાનું એ સદૈવ કહેતા અને માનતા રહ્યા હતા. એમના શબ્દોમાં 'હિંદુરાષ્ટ્ર એ ગાંડાઓનો ખ્યાલ' હતો એટલે એમને હિંદુ નેતા લેખાવવા પાછળ આ મહાન નેતાને અન્યાય કરવા જેવું બનતું જોવા મળે છે. છત્રપતિ શિવાજી મહારાજના 'હિન્દવી સ્વરાજ'ના ખ્યાલને 'હિંદુ સ્વરાજ' લેખાવવા પાછળ જેવા અટકચાળા થાય છે એવું જ કાંઈક સરદાર પટેલને હિંદુનેતાના વાઘા પહેરાવનારાઓ થકી થાય છે.

ત્રીજું, સરદાર પટેલ જીવ્યા પણ રાષ્ટ્ર કાજે અને મર્યા પણ રાષ્ટ્રને કાજે. એમણે જીવતે જીવ ત્યાગનાં અનેક ઉદાહરણ પૂરાં પાડ્યાં, પણ એમને વડાપ્રધાન નહીં બનાવવામાં અન્યાય થયાની વાત એમણે ના તો ૧૯૪૬માં કોંગ્રેસ પ્રમુખની વરણી વેળા નેહરુના ટેકામાં પોતાની ઉમેદવારી પાછી ખેંચ્યા પછી કોઈને કહી છે કે ના મણિબહેને પોતાને આવું કાંઈ સરદારે કહ્યાનું ક્યાંય નોંધ્યું છે.

ચોથું, સરદાર પટેલે મોહમ્મદ અલી ઝીણાના પાકિસ્તાનના સર્જનને 'સડેલા અંગને કાપી ફેંકી દેવું પડે છે' એવું લેખાવ્યું હતું છતાં પાકિસ્તાનના વિકાસ માટે અને સુખાકારી માટે કામના કરવા જેટલી દરિયાદિલી સરદારે દર્શાવી હતી. સાથે જ 'તે કોઈ અટકચાળા કરશે તો ખોખરું કરી નાંખીશું' એવી ચીમકી પણ જરૂર ઉચ્ચારી હતી. લખનઉ સરદારના બહુચર્ચિત ભાષણમાં એમણે 'પાકિસ્તાન ભણી નિષ્ઠા ધરાવનારા મુસ્લિમોને પાકિસ્તાન ચાલ્યા જવાની' વાત સુણાવી હતી અને ' દો કસ્તી કી સવારી'ને અનુચિત લેખાવી હતી. ગાંધીજીની કાનભંભેરણી કરનારાઓએ સરદારના આ ભાષણનાં વિકૃત અર્થઘટન કરીને સરદારને ખૂબ દુઃખ પહોંચાડ્યું હતું.

પાંચમું, સરદાર પટેલને પંડિત નેહરુ અને મહાત્મા ગાંધી સાથે મતભેદ હતા, એ મતભેદો મોકળાશથી એકમેક સમક્ષ રજૂ કરી શકવા જેટલી પ્રામાણિકતા અને પારદર્શકતા સ્વરાજપ્રાપ્તિની આ મહાન ત્રિપુટી કને હતી. મતભેદો એટલા વ્યાપક નહોતા કે પછી હોદ્દાઓ કે સત્તા માટેની એમની દોટ એટલી આક્રમક નહોતી કે રાષ્ટ્રના હિતને ભોગે પણ એ સ્વાર્થ સાધવા મેદાને પડે. સરદાર ગાંધીજી પ્રત્યે સમર્પણભાવ ધરાવતા હતા અને નેહરુને પોતાના 'લીડર' માનતા હતા. ગાંધીજીના નિધનના દિવસે પણ નેહરુ સરકારમાંથી છૂટા થવા મહાત્માને મનાવવા પ્રયત્નશીલ સરદાર ગાંધીજીની માઉન્ટબેટન મારફત જાણવા મળેલી નેહરુ-સરદાર સાથે કામ કરે એવી અંતિમ ઈચ્છાનો આદર કરીને રાષ્ટ્રના હિતમાં મૃત્યુ લગી નેહરુ સરકારમાં કાર્યરત રહ્યા. ગાંધીજીને અભિપ્રેત હતું તેમ નેહરુ પણ સરદારને પૂછીને જ પાણી પીતા રહ્યા. જ્યાં ચૂક્યા ત્યાં પસ્તાયા. એનું સૌથી મોટું ઉદાહરણ કાશ્મીર પ્રશ્નને યુનોમાં લઈ જવાનું પગલું હતું. સરદાર જીવ્યા ત્યાં લગી સરદારની સલાહ લઈને નેહરુ નિર્ણયો કરતા રહ્યા. વલ્લભભાઈ ગયા પછી જ નેહરુ છાકટા થયા કારણ એમના માટેનો સરદાર નામનો અંકુશ રહ્યો નહીં. દીર્ઘદૃષ્ટા સરદારની ચેતવણીઓને અવગણનાર નેહરુને ૧૯૬૨માં ચીની આક્રમણ અને દેશના કારમા પરાજયે હતાશાની ગર્તામાં ધકેલી દીધા અને એ આઘાત જીરવી નહીં શકતાં ૧૯૬૪માં જ એ મૃત્યુને ભેટ્યા.

•

સરદાર પટેલને સપ્ટેમ્બર ૧૯૪૬માં જ પહેલીવાર મળ્યા છતાં એ પછીનાં ચાર વર્ષ દરમિયાન વલ્લભભાઈ સાથે ખૂબ નિકટથી કામ કરનાર આઈસીએસ અધિકારી

એચ.એમ. પટેલ નોંધે છેઃ ' ઇતિહાસને પૂરતી અગત્ય નહીં આપવાનું વલણ ભારતમાં છે એવું મને ઘણા લાંબા સમયથી જણાયા કર્યું છે. આપણી શિક્ષણ પ્રથાએ આનો કોઇ ઉકેલ આપ્યો નથી. એનું પરિણામ એ આવ્યું છે કે પ્રમાણમાં નજીકના ભૂતકાળની ઘટનાઓ વિશે પણ અપૂરતી સમજદારી અને જાણકારી સાથે નવી પેઢી ઉછરી રહી છે. સામાન્ય રીતે સુશિક્ષિત કહી શકાય એવી વ્યક્તિઓ પણ માની ન શકાય એ હદે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની અગત્યની ભૂમિકાઓ તેમજ ઘટનાઓ વિશે અજ્ઞાન હોય છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લઇ એમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર વ્યક્તિઓ વિશે તેમજ દેશનું વિભાજન અનિવાર્ય બનાવનાર ભૂલો અને ઘટનાઓ અંગે સામાન્ય રીતે અજ્ઞાન પ્રવર્તતું જણાય છે. વળી, દેશનું વિભાજન થવા છતાં અને વિભાજનને પગલે પગલે અભૂતપૂર્વ હત્યાકાંડો થવા છતાં ભારતને સ્થિર, એકતાવાળું, પ્રગતિશીલ તેમજ ગતિશીલ રાષ્ટ્ર બનાવનાર કયા મહાનુભાવો હતા તે વિશે પણ નવી પેઢીમાં સામાન્ય રીતે અજ્ઞાન પ્રવર્તે છે. '

ઇતિહાસવિદો અને ઇતિહાસ સંશોધકોની જવાબદારી આવા તબક્કે સવિશેષ વધી જાય છે. ઇતિહાસવિદોનું મુખ્ય કામ સમાજ સમક્ષ સત્યને ઉજાગર કરવાનું છે. દેશના સંનિષ્ઠ સનદી અધિકારી અને મોરારજી સરકારમાં નાણાં તથા ગૃહ પ્રધાન રહેલા ચારુતર વિદ્યામંડળના દિવંગત અધ્યક્ષ એચ.એમ.પટેલની ચિંતા તો આગળ લંબાતી હતીઃ ' જો મહાત્મા ગાંધી વિશે આવું અને આટલું અજ્ઞાન પ્રવર્તતું હોય તો એમના સૌથી વધુ વિશ્વાસપાત્ર બે મુખ્ય સાથીદારો સરદાર પટેલ અને જવાહરલાલ નેહરુ વિશે આથી પણ વધુ અજ્ઞાન પ્રવર્તતું હોય તો એની ભાગ્યે જ નવાઇ કહેવાય. '

વિદાય લેતા અંગ્રેજ શાસનના અધિપતિ લોર્ડ માઉન્ટબેટને દેશના ભાગલાની વાત સૌપ્રથમ સરદાર પટેલ સમક્ષ મૂકવા વી.પી. મેનનને નિર્દેશ કરીને સકારાત્મક પ્રતિભાવ મળે તો જ એ દિશામાં આગળ વધવાનું વિચાર્યું હતું. ગાંધીજી ભાગલાની વિરુદ્ધ હતા ત્યારે પણ સરદારે ભાગલા માટે અનુકૂળ પ્રતિસાદ વાળવાની હિંમત કરી ૩ જૂન ૧૯૪૭ની ઘોષણા કરવા સુધી માઉન્ટબેટનને મોકળાશ કરી આપી હતી. મેનને 'ટ્રાન્સફર ઑફ પાવર'માં એ ઘટનાક્રમને વિગતે નોંધ્યો છે. એટલે ભાગલા માટે ગાંધીજી કે નેહરુને દોષ દેનારાઓએ હકીકતોને જાણી લેવાની જરૂર ખરી. કોંગ્રેસે દેશના ભાગલા પડાવ્યાની ચૂંટણીલક્ષી રાજકીય સભાઓ ગજવનારા નેતાઓ પરોક્ષરીતે સરદાર પટેલને જ ભાંડી રહ્યાનું ઔચિત્ય કેટલું એનું ઇતિહાસ સંશોધકોએ તો નીરક્ષર કરવાની જરૂર છે. ભાગલા વિના છૂટકો નહીં હોવાનું સરદારને સતત અનુભવાતું હતું અને નેહરુએ પણ એને સ્વીકારીને બેઉએ 'ડોસાને સમજાવી' દીધા હતા. રાજનેતાઓને અનુકૂળ ઇતિહાસ અધકચરાં તથ્યો અને વિકૃતિઓને પ્રેરે છે. એ વાતને ગૂંજે બાંધીને જ સત્યાન્વેષી ઇતિહાસનાં તથ્યોને ઉજાગર કરવાની જરૂર વર્તમાનયુગમાં તો સવિશેષ છે.

•

ગાંધી અને નેહરુએ વિપુલ પ્રમાણમાં લખ્યું અને એમણે વ્યાપક પ્રમાણમાં બોલવાનું પણ પસંદ કર્યું. એ બેઉની તુલનામાં સરદાર પટેલ ઓછાબોલા અને ઘણું ઓછું લખનારા હતા. ઇતિહાસવિદ મકરન્દ મહેતા ખૂબ રસપ્રદ તારણ મૂકે છેઃ 'ગાંધી લખે કે બોલે એના અનેક અર્થ નીકળે, જ્યારે સરદાર બોલે ઓછું, પણ ટકોરાબંધ બોલે. એમના કહેવાનો અર્થ એક જ નીકળે.' નેહરુ અને ગાંધીની તુલનામાં સરદાર મિતભાષી હતા. એમનું મૌન કે સંકેતો ઘણીવાર ખૂબ જ સૂચક લેખાતા. ગાંધી, નેહરુ અને સરદારની સ્વરાજત્રિપુટીમાંથી સરદાર આપણને પોતીકા લાગે. પારદર્શક વ્યક્તિત્વ, દંભમુક્ત, સાદગીભર્યું વ્યક્તિત્વ જનસામાન્ય સાથે ઓતપ્રોત થતું જોવા મળે. ગાંધીજીના બહુચર્ચિત 'બ્રહ્મચર્યના પ્રયોગો' કે નેહરુના લેડી માઉન્ટબેટન સહિતની મહિલાઓ સાથેની કૂણી લાગણીઓની તુલનામાં સરદાર પટેલનું સાવ જ નિરાળું વ્યક્તિત્વ ઉપસે. યુવાવયે જ વિધૂર થવા છતાં એમનાં સ્ખલનો આપણને શોધ્યાં જડતાં નથી. સાદગી એમના વ્યવહારમાં છે. મૃત્યુ વખતે બેંકમાં માત્ર ૨૬૨ રૂપિયાની જમારાશિ ધરાવનાર આ મહામાનવ ટાટા-બિરલા જેવા ઉદ્યોગપતિઓ સાથે ઘરોબો ધરાવે, તેમની કનેથી આર્થિક સહાય લઇને સમાજોપયોગી કામોમાં વાપરતાં પૂરતી કાળજી રાખે. સાચો સમાજવાદી તો સરદાર ગણાય, જે ધનપતિઓ પાસેથી નાણાં લઇને ગરીબોના કલ્યાણ માટે એનો સદુપયોગ કરે. નેહરુનો સમાજવાદ ફેબિયન હતો. ગાંધીજીએ પંચવર્ષીય યોજના બનાવતાં સર્વોદયની ફિલસૂફીને અમલમાં લાવવા ચર્ચા માટે વિનોબા ભાવેને નેહરુ કને મોકલ્યા, પણ નેહરુએ એમની વાત અવગણી બબ્બે પંચવર્ષીય યોજનાઓને અંતે જ નેહરુને ઊંધે રસ્તે ચાલ્યાનું અનુભવાયું.

એથી વિપરીત સરદારે મુંબઇના ઉદ્યોગપતિઓના 'બોમ્બે પ્લાન'ને આઝાદ ભારતના આર્થિક વિકાસની દૃષ્ટિએ જ નહીં, શૈક્ષણિક અને સામાજિક વિકાસની દૃષ્ટિએ પણ માર્ગસૂચક લેખાવ્યો છે. ઉદ્યોગપતિઓની શેહશરમમાં આવ્યા વિના પણ આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં સરદાર પટેલે ઉદારીકરણ અને ખાનગીકરણની દિશાને વાજબી લેખી હતી. પરંતુ નેહરુ એ વેળા સમાજવાદના નારાઓ અને મોટા ઉદ્યોગો થકી વિકાસના ખ્યાલોમાં રમમાણ હતા. પી.વી. નરસિંહ રાવની સરકારમાં નાણાં પ્રધાન ડૉ.મનમોહનસિંહે ૧૯૯૧ પછી વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણનો મારગ અપનાવ્યો એ સરદાર સાહેબે છેક ૧૯૪૪માં પ્રશસ્ત કરવા ચાહ્યો હતો. જોકે તેમનાં પગલાં સમાજના માત્ર સમૃદ્ધવર્ગના હિતને કેન્દ્ર સ્થાને રાખવાને બદલે સર્વોદયની મૂળ કલ્પના સાથે આગળ વધવાનાં પક્ષધર હતાં. સરદાર થકી સહકારી ક્ષેત્રને પ્રોત્સાહિત કરીને શ્વેતક્રાંતિ, હરિયાળી ક્રાંતિ અને શિક્ષણક્રાંતિને સફળ બનાવવાની પ્રેરણાનાં મીઠાં ફળ આજે પણ સમાજ ચાખી રહ્યો છે.

ભારતનો વર્તમાન નકશો એ સરદાર પટેલની દેન છે. એમાં રહી ગયેલી ત્રુટિઓ સરદારને બાંધ્યા હાથે કામ કરવા દેવાના સંજોગોનું જ પરિણામ છે. અંગ્રેજોના શાસનના અંતિમ દિવસોમાં ૫૬૫ જેટલાં રજવાડાંમાંથી ૫૬૨ને ભારતમાં સામેલ કરવાની વલ્લભભાઇની કામગીરી જ એમને મહાનતાના શૃંગ પર બેસાડવા માટે પૂરતી છે. ૩ જૂન ૧૯૪૭ના રોજની ઘોષણા મુજબ ભારતીય સંઘ અને પાકિસ્તાન સંઘની રચના તેમજ દેશી રજવાડાંને બેમાંથી જેની સાથે જોડાવું હોય કે સ્વતંત્ર રહેવું હોય તેની મોકળાશના સંજોગોમાં સરદાર પટેલને ભારે પરિશ્રમથી જ 'રજવાડી સંતરાં'ને ભારત સાથે જોડવામાં સફળતા મળી. જૂનાગઢ-માણાવદર, હૈદરાબાદ અને જમ્મૂ-કાશ્મીરને ભારત સાથે જોડવામાં સર્જાયેલા અવરોધો અને મડાગાંઠો સામ-દામ-દંડ-ભેદથી ઉકેલીને સરદાર સાહેબે જે મહાન કાર્ય કર્યું, એ બેનમૂન હતું. સરદારને માટે બિસ્માર્કની ઉપમા આપનારાઓ દરિયા જેવા સરદારને ખાબોચિયા જેવા બિસ્માર્ક સાથે સરખાવીને અપમાનિત કરતા વધુ લાગે છે. લોહીની નદીઓ વહાવનાર બિસ્માર્કના જર્મની કરતાં સરદાર પટેલે તો અનેક ઘણા મોટા લોકશાહી સામ્રાજ્યના ઘડવૈયા તરીકે, એકમાત્ર હૈદરાબાદના પોલીસ પગલાને બાદ કરતાં, અહિંસક માર્ગે જ મિશનને સફળ બનાવ્યું છે.

સરદાર પટેલ વિશે અંગ્રેજીમાં દુર્ગાદાસસંપાદિત દસ ગ્રંથો (નવજીવન), પી.એન.ચોપરા અને પ્રભા ચોપરાસંપાદિત પંદર જેટલા 'કલેક્ટેડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ'ના ગ્રંથો(કોનાર્ક), વી.શંકર સંપાદિત સરદાર પટેલના પસંદગીના પત્રવ્યવહારના બે ગ્રંથો(નવજીવન) ઉપરાંત નીરજા સિંહસંપાદિત ગાંધી-પટેલ અને નેહરુ-પટેલ(એનબીટી) સિવાય સરદાર વિશે ઝાઝા અધિકૃત ગ્રંથો ઉપલબ્ધ નથી. વી.પી.મેનન અને વી.શંકર કે એચ.એમ. પટેલનાં સંસ્મરણોમાં સરદારના વ્યક્તિત્વને ન્યાય મળતો લાગે.ગુજરાતીમાં નરહરિ પરીખ,રાજમોહન ગાંધી,યશવંત દોશી,ઉર્વીશ કોઠારીએ સરદાર વિશે ખેડાણ કર્યું પણ હજુ સરદાર માટે સમુદ્રમંથન કરવાની જરૂર છે. કમનસીબી એ વાતની છે કે નેશનલ આર્કાઈવ્ઝમાં સરદાર પેપર્સ હજુ વર્ગીકૃત કરાયા વિના જ રહ્યા હોવાને કારણે સંશોધકોથી સરદાર વેગળા જ રહ્યા છે.

સરદાર પટેલ ખરેખર કોના એવો પ્રશ્ન ઊઠે ત્યારે એમને હિંદુવાદી કે મુસ્લિમવિરોધી ચીતરવાની કોશિશો ચરિત્રલેખકોથી કે ઇતિહાસલેખન કરનારાઓથી લઇને રાજનેતાઓ સુધીના કરતા હોય ત્યારે સરદારના નીરક્ષર વ્યક્તિત્વને ઉપસાવવા માટે સમગ્રલક્ષી સંશોધન હાથ ધરવાની ખૂબ જરૂર છે. સરદારનાં સ્મારકો ઊભાં કરાઇ રહ્યાં છે, પરંતુ એમાં તો સરદારને શો-પીસ તરીકે જ રજૂ કરવાના પ્રયાસમાત્ર થતા લાગે છે. ગાંધી અને નેહરુનાં વ્યક્તિત્વોને ઉપસાવવા મેદાને પડેલી સંસ્થાઓ, સરકારો અને સંશોધકોનો સરદારના યથાર્થવાદી વ્યક્તિત્વને ઉપસાવવાની કામગીરીમાં રીતસર દુકાળ વર્તાય છે. રાજકીય દૃષ્ટિએ સરદારને હાઇજેક કરવાની ઝૂંટાઝૂંટમાં ખરા સરદાર પટેલનો ક્ષય થતો અનુભવાય છે. સૌથી મોટી કમનસીબી આ છે.

વ્યાખ્યાનના સમાપન ભણી આગળ વધતાં સરદાર પટેલના વ્યક્તિત્વની નવેસરથી મૂલવણી કરવામાં ઇતિહાસના સંશોધકો સમક્ષના પડકારો અને નવતર સંશોધનોનો ઉલ્લેખ કરવો પડે.

(૧) ઇતિહાસનાં તથ્યો અને લોકપ્રિયતાએ બે વચ્ચે કાયમ સરળ સંબંધો જળવાય એવું શક્ય નથી. સોમનાથ ભાંગવાનો દોષ જેને શિરે છે એવા મહંમદ

ગઝનીનો સરસેનાપતિ ટિળક હિંદુહતો અને એની સેનામાં વિપુલ પ્રમાણમાં હિંદુ જાટ સૈનિકોનું હોવું એ ઇતિહાસવિદ સનદી અધિકારી રહેલા શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઇલિખિત અને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'પ્રભાસ અને સોમનાથ'માં નોંધાયેલી હકીકત છે. મહંમદ ઝગનીનો પિતા હિંદુ કે બૌદ્ધ હોવાની હકીકત પણ શંભુપ્રસાદ આજ ગ્રંથમાં નોંધે ચે. લોકપ્રિયતાની દૃષ્ટિએ આવાં તથ્ય કડવાં લેખાય. સરદાર સાહેબને કનડનારા રાજવીઓમાં માત્ર હૈદરાબાદના નિઝામ કે જૂનાગઢના નવાબ જ નહોતા. મોટા ભાગના હિંદુ મહારાજાઓ ભોપાલ યોજનાના હિસ્સેદાર બનીને ઝીણાના પાકિસ્તાન સાથે જોડાણની મસલતો ચલાવતા હતા. જામસાહેબ પણ સૌરાષ્ટ્રનાં ૨૨૨ રજવાડાંને પાકિસ્તાન સાથે જોડવા થનગનતા હતા. ક.મા. મુનશીલિખિત ઇન્ડિયન કોન્સ્ટિટ્યૂશનલ ડોક્યુમેન્ટ્સના પ્રથમ ગ્રંથ 'પિલ્ગ્રીમેજ ટુ ફ્રીડમ(૧૯૦૨-૧૯૫૦)માં સૌપ્રથમ પોતાને સ્વતંત્ર જાહેર કરનાર હિંદુ મહારાજાના ત્રાવણકોરથી લઇને ઇન્દોર, વડોદરા, જયપુર, જોધપુર, બિકાનેર અને જેસલમેરના હિંદુ રાજવીઓનાં કરતૂતોને ઉજાગર કરાયાં છે. મહારાણા પ્રતાપના વંશજ મહારાણા ભૂપાલસિંહની યશગાથાની નોંધ અહીં લેવી પડે. ભોપાલના નવાબ હમિદુલ્લાખાનની ભોપાલ યોજનામાં ફાચર મારવાનું કામ મેવાડના મહારાણાએ કર્યું અને આજે પશ્ચિમ ભારતનાં ઉપરોક્ત રજવાડાં સરદારની કુનેહના પ્રતાપે જ ભારતનો હિસ્સો છે.

(૨) સરદાર પટેલ વિષયક સંશોધનો રાજકીય ઉદાસીનતાનો ભોગ બન્યાં અને અત્યંત મહત્ત્વના દસ્તાવેજો નેશનલ આર્કાઇવ્ઝમાં વણખોલાયેલી કે ટેબ્યુલેટ નહીં થયેલી ફાઇલોમાંથી બહાર ડોકિયાં કરવા ઇતિહાસ સંશોધકોની આતુરતાભેર પ્રતીક્ષા કરી રહી છે.

(૩) રાજકીય પક્ષો સરદાર પટેલના વ્યક્તિત્વને જે રીતે પ્રજા સમક્ષ મૂકવાની કોશિશ કરે છે એમાં સરદારના સાચા ચરિત્રણને બદલે મતબેંકનું રાજકારણ વધુ લાગે છે. આવા સંજોગોમાં ઇતિહાસ સંશોધકોએ રાજકીય વિચારધારાઓ ભણી ઢળવાને બદલે તટસ્થપણે તથ્યાધારિત તારણો પર આવવાની જરૂર છે.

(૪) જમ્મૂ-કાશ્મીર જેવા મુદ્દે અને સરદાર પટેલના આગ્રહથી બંધારણસભામાં મંજૂર થયેલી કલમ ૨૦૬-એ તથા પાછળથી બંધારણની કલમ ૩૭૦ તરીકે અસ્તિત્વમાં આવેલી જોગવાઇઓ, મહારાજા હરિસિંહ અને શેખ અબદુલ્લાની ભૂમિકાનાં વિશ્લેષણમાં પણ સાવચેતી રાખવાની જરૂર છે. અન્યથા બળતામાં ઘી હોમવાના સંજોગો સર્જાઇ શકે છે. રાજાજી તથા ડૉ. આંબેડકરે કાશ્મીર ખીણ પ્રદેશ પાકિસ્તાનને આપી દેવાની તરફેણ કરી હતી, એ વાત આ તબક્કે નોંધવી રહી. ડૉ. આંબેડકરે તો આઝાદી પછી પણ આ ભૂમિકા જાળવી હતી.

(૫) આવું જ કાંઇક હૈદરાબાદને ભારત સાથે જોડવાની સરદાર પટેલની પહેલથી હાથ ધરાયેલા 'ઑપરેશન પોલો' તેમજ 'ભારત મેં અંગરેજી રાજ' વાળા પંડિત સુંદરલાલના નેહરુ સરકારે અપ્રગટ રાખેલા અહેવાલમાં ડોકાતાં સત્યો અને સરદાર પટેલની ભૂમિકાનો અભ્યાસ પૂરી સ્વસ્થતાથી કરવાની આવશ્યકતા છે. એ.જી. નૂરાની નેહરુને 'ઇન્ડિયન નેશનાલિસ્ટ' અને સરદારને 'હિંદુ નેશનાલિસ્ટ' કહેવાનું પસંદ કરે છે એ પાછળની માનસિકતાને પણ સમજવી પડશે. માત્ર ભાવાવેશમાં આવીને ઉત્પાત મચાવવાથી નહીં ચાલે, તથ્યોને આધારે ઇતિહાસનાં વિશ્લેષણ કરવાથી નવાં સત્યો પ્રકાશમાં આવી શકે.

(૬) સરદાર પટેલ માત્ર સ્વતંત્રતા સંગ્રામના સેનાની કે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન, ગૃહપ્રધાન, રિયાસત ખાતાના પ્રધાન તેમજ માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન જ નહોતા. તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે સમાજપરિવર્તનના મશાલચી પણ હતા. સામાજિક સુધારા અને અસ્પૃશ્યતા નિવારણ માટે એમનું ઘણું મોટું યોગદાન હતું. એને ઉજાગર કરવાની સવિશેષ જરૂર છે. રખેને એ તેમના રાજકીય વ્યક્તિત્વના ચિત્રણમાં ઢંકાઇ જાય.

ઇતિહાસની ઘટનાઓને 'જો' અને 'તો'માં મૂલવવાનું અશક્ય છે. ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવાનું યોગ્ય નથી, એમ જ ૧૯૧૬થી બેરિસ્ટર વલ્લભભાઇ મહાત્મામય બનીને રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા ત્યારથી એમણે જીવનલીલા સંકેલી લીધી ત્યાં લગીના ઘટનાક્રમમાં તટસ્થ અને તથ્યાધારિત વિશ્લેષણોની હજુ સમાજને પ્રતીક્ષા છે.

(પ્રાધ્યાપક અને નિયામક :સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ સેરલિપ, સેરલિપ સંકુલ, સીવીએમ બંગલો:૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર : ૩૮૮ ૧૨૦ ફોન : (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, મો:૯૮૯૮૫ ૪૩૮૮૧ ઈમેઈલ: haridesai@gmail.com)

*// સંશોધન //*

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભક્તિબાનો ફાળો

**વિનુભાઈ બી. તળપદા**

સમ્રાટ જહાંગીરના સમયમાં હિંદમાં વેપાર અર્થે આવેલ અંગ્રેજ ઈસ્ટ ઈન્ડિયા કંપની સમ્રાટ ઔરંગઝેબના મૃત્યુ (૧૭૦૭) બાદ, હિંદની તત્કાલીન પરિસ્થિતિનો સમયાંતરે લાભ લઈ તે 'કંપની સરકાર' બની ગઈ. આ સરકારની અન્યાયી નીતિઓના પરિણામે એના શાસનને નાબૂદ કરવા ૧૮૫૭માં વિદ્રોહ થયો. અલબત્ત, આ મર્યાદિત રાષ્ટ્રીય વિદ્રોહ નિષ્ફળ ગયો, પણ એની સ્મૃતિથી પ્રોત્સાહિત એક નવીન પેઢીનો હિંદમાં ઉદય થયો. આ પેઢીના યુવાનોએ (દા.ત. ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, ખુદીરામ બોઝ, જિતેન્દ્ર નાથ, સાન્યાલ, મદનલાલ વગેરે) વિદેશી શાસનની બેડીઓમાંથી હિંદને મુક્ત કરવા માટે અપનાવેલી ક્રાંતિકારી-હિંસક પદ્ધતિઓ સફળ થઈ ન હતી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી હિંદમાં પરત (૧૯૧૫) આવ્યા પછી હિંદને વિદેશી શાસનથી મુક્ત કરાવવા માટે લગભગ ત્રણ દશકાઓ સુધી ચલાવેલાં આંદોલનોમાં ગુજરાતની અનેક મહિલાઓ (દા.ત. કસ્તૂરબા, મીઠુબેન પીટીટ, જ્યોષનાબેન શુક્લ, મણિબેન પટેલ, શારદાબેન મહેતા, મૃદુલા સારાભાઈ વગેરે)એ સક્રિય રહી નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. આવી મહિલાઓમાંનાં એક હતાં – ભક્તિબા દેસાઈ. આ સંશોધનપત્રનો હેતુ ભક્તિબાએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કરેલા પ્રદાનને ઉજાગર કરવાનો છે.

ભક્તિબાનો જન્મ સંવત ૧૯૫૫(ઈ.સ. ૧૮૯૯)માં શ્રાવણ સુદ દશમના દિવસે થયો લીંમડીમાં હતો.[૧] તેમના પિતા ઝવેરભાઈ નાથાભાઈ અમીન લીંબડી રાજ્યના દીવાન હતા. ભક્તિબાએ લીંમડીની કન્યાશાળામાં ધોરણ ૭ સુધી અભ્યાસ કર્યો હતો. ગોપાળદાસના પ્રથમ પત્નીનું ચંચળબાનું અવસાન થયા બાદ એમનાં લગ્ન ભક્તિબા સાથે ઈ.સ. ૧૯૧૩માં થયાં હતાં.[૨]

ગોપાળદાસ એમના મોસાળ વસોમાં દત્તક લેવાયા હતા. એમના નાનાના મૃત્યુબાદ તે વસો, ઢસા અને સાયસાંકળીના જાગીરદાર બન્યા. ૧૯૨૨માં મુંબઈના ગવર્નરે રાજકોટની મુલાકાત લીધી ત્યારે ગોપાળદાસ તેમને મળવા ગયા ન હતા. એમનું આવું વર્તન સરકારને ગમ્યું ન હતું. એની દૃષ્ટિએ અપમાનજનક વર્તન હતું. આથી તા. ૧૭ જુલાઈ ૧૯૨૨ના સરકારી આદેશથી એમની જાગીર જપ્ત કરવામાં આવી. હવે તે જાગીરદાર રહ્યા ન હતા. આમ થયા પછી તે ગાંધીજીના નેતૃત્વમાં ચાલતી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ખૂબ જ સક્રિય બન્યા હતા. એમનાં પત્ની ભક્તિબા પણ આવી પ્રવૃત્તિઓમાં જોડાયાં હતાં.

ભક્તિબાના માનસ પર સ્વામિનારાયણ સંપ્રદાયના સહજાનંદ સ્વામીના ઉપદેશોની ઊંડી અસર પડી હતી. નાનપણથી જ તે સાદું અને સ્વાવલંબી જીવન જીવતાં હતાં. તે કર્તવ્યનિષ્ઠ, ધર્મપરાયણ અને સહધર્મચારિણી હતાં. તેમણે દરબાર ગોપાળદાસને ત્યાગવીર બનાવ્યા. દરબારને દારૂ પીવાનું વ્યસન હતું. એક સમયે એમની તબિયત લથડી ત્યારે ભક્તિબાએ કહ્યું કે 'હવે દારૂ માટે મન થાય તો મારી પાસે જ માંગજો, હું આપીશ.' આ પછી દરબાર ગોપાળદાસે કાયમ માટે દારૂના વ્યસનનો ત્યાગ કર્યો.[૩]

### ગાંધીજીનાં દર્શન

ભક્તિબાએ ગાંધીજીના પ્રથમ દર્શન લીમડીમાં કર્યાં હતાં. ગાંધીજીનું સ્વાગત સરઘસ નીકળેલું ત્યારે ભક્તિબાએ તેમનાં દર્શન ઘરના ઝરૂખામાં રહીને કર્યાં હતાં. આ સમયે દરબારગઢમાં છાપાં, માસિક વગેરે સાહિત્ય ગોપાળદાસ મંગાવતા. સાહિત્યની ચર્ચાઓ ભક્તિબાને સંભળાવતા. તેઓ સમય મળે ત્યારે વાચન પણ કરતાં. તેઓ ખેતીકામમાં કાપણી કરવા દાતરડું લઈ જોડાઈ જતાં.

### હરિજનોની મુલાકાત

ઢસામાં કવિ ન્હાનાલાલ સાથે તેમનાં ધર્મપત્ની માણેકબાએ ભક્તિબાને લઈ હરિજનવાસની મુલાકાત લીધી હતી. તેમનાં ઘર જોયાં. બાળકો, તેમની રહેણીકરણી જોઈ. આ સમયે હરિજનવાસમાં કોઈ પ્રવેશ કરવાનો પ્રયત્ન પણ કરતું નહિ, તેવા સમયે સૌ પ્રથમ ભક્તિબાએ સામાજિક અને ધાર્મિક પ્રથા તોડવાનો પ્રયત્ન કર્યો હતો. આ જ રીતે તેઓ ક્રાંતિકારી વિચારો ધરાવતાં હતાં.[૪] ભક્તિબા અને

શારદાબેન સાથે નગરમાં ખુલ્લે મોઢે ભરબજારે ચોપદાર વિના અને બૂટ પહેરીને નીકળ્યાં હતાં. તેમણે પરંપરાગત રૂઢિનો ખુલ્લેઆમ ભંગ કર્યો. જે પાટીદાર સમાજ માટે એક ક્રાંતિકારી પગલું હતું. જો કે દરબાર ગોપાળદાસનો સાથ તેમની સફળતા માટેનું એક મહત્ત્વનું પરિબળ હતું. તેઓ ઢસામાંથી રેંટિયો ચલાવતાં શીખેલાં. ગાંધી આશ્રમમાં સરદારની પુત્રી મણિબેન સાથે મુલાકાત થઈ. તેમની સાથે આશ્રમનાં વાસણો માંજવા, શાકભાજી સમારવાનું, કપાસ સફાઈ, કપાસિયા કાઢવાના, રૂ પીંજવાના, પૂણી બનાવવી વગેરે કામ કરતાં થયાં. તેમની સાથે બીજી બહેનો દુર્ગાબેન, વેલાબેન, મીરાંબેન, કુસુમ, ગંગાબેન વગેરે હતાં.

## વિવિધ લડતોમાં કામગીરી

ગાંધીજીના નેતૃત્વ હેઠળ અસહકારની રાષ્ટ્રીય લડતો શરૂ થઈ ચૂકી હતી. બ્રિટિશ માલનો બહિષ્કાર, સરકારી નોકરી, શાળા, કૉલેજોનો બહિષ્કાર, પરદેશી કાપડનો બહિષ્કાર, ખાદીપ્રચાર કરવાનું કામ ગાંધીજીએ બહેનોને સોંપેલું. બહેનાએ બોલ્યા વિના ગળામાં લખાણવાળાં 'પરદેશી કાપડ પહેરવું એ પાપ છે.' એવાં પાટિયાં લગાવી પરદેશી કાપડની દુકાનો સામે પિકેટિંગ કરવું એવી યોજના ઘડી હતી. ભક્તિબા પણ બહેનો સાથે આવા પિકેટિંગ કાર્યક્રમમાં ભાગ લેતાં.[૫] તેઓ લોકોને પરદેશી કાપડનો બહિષ્કાર કરવાનું મુક્ત રીતે સમજાવતાં. દારૂનાં પીઠાં ચાલતાં ત્યાં લોકોને દારૂ ન પીવા માટે વિનંતી કરતાં. દારૂનિષેધ માટેનાં સૂત્રો લખેલાં પાટિયાં ગળામાં લટકાવી પીઠાં સામે પિકેટિંગ કરતાં. ભક્તિબાએ નિત્યકાંતણનું વ્રત લીધું હતું. જે તેમણે આજીવન ચાલુ રાખ્યું હતું. આણંદની છાવણીમાં ઘણા સ્વયંસેવકો આણંદના બાબર ખુશાલના મકાનમાં રહેતા. ખાદી પ્રચાર માટેની પત્રિકાઓ ગામેગામ વહેંચાતી. ગામડાંનું આરોગ્ય, જાહેર કૂવાની સફાઈ, ખાળકૂવા, નિર્ધૂમ ચૂલા, શ્રમની સાથે સાથે રાષ્ટ્રભાવનાનાં ગીતો ભક્તિબા ગવડાવતાં હતાં.

## નાગપુર ઝંડા સત્યાગ્રહ

નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ સમયે ગુજરાતની વિવિધ ટુકડીઓ મોકલવામાં આવી હતી. ખેડાથી મોહન પંડ્યાજીના નેતૃત્વ હેઠળ ૭૫ માણસોની ટુકડી તૈયાર કરાવમાં આવી હતી. આ ટુકડીમાં ભક્તિબા પણ સામેલ હતાં.[૬]

## બોરસદ છાવણી – હૈડિયાવેરાની લડત

ખેડા જિલ્લામાં અગ્રગણ્ય નેતાઓમાં દરબાર ગોપાળદાસ અને ભક્તિબા હતાં. આ પ્રદેશમાં બહારવટિયાનો ત્રાસ હતો. બાબર દેવા અને બોરસદના અલી બહારવટિયા તરીકે જાણીતા હતા. પ્રજાને સવાર-સાંજ સરકારી કચેરીમાં હાજરી પુરાવવી પડતી. સરકારે બહારવટિયાને પકડવા માટે પ્રજા પર આકરો કર હૈડિયાવેરો નાખ્યો હતો. બોરસદની પ્રજાએ સરદારને નેતૃત્વ આપ્યું.[૭] તેમાં બહેનોએ ભાગ લીધો હતો. બહેનો ગીતો ગાતીઃ

*નહીં ભરશો રે નહીં ભરશો રે*
*આ અન્યાયી વેરો નહીં ભરશો.*

બોરસદનાં ગામડાંમાં ખાદીપ્રચાર અને હરિજન ઉદ્ધારનું કામ દરબાર સાહેબ અને ભક્તિબા ચલાવતાં હતાં. બોરસદ છાવણીમાં જુદાં જુદાં ગામડાંમાંથી સ્વયંસેવકો આવતા. ભક્તિબા તેમને પ્રેમથી જમાડતાં. તળાવે કપડાં ધોવા જતાં અને નજીકના કૂવેથી પાણી ભરી લાવતાં. તેઓ ગામડામાં ફરવા જતાં ત્યારે ગાંધીજીએ યરવડા ચક્રની પેટી બનાવેલી તે ચક્ર સાથે લઈને જતાં. તેઓ જે તે સ્થળે કાંતવા બેસી જતાં. લોકોને સમજાવતાં કે 'ખાદી' સ્વરાજ્ય મેળવવાનું એક અંગ છે. આ વાતથી ગામડાંમાં સ્વયંસેવકો દ્વારા સંદેશો પહોંચાડતાં. આ લડત પછી સરદારશ્રીના પ્રયત્નોને કારણે સરકારે કરવેરો નાબૂદ કરવો પડ્યો.

## બારડોલી સત્યાગ્રહ

સરદારે ખેડૂતો પર જમીન મહેસૂલ દરમાં એકાએક વધારો કરવાને કારણે બારડોલીના સત્યાગ્રહનું નેતૃત્વ સરદારશ્રીએ પૂરું પાડ્યું હતું. ૧૯૨૮માં આ લડતને જાગૃત રાખવાનું કામ બહેનોએ કર્યું હતું. બહેનો ગીતો ગાતી – 'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે' રાનીપરજની વધુ વસ્તી આ તાલુકામાં હતી. તેમને તૈયાર કરવાનું કામ ભક્તિબા અને સાથીદાર બહેનોએ કર્યું હતું.[૮] છેવટે સરકારે આ વેરો રદ કરવો પડ્યો. કોંગ્રેસને વિજય અપાવી આ દંપતી પાછું બોરસદ આવી પહોંચ્યું. તેઓ સામાન્ય સ્વયંસેવક તરીકે સ્વરાજ આશ્રમમાં રહ્યાં હતાં. ભક્તિબાએ ઘણાં કુટુંબોની માંદગીમાં સારવાર કરી હતી.

## સવિનય કાનૂનભંગની લડત

ઈ.સ. ૧૯૩૦માં ચિરંજીવી બારીન્દ્રભાઈનો જન્મ થયેલો. છ માસના બારીન્દ્રને લઈ ભક્તિબા સત્યાગ્રહમાં જોડાયાં હતાં. આ સમયે બોરસદમાં સભા અને સરઘસો ચાલુ હતાં. તે સમયે બહેનોનું સરઘસ નીકળ્યું હતું. ત્યારે સરકારે લાઠીચાર્જ કરેલો. આશ્રમવાસી બહેન ગંગાબેન વૈદ્ય ઘાયલ થયેલાં. બહેનોની સભામાં ભક્તિબા જતાં હતાં ત્યારે તેમને પોલીસે રસ્તામાં જ પકડી લઈ બોરસદ જેલમાં લઈ ગઈ હતી.[૯] તેમને ૨૧ મહિનાની કારાવાસની સજા થઈ હતી.

## બોરસદમાં પ્લેગ નિવારણ

બોરસદમાં ઈ.સ. ૧૯૩૫માં પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે તેમણે મુંબઈથી સાધનો, રસીઓ, દવાઓ મેળવી પત્રિકાઓ દ્વારા લોકોને ઘર સાફ કરવા સૂચના આપી. પ્લેગની રસી મૂકવા કેન્દ્રો ઊભાં કર્યાં હતાં. છાવણીના મકાનમાં હોસ્પિટલ ઊભી કરી. ભક્તિબા અને બીજી બહેનો ઘેર ઘેર ફરીને કચરો કઢાવતાં. ગમાણો, કોઠારો સાફ કરી દવાઓ છાંટતાં. મરેલા ઉંદરોને દાટી દેતાં. ધૂમાડા કરીને હવા સ્વચ્છ કરાવતાં. છાવણીમાં રહેલા સ્વયંસેવકો માટે વહેલી સવારે નાસ્તો બનાવી આપતાં. ભક્તિબા સાથે તેમની પૂત્રવધૂઓ શાંતાબેન અને શકુન્તલાબેન પણ જોડાયાં હતાં. તેમના પ્રયાસોને કારણે પ્લેગ નાબૂદ થયો. કસ્તૂરબા પણ બોરસદની મુલાકાતે આવ્યાં હતાં. તેમની સાથે ગામડાંમાં ભક્તિબા ફરવા જતાં.

બોરસદનું કામ પૂર્ણ થતાં ભક્તિબા નડિયાદ આવ્યાં. આ સમયે પ્રાથમિક શિક્ષણનો વહીવટ સરકારે પ્રાથમિક શિક્ષણ સમિતિ જિલ્લા સ્કૂલ બોર્ડને સોંપ્યો હતો. તેમાં પ્રમુખ તરીકે ભક્તિબા ચૂંટાયાં હતાં. તેઓ શાળાના નિરીક્ષણ માટે જતાં. નડિયાદમાં શ્રી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં ભક્તિબા વ્યવસ્થાપક સમિતિનાં સભ્ય પણ બન્યાં હતાં. આ સમયે સૌરાષ્ટ્રના દેશી રાજ્યની પ્રજાના પ્રશ્નોને વાચા આપવા દર વર્ષે કાઠિયાવાડ રાજકીય પરિષદો ભરાતી તેમાં પણ દરબાર સાહેબ સાથે જતાં. રાજકોટ સત્યાગ્રહ (૧૯૩૮)માં પણ તેઓ જોડાયાં હતાં. ત્યાં હુન્નર ઉદ્યોગનું કામ ઉપાડ્યું. પુતળીબાઈ ઉદ્યોગ મંદિર નામ રાખ્યું.

## હિંદ છોડો ચળવળ (૧૯૪૨)

ગાંધીજીએ અંગ્રેજોને હાંકી કાઢવાની હાકલ કરી હતી. ત્યારે ભક્તિબા પણ જોડાયાં હતાં. ગાંધીજી જ્યારે જ્યારે અનશન કરતા ત્યારે ભક્તિબા પણ પોતાના નેતાનું ઋણ અદા કરવાનું વ્રત પાળતાં. તેઓ જોરાવરનગરમાં આવ્યાં ત્યારે જૂનગઢથી પુષ્પાબેન મહેતા, સરોજબેન, જયાબેન શાહ વગેરે ભક્તિબા સાથે ચર્ચા કરતાં. સૌરાષ્ટ્રમાં નારીજીવન પ્રગતિશીલ કેવી રીતે બને તે અંગેની યોજનાઓ બનાવતાં.

આમ ભક્તિબાએ ગુજરાતની સ્ત્રીશક્તિને જગાડી હતી. સ્ત્રીઓને સમાન હક્ક, લગ્ન સમાન હક્ક, વિધવા વિવાહ, લાજમર્યાદા છોડો વગેરે મહત્ત્વનાં કાર્યો કરી નારી ઉત્કર્ષ માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.


**સંદર્ભઃ**

૧. સતીષચંદ્ર મ. જોષી, 'તપોમૂર્તિ ભક્તિબાનો સેવાયજ્ઞ', નવજીવન ટ્રસ્ટ અમદાવાદ, ૧૯૮૨, પૃ. ૧૮ (ભક્તિબા સન્માન સમિતિ વસો)
૨. એજન, પૃ. ૩૩
૩. એજન, પૃ. ૩૪
૪. એજન પૃ. ૮૨
૫. રા.કા. (સંપા. દરબાર ગોપાળદાસ સ્મારક ગ્રંથ), પ્રકાશકઃ દરબાર સ્મારક સમિતિ, વસો, ૧૯૯૫, પૃ. ૪૨
૬. સતીષચંદ્ર મ. જોષી, 'તપોમૂર્તિ ભક્તિબાનો સેવાયજ્ઞ', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૨, પૃ. ૧૪૩
૭. એજન, પૃ. ૧૫૫
૮. એજન, પૃ. ૨૧૯
૯. એજન, પૃ. ૧૨૧

**અન્ય સંદર્ભોઃ**

ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૯, ગુજરાતી વિશ્વકોશ, અમદાવાદ, ૧૯૯૮

પટેલ, જગદીશ, કૌશિક ભટ્ટ : સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાદરણનો ફાળો, પ્રકાશકઃ ચરોતર સાહિત્ય પરિષદ, આણંદ, આવૃત્તિ, ૧૯૮૯

શાસ્ત્રી હ.ગં., પ્ર.સી. પરીખઃ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ખંડ-૯, આઝાદી પહેલાં અને પછી (૧૯૧૫-૧૯), ભો.જે. અધ્યયન, સંશોધન વિદ્યાભવન, અમદાવાદ.

શુક્લ, જે.આર. (સંપા.) ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો, ગુજરાત, વિશ્વકોશ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૮,



(આણંદ ખાતે એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજમાં યુ.જી.સી. દ્વારા પ્રાયોજિત રાષ્ટ્રીય પરિસંવાદમાં રજૂ કરેલા સંશોધનપત્રનું પુનઃલેખન, તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૪)



(અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦. મો.: ૯૭૨૩૧૪૩૪૨૧)

# વિદ્યાર્થીઉમંગનો મહાઘોષ

ઉપેન્દ્ર ત્રિવેદી

(ચારુતર વિદ્યામંડળ, ચરોતર ઍજ્યુકેશન સોસાયટી અને રામકૃષ્ણ સેવામંડળ અને સ્પૅકના સંયુક્ત ઉપક્રમે આયોજિત યુવામહોત્સવ 'ઉડાન ૨૦૧૩'ના સમાપન વ્યાખ્યાનના અંશ)

ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંઝે પાંખ
વણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ

મેઘાણીનો કહેવાનો અર્થ એ જ છે, જે ભૂમિ જોઈ નથી એની ઉપર નજર ફેરવી, કોઈ ઊંચી ઉડાન ભરવા માટે, એ પણ શ્વાસમાં તાજી હવા ભરવા માટે ઉડાન ૨૦૧૩ આણંદ-વલ્લભ વિદ્યાનગરીમાં આ મહોત્સવ યોજાઈ રહ્યો છે.

આ એક નોંધ પાત્ર ઘટના છે. રેર એટલા માટે કે યુનિર્વસિટી તો આવા ફેસ્ટિવલ યોજે છે, આવા ફેસ્ટિવલ પરંપરાગત હોય છે. યુનિવર્સિટી આવા ફેસ્ટિવલ યોજે છે તેની પાસે એક મોટું તંત્ર હોય છે, રાજ્યાશ્રય હોય છે. પરંતુ ચારિત્ર્યનું નિર્માણ કરતી આ જે સંસ્થાઓ છે. એમાં સ્વયંભૂ રીતે જે આવનારી પેઢીને હસ્તાંતરિત કરવા માટે, આવનારી પેઢીની હથેળી માં કાંઈક મૂકવા માટે જે મહાપુરુષો અહીં બેઠા છે એમણે વિચાર્યું એ મારા માટે અદ્વિતીય ઘટના છે, ક્યાંય બની નથી સ્વયંભૂ છે. સંસ્થા ઊભી થઈ ને કરી રહી હોય એવું કામ મને ગમી જાય, અંદરથી. માત્ર સમાજનું કામ નહી ઊર્મિનું કામ. યુવાનોમાં મનની શુદ્ધિનું કામ કરનારા, આવનારા વિદ્યાર્થીઓના મનને, તનને તંદુરસ્ત રાખવા માટે આણંદ નગરપાલિકા પણ સાથે હાથ મિલાવે, બધા એક થાય વિદ્યાર્થીઓ માટે, કોઈ ગામડાઓમાંથી આવતા હોય, કોઈ સિટીઓમાંથી, દૂરથી આવતા હોય, ક્યા સંજોગોમાંથી આવતા હોય બધાને એક કરી ને. એક કરવાનું જે કામ છે એ કળા કરે છે. કળાનું કામ છે જોડવાનું છે. ઈવેન્ટ ગમે તેવી હોય, નાટક હોય, ચિત્ર હોય, શિલ્પ હોય એ બધાનું કામ મનુષ્યને જોડવાનું છે. એ વાત અહીં સાકાર થઈ રહી છે. તે જોઈ શકાય છે. કારણ કે કોઈ કહે કે મારે શિલ્પકાર થવું છે. તો મિત્રો પુરાણમાં માર્કન્ડેય અને વ્રજરાજાનો સંવાદ છે. વ્રજરાજા માર્કન્ડેય ઋષિને પૂછે છે. મારે શિલ્પકાર બનવું છે, ત્યારે માર્કન્ડેય ઋષિ કહે છેઃ 'જો તારે શિલ્પકાર બનવું હોય તો સૌથી પહેલાં નૃત્યકાર બનવું પડશે. નૃત્ય શીખ્યા વગર શિલ્પકાર ન થઈ શકાય.' તો વ્રજ કહે છે, કે મને નૃત્ય શીખવાડો માર્કન્ડેય કહે છે સંગીત વગર નૃત્ય ન આવડે તો રાજા કહે છેઃ તો સંગીત શીખવાડો. તો ગુરુ કહે છે કે તાલ વગર સંગીત ન આવડે. વોકલ અને ઈન્સ્ટ્રુમેન્ટ બંને. તો રાજા કહે તાલ શીખવાડો, ગુરુએ કહ્યું કે અભિનય વગર તાલ શીખવો શક્ય નથી. અભિનય જેને આવડતો હોય તે તાલ શીખી શકે, સંગીત શીખી શકે, નૃત્ય શીખી શકે, ચિત્ર શીખી શકે, શિલ્પ શીખી શકે તો શિષ્ય કહે મને અભિનય શીખવાડો. ગુરુ કહે, શીખવાડો. અભિનય શીખવાડ્યો શીખી શકાતો નથી. અભિનય શીખવાડે આવડી જાય એ પણ શક્ય નથી, એના માટે સમાજનું નિરીક્ષણ જોઈએ, સમાજમાંથી નિરીક્ષણ કરી "ચરિત્ર ઈતિ નાટ્યમ્' લોકોના ચરિત્રનો અભ્યાસ કરી પછી રજૂ કરે, તો બધી કળાઓ એકબીજા સાથે સંકળાએલી છે, અને તે સાહિત્યમાં આવીને પરિણીત થાય છે, કવિતામાં. માણસને જ્યારે અગ્નિની શોધ થઈ અને આનંદ થયો હતો, માણસે સૌથી પહેલાં ધ્વનિ અને મુદ્રાઓમાંથી શોધ કરી અને ભાષાની શોધ કરી હતી. ભાષાની શોધ થઈ અને કવિતા, જે પદ્ય અને ગદ્ય અનેક પ્રકારના આયામો થવા માંડ્યા છે.

એવો એક સમય તમારા જીવનમાં ચાલી રહ્યો છે, મિત્રો મને તમારી ઈર્ષા આવે છે. તમે બધા આટલો આનંદ કરી શકો છો, બીજી પેઢીના હાથમાં શું મૂકી જાય છે માણસ, એના ઉપર બહુ મોટી વાત છે. બીજી પેઢીના હાથમાં ભાષા મૂકી જાય છે. આજે તો ભાષા માટે બહુ મોટો પડકાર છે, ચેલેન્જ છે. બટ યુ રિસ્પોન્ડેડ વેરીવેલ, તેનો પ્રત્યુત્તર હું આણંદમાં જોઈ રહ્યો છું. પછી યંત્રયુગ બેઠો છે ભાઈઓ બહેનો, યંત્રયુગ બેઠોને માણસ યંત્રની જેમ બોલતો થઈ ગયો છે. શોક સંદેશા મોકલવા હોય તો ફલાણા નંબરનો કોલ શિફ્ટ દબાવો એટલે એ સંદેશો પહોંચી જાય. લગ્ન હોય તો પણ અભિનંદનના સંદેશાઓ તરત પહોંચી જાય એમાં માણસે કંઈ જ કરવાનું નથી માત્ર બટન દબાવવાનું છે. કોઈક વાર ઊંધું બટન દબાઈ જાય અને એવો સંદેશો પહોચી જાય કે બાર બાર દિન યે આયે, તો લગ્નની જગ્યાએ આવો સંદેશો લોકો ને વિચાર કરતાં કરી મૂકે છે. હે ભગવાન!

તો યંત્રની જેમ માણસ બોલતો થયો છે, ત્યારે

તમારી જરૂર છે. યંત્રની જેમ માણસ બોલે છે. આજે પ્રેમ કરવો હોય ત્યારે એ શબ્દો, એ કાગળો, એ કાગળમાં છાંટેલી સુગંધો, એ રંગીન પરબીડિયાં આજે ક્યાં છે? હવે તો મોબાઈલમાં માત્ર ત્રણ શબ્દો આવે ‘‘આઈ લવ યુ’ અને સામેથી પાછો એનાથી પણ ટૂંકો જવાબ આવે ‘‘આઈ ટુ’.

એ ધડકન એ તડપન બધી ક્યાં ગઈ? આ વાત જ્યારે બનતી હોય ત્યારે આવા ફેસ્ટિવલ્સ બહુ ઉપયોગી થાય છે. કારણકે એ માણસને જોડે છે, ભાષાને જોડે છે. પોતાની નવી નવી પ્રવૃત્તિઓ માટે જ્યારે આવા ફેસ્ટિવલ્સ થાય છે અને જ્યારે સમય હોય છે, ત્યારે સૂઝ નથી હોતી, દોસ્તો! અને સૂઝ આવે છે ત્યારે સમય હાથમાંથી સરી ગયો હોય છે. એ પણ બનતું હોય છે. જ્યારે સમય સરી જાય ત્યારે યાદ આવે કે કોલેજના એ દિવસો કેવા હતા, કેવી મજા આવતી હતી, કેવા ફેસ્ટીવલ કર્યા હતા એમાં સર્વશ્રેષ્ઠ અભિનેતા તરીકે, અભિનેત્રી તરીકે એવોર્ડ મળ્યો હોય એ પાછલી જિંદગીએ મળે ત્યારે સમયને વાગોળતાં કહે ‘અરે તું કેવી હતી? આવી થઈ ગઈ!’ સમય સમયની વાત છે બને છે. પણ આ ભણતરની સાથે ફેસ્ટિવલ બીજી પણ ત્રણ ચીજો કરાવે છે. ભણતર સાથે સી.એલ. પટેલ સાહેબ પણ સહમત થશે, એટલું જરૂરી છે ઘડતર. પુસ્તકો પૂરતું મર્યાદિત નહીં, જીવનના વ્યવહારોનું પણ જ્ઞાન મળતું રહે. મા-બાપે પેટે પાટા બાંધીને ભણાવ્યા છે. એમના થકી ને આ દેશ સાથે આ ધરતીની મિટ્ટી સાથે મહોબત છે, તેનું પણ જ્ઞાન મળતું રહે તે ઘડતર પણ જરૂરી છે. અને પછી સાહેબ ઘડતર કરતા રહે તમારા કનુભાઈ જેવા, મનસૂરી જેવા અધ્યાપકો, પ્રોફેસરો, શિક્ષકો તમારું ઘડતર કરે છે. બહુ સહેલું નથી, ભાઈ, કલાના ક્ષેત્રમાં હાથ નાખવો તે અંગારાને હાથમાં પકડવા જેવું છે. અંગારો હાથમાં પકડાઈ જાય ને બીજા કોઈ કામના ન રહીએ એવી કળા પકડાઈ જાય છે, અને આખી જિંદગી બીજું કાંઈ સૂઝે નહીં એવું થાય છે. કળા સિવાય બીજું કાઈ કામ ન કરવું પડે એવા મારા જેવા દાખલા પણ છે. આખી જિંદગી સુધી કળા પ્રત્યેની વફાદારી નિભાવી છે.

આ ઘડતર કરનારા લોકોએ શોર્ટ ફિલ્મ કોમ્પિટિશન પણ યોજી છે. એ સાંભળીને હું રાજી થયો કે આ શોર્ટ ફિલ્મ બનાવવી, આ ફિલ્મો છે તે કેટલી બધી ગેરસમજણો ફેલાવે છે. ફિલ્મો એટલી બધી ગેરસમજણની પ્રક્રિયા ઊભી કરે છે કે સુહાગરાતથી માંડીને બધી જ ગેરસમજણો ઊભી થાય છે. ઘૂંઘટ ઢાંકયો હોય, પલંગ હોય, ફૂલોની સેરો હોય ને દૂધના ગ્લાસ હોય એવું ક્યાંય નથી હોતું જીવનમાં, દોસ્તો. એક માણસ આવીને પચ્ચીસ ગુંડાઓને ફટકારતો ફટકારતો ગામ બહાર મૂકી આવે એવું બનતું નથી. બને છે શું? ગાયોનાં રક્ષણ માટે, ગાયોને પાછી લઈ આવે છે. ચોરીમાંથી માંગળાવાળો ધસી જાય છે. બલિદાન આપ્યું છે એ વાછડાદાદા માટે, આ જીવન બનતું આવતું હોય છે. ફિલ્મોમાં જે વાતો બનાવવામાં આવે છે તેને આપણે ઘડતર કરવાવાળા માણસો સમજી શકીએ છીએ કે ભાઈ આ માણસ જે કળાની તરસ લઈને કૂવામાં પડ્યો છે. આને મારે ઉગારવાનો છે. એને કળાની તરસ છે, પ્યાસ છે. ખેર, ફિલ્મોની ગેરસમજોમાંથી ઉગારવા માટે શોર્ટ ફિલ્મો છે. ફિલ્મોનું જીવન એક મિનિટ જેવું છે. ફિલ્મ ઍકટરોને તમે પણ જુઓ છો અને હું પણ જોઉં છું. પડદા પર કે ટીવી સ્ક્રિન પર માણસ જુએ છે ત્યારે એક મિનિટની જેમ, એની ઘટનાની ધીરજ હોય છે. એન્જિનિયરની જેમ ચણતર હોય છે. એક યોગી જેવી એકાગ્રતા હોય છે, ત્યારે ફિલ્મમેકર બની શકાય છે. આ નાનકડા તમારા પ્રોસેસમાં આજે તમે આઠ દશ મિનિટની એક ફિલ્મના જીવનનો આખો ખ્યાલ આવી શકે છે. આ ખ્યાલ આપવા માટે ફિલ્મ શું છે એ સમજાવવા બનાવી તો જુઓ. આવા ફેસ્ટિવલમાં બીજી કોઈ યુનિવર્સિટી કે બીજી કોઈ સંસ્થાઓએ આ ફેસ્ટિવલમાં આમેજ નથી કર્યો, આ જે પ્રયત્ન થયો છે એને બિરદાવવા માટે હું આવ્યો છું.

ભાઈ! પ્રજાના હૃદયના પ્રેમનો આ મહાધોધ વહી રહ્યો છે. વિદ્યાર્થીઓના ઉમંગનો, એના ચિત્કારોનો, એક ધોધ વહી રહ્યો છે. એમાં હું મારી ટબુડી લઈને અર્ધ્ય આપવા માટે આવ્યો છું. આ વિદ્યાર્થીઓ લાહવો લઈ રહ્યા છે. અમારા જમાનામાં આવું નહોતું. અમારે પોતે મહેનત કરવી પડતી હતી, અમારે જાતે મજૂરી કરવી પડતી હતી, અને પોતે પડવું પડતું’તું.

‘‘ચલતે ચલતે ગીર પડે ગીર કર ઊઠે ઊઠ કર ચલે..... ફિર ચલે....... ’

*આ ફેસ્ટિવલ વિશે એટલું જ કહીશ:*
*ઈસકી યાદો કો આંખો મેં મહેફૂઝ રખના*
*બહોત દેર તક રાત હી રાત હોગી*
*મુસાફિર હો તુમ ભી, મુસાફિર હૂં મૈં ભી*
*ફિર કભી કિસી મોડ પર મુલાકાત હોગી.*

(૨૧, શિવાલી અપાર્ટમેન્ટ, રંગવાલા ટાવર પાસે, લૉ ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.
મો.: ૯૮૨૫૯૯૦૮૨૩)

## અંગ્રેજી કાવ્યોનો ગુજરાતી અવતાર

જ્યોતીન્ પટેલ

(૧)

There is a man in the world
Who never gets turned down,
Wherever he chances to stray;
He gets the glad hand in the populous town,
Or out where the farmers make hay;
He is greeted with pleasure on deserts of sand,
And deep in the isles of the wood;
Wherever he goes there is a welcoming hand –
He's the man who delivers the goods.

– Walt Whitman

### વિરલો હશે કોઈ

સત્યમ્-શિવમ્-સુન્દરમ્ જીવનાધાર જેનો,
વિરલો હશે કોઈ તો વિચરતો ધરાતલે.
જાય અહીં તહીં દેશે-વિદેશે
જાકાર કદી ના પામતો જે.
માનવો થકી ફાટ ફાટ નગર માંહ્યે
આલિંગનારો કોઈક તો હશે એને –
સત્કારશે સ્મિત મુખે ધરી કો ખેડૂ એને –
ધીકતી મરુભૂમિ મધ્યે ય ઝાલશે કોઈ હાથ એનો –
અરણ્યકેડીએ હશે કોઈક તો ભેટનારું એને.
પડશે પગ એનો ધરા-પટલે જહીં જહીં
હશે જન કોઈક તો ભરી બાથમાં હૂંફાળનારો.

(૨)

Or piace I choose,
Or piace I shun;
My soul is satisfied with none;
But when
Thy will direct my way,
Tis equal joy
T0 go or stay.

### અજવાળે પથ મારો

હૈયા-હાર સમું હો કો થાનક
યા હો કો થાનક નરક સમાણું
નિરાંત ના, ના સંતોષ આતમને એક્કેયથી.
યાચું ધરણી તણા ધણી તને.
અજવાળજે પથ મારો કૃપા કરીને –
હશે હૈયે હરખ સમાન મારે
રહું અહીં...
કે...
કરું પ્રસ્થાન અહીંથી.

(૩)

There is no thrill in easy salling
When skies are clear and blue;
THere is no joy in merely doing things
That may man can do.

But there is some satisfaction
THat is mighty sweet to take,
When you reach a destination
That you thought you would never make.

– Spirella

### સાંબેલું વજારજે તું

સુખ શું એ સુખમાં મળી ગયું જે સ્હેજમાં,
હવાદ ના કશો વાયરા હારે વહી જવામાં.
જગ આખું જે કરે સ્હેજે સ્હેજે હળવાશથી,
માલ શો કરવામાં જે જન જન કરી જાણતો,
વજારશે તું સાંબેલું તો હૈયું અતિ આનંદશે.
શંકા તું સેવતો'તો તુજ ધ્યેયને જે પામવા,
ઊમડશે ઘૂમડશે તવ હૈયું અતિ ઉન્માદમાં
ફતેહશે જબ ધ્યેયને જે માનેલું તેં દોહાલું.

(૪)

### કંડાર વાટ રાનમાં

લોક ચાલ્યું જે મારગડે વળગી શીદ તું રે'તો,
ચાતર મારગ કદીક તો વાટ્યો જે સૌ લોકથી.
ધરી હામ તવ હૈયે કંડારજે વાટ તારી રાનમાં,
જે ના પામ્યો જિંદગીમાં પામશે તું જરૂર ત્યાં.
પહેલી ખોજ તારી તને દોરશે ખોજ બીજી ભણી,
ચાલશે સિલસિલો ખોજનો કીડી તણી હાર પેઠે.
ખોજ તારી ધ્યાને ચઢી ના ચઢી લોકને ત્યાં તો,
થાશે તવ મસ્તકે ઝબક ઝબક નૂતન તેજરેખા.
છૂટજે જીર્ણ લોકવિચારથી વિચાર નૂતન પામવા,
છે વિચાર વિચારવંત કેરા માવડી નવી ખોજના

*(વિચારબીજ: ગ્રહામ બેલ)*

('અવિચલ', શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦)

## समकालीन भारतीय शिक्षा व्यवस्था

शिव प्रसाद शुक्ल

प्राचीन शिक्षा व्यवस्था के बजाय समकालीन २८ राज्य शिक्षा परिषद एवं केन्द्रीय माध्यमिक शिक्षा परिषद के पाठ्यक्रम राज्य एवं केन्द्र स्तर पर चल रहे हैं । २८ राज्य शिक्षा परिषद प्रादेशिक एवं अंग्रेजी में शिक्षा देने के लिए प्रतिबद्ध हैं तो केन्द्रीय, नवोदय, सैनिक एवं मिलिटरी स्कूल हिन्दी एवं अंग्रेजी में शिक्षा दे रहे हैं । इन २८ राज्यों के पाठ्यक्रमों में प्राइमरी से लेकर बारहवीं तक काफी भिन्नता हर स्तर पर है जबकि N.C.E.R.T. के पाठ्यक्रम सेमेस्टर के अनुसार हिन्दी एवं अंग्रेजी में चल रहे हैं । राज्य शिक्षा परिषद TET या TAT परीक्षा के माध्यम से अपने अपने प्रदेशों में प्राइमरी से लेकर बारहवीं तक के अध्यापकों की नियुक्ति करती है । हालाँकि बी.एड. या एम.एड. के बाद TET या TAT की परीक्षा में सामूहिक नकल जग जाहिर है । केन्द्रीय विद्यालय संगठन द्वारा केन्द्रीय, नवोदय, सैनिक एवं मिलिटरी स्कूलों के प्राइमरी से लेकर बारहवीं तक के अध्यापकों की नियुक्ति CIET की परीक्षा या PGT की परीक्षा पास होने के बाद होती हैं । धीरे-धीरे दिल्ली पब्लिक स्कूल भी वैश्विक सतर पर पैर फैला रहे हैं । भारत से तमाम लोग विस्थापित होकर विदेशों में बस रहे हैं । केन्द्रीय विद्यालयों की प्रवेश प्रक्रिया केन्द्रीय कर्मचारियों के विद्यार्थियों तक ही सीमित है । इसलिए भारतीय संविधान का उल्लंघन पहले से ही भारत में होता आ रहा है । भले ही शिक्षाविद भारतीय बहुभाषिकता का ढोल पीटते रहें । लेकिन समकालीन भारतीय शिक्षा व्यवस्था की अनियमितता भी जगजाहिर है । I.I.T., I.I.M., Agriculture, Medical, B.B.A., B.C.A. एवं इंजीनियरिंग में प्रवेश प्रवेश परीक्षा के तहत होता है । इसमें नियमित विद्यार्थियों की फीस सरकर निर्धारित करती है जबकि मैंनेजमेन्ट कोटे की फीस सरकार एवं मैनेजमेन्ट निर्धारित करते हैं । इसलिए प्राथमिक से लेकर उच्च शिक्षा की गुणवत्ता खतरे में पड़ी है या यों कह लीजिए कि हर फैकल्टी के अच्छे विद्यार्थी विदेशों में विस्थापित हो रहे हैं ।

योग्य शिक्षकों एवं प्राध्यापकों का अभाव भारत में क्यों है? भारतीय शिक्षा का विदेशीकरण कहाँ तक आवश्यक है? येन-केन प्रकारेण डिग्री धारी शिक्षित नवयुवक गुमराह क्यों हो रहे हैं? संघ लोक सेवा आयोग, राज्य लोक सेवा आयोग, विश्वविद्यालय अनुदान आयोग, I.C.A.R., C.S.I.R. के पाठ्यक्रम अलग-अलग एवं परीक्षा के माध्यम भी अलग-अलग हैं । विज्ञान, तकनीकी, इंजीनियरिंग, कॉमर्स, मेडिकल, B.B.A. एवं B.C.A. आदि के शिक्षा एवं परीक्षा के माध्यम अंग्रेजी में हैं । मात्र आर्ट्स एवं एज्युकेशन फैकल्टी प्रादेशिक भाषाओं में शिक्षा देते हैं । इसीलिए U.G.C. एवं C.S.I.R. की परीक्षा हिन्दी एवं अंग्रेजी में होती है । जो विद्यार्थी U.G.C. एवं C.S.I.R. की परीक्षा पास रहते हैं उनको केन्द्र सरकार Fellowship (छात्रवृत्ति) देती है जिससे वे सुचारु रूप से शोधकार्य सम्पन्न कर सकें । इन सब के बावजूद भी शोध का भी स्तर काफी गिरा है । फिलहाल मेहरोत्रा समिति की सिफारिश के आधार पर U.G.C. एवं C.S.I.R.J.R.F. की परीक्षाएँ १९८६ से ली जा रही हैं । राज्य विश्वविद्यालयों में पढ़ने वाले विद्यार्थी इस परीक्षा को नहीं पास कर पाते थे । इसीलिए यू.जी.सी. से अनुमति लेकर स्लेट (SLET) की परीक्षा हर प्रदेश में प्रादेशिक भाषा अथवा अंग्रेजी भाषा में हो रही है । इससे भी अंग्रेजी को ही बढ़ावा मिल रहा है । U.G.C. या C.S.I.R.J.R.F. की परीक्षा पास होने पर छात्रवृत्ति मिलती है उसी तरह से राज्य स्तर की पात्रता परीक्षा (SLET) पास करने पर राज्य सरकारों को फेलोशिप देनी चाहिए । कोई भी राज्य सरकार SLET की परीक्षा पास करने वाले विद्यार्थी को फेलोशिप शोध के लिए नहीं दे रही हैं । NET या SLET की परीक्षा पास विद्यार्थी सड़क पर घूम रहे हैं उसके बावजूद भी U.G.C. एवं C.S.I.R. वर्ष में दो बार परीक्षाएँ ले रही हैं । इसी तरह से हर विश्व-विद्यालय वर्ष में दो बार Ph.D. की प्रवेश परीक्षा ले रहे हैं । यदि विश्वविद्यालय सुनिश्चित कर लें कि NET या SLET पास करने वालों को ही Ph.D. करवायी जाय तो ज्यादा अच्छा होगा । फिलहाल विश्वविद्यालयों की नियुक्ति में नेट स्लेट पास होना अनिवार्य माना गया

है जब कि केन्द्रीय विश्वविद्यालयों में U.G.C.J.R.F. नेट की परीक्षा पास विद्यार्थी ही आवेदन कर सकते हैं । यू.जी.सी. मुण्गेकर समिति की सिफारिश के आधार पर विश्वविद्यालयों में नियुक्ति के लिए मुख्ख्य आधार योग्यता नेट या स्लेट है । जून २०१२ से U.G.C. एवं SLET की परीक्षाओं के तीनों प्रश्न पत्र लघुत्तरीय कर दिए गये हैं तथा नकारात्मक प्रश्नों के अंक काटने की प्रथा भी खत्म कर दी गयी जिस से नेट/स्लेट पास करने वाले विद्यार्थियों में बाढ़ सी आ गयी है । इसलिए नेट या स्लेट का तृतीय प्रश्नपत्र विस्तृत स्तरीय होना नितांत आवश्यक है । महाविद्यालयों में नियुक्ति कुछ राज्यों में राज्य लोक सेवा आयोग या उच्चतर शिक्षा सेवा आयोग या मैनेजमेन्ट के लोग करते हैं । इसलिए प्राध्यापकों की नियुक्ति में पारदर्शकता लाना अनिवार्य है । राज्य, डीम्ड, निजी एवं केन्द्रीय विश्वविद्यालयों को अपना पाठ्यक्रम U.G.C., C.S.I.R., संघ लोक सेवा आयोग, I.C.A.R. एवं राज्य लोक सेवा आयोग के पाठ्यक्रमों के मुताबिक रखें तो प्रतिभागियों को विशेष लाभ होगा । धीरे धीरे वस्तुनिष्ठ प्रश्न पत्र होने के कारण परीक्षाएँ online होती जा रही हैं । इसलिए केन्द्र, राज्य एवं मैनेजमेन्ट के लोगों को भी विद्यार्थियों के भविष्य को ध्यान में रखते हुए टैबलेट/लेप्टॉप वाई फाई के साथ हर शैक्षणिक परिसर में उपलब्ध कराया जाय । विद्यार्थियों की communication skill (सम्प्रेषण कोशिका) को इस तरह से प्रशिक्षित किया जाय जि ससे प्रतिभागी वैश्विक परिप्रेक्ष्य में अपनी क्षमता का अच्छा प्रदर्शन कर सकें । इंदिरा गाँधी राष्ट्रीय मुक्त विश्वविद्यालय, नई दिल्ली की तरह स्तरीय पाठ्य सामग्री विद्यार्थियों को मुहैया कराया जाय । धीरे-धीरे राज्य सरकारों को भी ज्ञान दर्शन, व्यास, चाणक्य, डिसकवरी चैनलों की तरह शिक्षा को दृश्य-श्राव्य माध्यम से प्रसारित किया जाय । शिक्षा की गुणवत्ता एवं भाषिक सम्प्रेषण क्षमता को लेकर आम नागरिक काफी चिन्तित हैं । आज की शिक्षा में आदर्श एवं नैतिकता का अभाव सतत दिखायी दे रहा है । इसलिए प्राथमिक से लेकर उच्च शिक्षा को पारदर्शक बनाना नितांत आवश्यक हैं ।

भारतीय भाषाओं में फोन्ट की असुविधा मोबाइल, लेप्टोप, टैबलेट से दूर करने की कोशिश करनी चाहिए । सी डैक यूनीकोड की व्यवस्था के साथ Text to Write एवं Write to text की व्यवस्था में लगा है । यूनीकोड का प्रयोग भली प्रकार से न होने पर भारतीय भाषाओं के ईमेल, SMS एवं टाइप में परेशानी आती है । इसलिए विद्यार्थियों को केन्द्र एवं राज्य सरकार की शैक्षिक नीतियों के आधार पर शिक्षित किया जाय तो उनका भविष्य सुधरेगा । कई बार नेट/स्लेट पास विद्यार्थी एवं प्रोफेसर की सम्प्रेषण क्षमता पर तरह-तरह के प्रश्न चिह्न खड़े हो रहे हैं । NAAC से लोगों की उम्मीद बँधी थी परंतु ग्रेड या स्टार या प्वाइंट सिस्टम को देखकर काफी निराशा होती है । इसलिए प्राथमिक से लेकर उच्च शिक्षा संस्थानों को अद्यतन सुविधाओं के साथ अच्छे अध्यापकों एवं प्राध्यापकों को नियुक्त करना अनिवार्य है । मातृभाषा, सम्पर्कभाषा एवं विदेशी भाषा की जानकारी हर विद्यार्थी या अभ्यर्थी को होनी चाहिए । इसलिए CIET एवं PGT की परीक्षा में हिन्दी एवं अंग्रेजी के प्रश्नों को पास करना अनिवार्य है । उसी तरह TET या TAT की परीक्षा में भी मातृभाषा, सम्पर्कभाषा एवं विदेशी भाषा के प्रश्नों को पास करना अनिवार्य बनाया जाय । यदि होता एवं वाई.के. अलघ समिति की सिफारिशों को लागू किया जाय तो बारहवीं कक्षा के बाद विद्यार्थियों की फैकल्टी का निर्धारण हो जाय । सरकारी क्षेत्रों में भ्रष्टाचार के कारण हर व्यक्ति सरकारी नौकरी करना चाहता है ।

भारतीय ज्ञान आयोग के अध्यक्ष डा. साम पित्रोडा 1500 विश्वविद्यालयों की अपेक्षा रखते हैं । हमारे पास जितने विश्वविद्यालय हैं यदि उनकी गुणवत्ता को सुनिश्चित्त किया जाय तो भी विद्यार्थियों को विशेष लाभ मिलेगा । २८ राज्य शिक्षा परिषद के प्राथमिक एवं माध्यमिक विद्यालयों में 'मिड डे मील' व्यवस्था के कारण काफी अनियमितता दिखायी दे रही है । इसीलिए पब्लिक स्कूलों की संख्या उत्तरोत्तर बढ़ती जा रही है । इसीलिए दिल्ली पब्लिक स्कूल, सेन्ट जॉन, सेन्ट मेरी एवं अन्य I.S.C. बोर्ड द्वारा संचालित विद्यालयों में मात्र और मात्र अंग्रेजी माध्यम का पाठ्यक्रम पढ़ाया जा रहा है । इस प्रकार देखा जाय तो भारतीय संविधान की संकल्पना कुछ और भारत में व्याप्त शैक्षिक अनियमितता कुछ और का ही बयान कर रही है । हम अंग्रेजी माध्यम से परहेज नहीं करते हैं परंतु वरिष्ठ शिक्षाविदों ने मातृभाषा के मारफत अंग्रेजी माध्यम सीखने की पहल की है । इसलिए उच्च शिक्षा की नींव प्राथमिक शिक्षा पर टिकी है । हमें प्राथमिक शिक्षा को सर्वगुण सम्पन्न

एवं सार्वभौमिक बनाना होगा । यह अनियमितता शिक्षा को समवर्ती सूची में रखने के कारण आयी है । किसी भी भाषा का प्रयोग व्यावहारिक, इलेक्ट्रानिक, शोध एवं अन्वेषण में भली प्रकार हो रहा है तो उसके लिए कोई खतरा नहीं है । भारतीय शिक्षा को समकालीन बनाने के लिए प्राथमिक से लेकर उच्च शिक्षा में बुनियादी परिवर्तन अनिवार्य है । केन्द्र एवं राज्य सरकारें यदि इस पर एकमत होकर निष्कर्ष निकालेंगी तो विद्यार्थियों को विशेष लाभ मिलेगा । आर्ट्स फैकल्टी के लिए सेमेस्टर सिस्टम की आवश्यकता नहीं है । प्राथमिक से लेकर उच्च शिक्षा में सेमेस्टर सिस्टम का दाखिल किया जाना, शिक्षा के पश्चिमीकरण का ही प्रतीक है । इसलिए प्राथमिक से लेकर उच्च शिक्षा को पारदरर्शक, तटस्थ एवं निरपेक्ष रखना अपेक्षित है । आज भारत में कुछ विश्वविद्यालयों की अच्छी पहचान है जब कि अन्य विश्वविद्यालयों में पढ़ने वाले विद्यार्थी लघुताग्रंथि के शिकार हैं । इसलिए प्राथमिक से लेकर उच्च शिक्षा में व्याप्त विद्यार्थियों की लघुताग्रंथि को दूर किया जाय । शैक्षिक अनियमितता का परिणाम नक्सल, माओ एवं आतंकवादी गतिविधियाँ हैं । इसलिए सब के विकास के समान अवसर उपलब्ध कराना सरकार एवं लोगों की जिम्मेदारी है । शिक्षा में व्याप्त मत्स्य–न्याय बिल्कुल अच्छा नहीं है । सब को सार्वभौमिक ज्ञान प्रदान किया जाय जिस से ग्लोबल भारत (वैश्विक भारत) का सपना साकार हो । 'सर्वे भवन्तु सुखिनः' की धारणा समकालीन शिक्षा व्यवस्था देने में असमर्थ है । हमें असंभव संभावना गाँधी या गाँधी के देश में यह देखते–लिखते अपमानित होना पड़ रहा है । राष्ट्रीय अस्मिता की शिक्षा ही भारतीयों का कल्याण करने में सक्षम है । वैश्विक शैक्षिक मानदंडों में भारतीय शिक्षा की उपादेयता को निर्धारित करना होगा । इसलिए भारतीय शिक्षा को ग्लोकल से ग्लोबल तक की यात्रा करनी है । इसलिए केन्द्र, राज्य एवं मैनेजमेन्ट के लोग अपनी–अपनी जवाबदारी सुनिश्चित करके शिक्षा को अत्यधिक मानव संसाधनयुक्त बना सकते हैं ।

(डी–४, नीलकंठ बंगलोज, यमुना पार्क के पास,
वल्लभ विद्यानगर, आणंद, गुजरात – ३८८ १२०.
दूरभाषः ०२६९२२३३६२९.
सचलभाष ९४०९२१४६१९, ९४२७४५९५५२.
ईमेलः shukla.shiv67@gmail.com)

## *॥ પ્રતિભાવ ॥*

(તમિળનાડુ સરકારમાં અધિક મુખ્ય સચિવના હોદ્દેથી નિવૃત્ત થયેલા ૮૨ વર્ષના **દેવેન્દ્રભાઈ કે. ઓઝા**, નિવૃત્ત આઈએએસ, વિ-વિદ્યાનગરના નિયમિત વાચક જ નથી, પોતાના પ્રતિભાવ પણ નિયમિત રીતે પોસ્ટકાર્ડ કે ઈમેઈલ દ્વારા પાઠવે છે.)

(૧)

'પત્નીને યજ્ઞનો અધિકાર' એ પારુલટીના દોશીનો લેખ વિ-વિદ્યાનગરમાં વાંચ્યો. ઘણો ગમ્યો. 'સ્ત્રીદાક્ષિણ્ય અને સમાજમાં સ્ત્રીઓનું સ્થાન' એ વિશે આપ વિસ્તારથી લખો અને બની શકે તો પુસ્તકકારે પ્રસિદ્ધ કરો એવું મારું સૂચન છે. એક નાનો મુદ્દોઃ સાવ અભણ એવા અખા ભગતના 'ચાબખાઓ'માં સ્ત્રીઓને ઊતરતી કક્ષામાં ગણવાની સામાજિક વૃત્તિ વિશે ઉગ્ર ટીકા છે તે આપના ખ્યાલમાં હશે. (૩૦-૯-૨૦૧૩)

(૨)

ઑક્ટોબર ૨૦૧૩નો 'વિ-વિદ્યાનગર' અંક સમૃદ્ધ હતો. ઘણો ગમ્યો. આવી પ્રસાદી આપતા રહેશો. શૈલજા ધ્રુવનો લેખ – પાટીદાર ભાઈઓ વિશે – વિદ્વતાભર્યો છે. શ્રી રાજેન્દ્રસિંહ જાડેજાનો લેખ 'સજ્જતા' પણ ટૂંકો અને ટચ છતાં અર્થસઘન છે. (૧-૧૦-૨૦૧૩)

(૩)

શ્રી ગૌરાંગ જાનીનો શ્રી વિઠ્ઠલભાઈ પટેલ વિશેનો લેખ ખૂબ રસપ્રદ હતો. શ્રી હરિ દેસાઈએ પોતાના ટૂંકા લેખ 'નવા વર્ષના સંકલ્પો'માં સુંદર વિચારો સરળ ભાષામાં આપ્યા છે. (વિ-વિદ્યાનગર, નવેમ્બર ૨૦૧૩).

હું વલભીપુરનો વતની છું. ત્યાં જ ૧૯૪૫ અને ૧૯૪૬ એ બે વર્ષ ભણ્યો. (મારા પિતા ત્યાં ૨૦ વર્ષ કામ કરતા હતા.) મેં જૈન દસ્તાવેજોની મહાન લાઈબ્રેરી જોઈ છે. ખુલ્લાં ખેતરો, જૂની ઈંટો અને સિક્કા પણ જોયા છે. એ વેળા તે ગામ માત્ર એક કાર અને થોડા ઘણા ઘોડાઓ ધરાવતું હતું. અમે રોજ નદીએ જતા હતા. ત્યાં મોટું જૈન મંદિર / ઉપાશ્રય હતાં. જ્યાં વર્ષમાં એકવાર જૈન સંઘ (બે દિવસ ચાલતો ભોજન યાત્રા-ઉત્સવ) યોજાતો. પ્રગટ મહાદેવ મારી મનપસંદ જગ્યા હતી, જ્યાં અમે 'આંબલી-પિંપળી' રમતા હતા. એક દિવસ અમારામાંનો એક છોકરો રમતાં રમતાં ઊંચી ડાળીએથી પડ્યો. તેનો પગ ભાંગ્યો અને અમે કાયમ માટે એ રમતને તિલાંજલિ આપી.

મારા પિતાએ જ 'વળા'નું નામ બદલીને મૂળ વલભીપુર રાખવા સૂચવ્યું હતું અને એમાં સફળ રહ્યા હતા. (૫-૧૧-૨૦૧૩)

(૪)

'ઢળતા વર્ષે ઊઘડતી અપેક્ષાઓ' લેખ વાંચ્યો. ઘણો ગમ્યો. 'વિ - ડિસેમ્બર ૨૦૧૩' ખાસ કરીને અનંતમૂર્તિનું ટાંચણ ઘણું જ બંધબેસતું છે.

પારુલટીનાબહેનનો લેખ પણ ગમ્યો. બહેનોના હક, સ્વાધીનતા વગેરે ઉપર તેઓ વારંવાર ભાર મૂકે છે તે પ્રસંશનીય છે. ખાસ કરીને પરંપરાથી ચાલતા આવેલા અન્યાયો – જેઓને શાસ્ત્રોની સંમતિ છે એમ કહેવામાં આવે છે તેની ઉપર હુમલા કરે છે તે ગમે છે. (૨૮-૧૧-૨૦૧૩)

(DK Oza, 1, First Cross Street, Indira Nagar, Adyar, Chennai 600 020)

(તંત્રીનોંધઃ સુજ્ઞ વાચકોના પ્રતિભાવો-સૂચનોની અમને કાયમ પ્રતીક્ષા રહે છે. જાન્યુઆરી ૨૦૧૦થી 'વિ'ના તમામ પ્રકાશિત અંકો વેબસાઈટ www.ecvm.net પર આપ વાંચી શકશો.)

# डा. नामवर सिंह की आलोचना में प्रगतिवादी चेतना

गोविंद के. नंदाणिया

समकालीन आलोचना के वैचारिक पक्ष का उद्घाटन करने में जिन समीक्षकों का विशेष योगदान है, उनमें रामविलास शर्मा मुक्तिबोध के साथ-साथ नामवर सिंह का नाम विशेष रूप से उल्लेखनीय है । नामवर सिंह के लेखन और संघर्ष की विशेषता यह है कि उन्होंने जिन मान्यताओं को स्वीकृत करवाने के लिए संघर्ष किया था, वह देर से लेकिन स्वीकृत हुई है । प्रारंभ में विरोध-समर्थन हुआ, लेकिन आगे चलकर उन बातों को मान लिया गया है । इन बातों में छायावाद, मुक्तिबोध तथा हजारीप्रसाद द्विवेदी की प्रगतिशीलता को मान लिया गया है । आलोचक के रूप में नामवर सिंह का स्थान मुक्तिबोध और डा रामविलास शर्मा के बीच का है । डा. रामविलास शर्मा और नामवर सिंह दोनों में पद्धतिगत मतभेद हैं, लेकिन निराला, प्रेमचंद, रामचंद्र शुक्ल, भारतेन्दु, तुलसीदास, कालिदास तथा वाल्मीकि के बारे में इन दोनों आलोचकों के मत में समानता है । नामवर सिंह के आलोचना कर्म की शुरूआत 'हिन्दी के विकास में अपभ्रंश के योग' (१९५२) से ही बनी है। रांगेय-राघव, धर्मवीर भारती, शिवप्रसाद सिंह, देवीशंकर अवस्थी आदि की तरह नामवर सिंह भी उस श्रेणी के आलोचक हैं जिन्होंने अपना शोध कार्य प्राचीन साहित्य पर करने के बावजूद भी अपनी गहरी आत्मीयता अपने समय के साहित्य के प्रति प्रदर्शित की है । उनकी महत्त्वपूर्ण किताबें हैं —

१. हिन्दी के विकास में अपभ्रंश का योग — १९५२
२. आधुनिक साहित्य की प्रवृत्तियाँ — १९५४
३. छायावाद — १९५५
४. पृथ्वीराज रासो की भाषा — १९५६
५. इतिहास और आलोचना — १९६२
६. कहानी नयी कहानी — १९६६
७. कविता के नए प्रतिमान — १९६८
८. दूसरी परंपरा की खोज — १९८२
९. वाद विवाद संवाद — १९८९
१०. जमाने के दो दो हाथ — २०१०

'आधुनिक साहित्य की प्रवृत्तियाँ' पुस्तक में नामवर सिंह ने छायावाद, रहस्यवाद, प्रगतिवाद, प्रयोगवाद इन चार प्रवृत्तियों की चर्चा की है जो वाद के रूप में प्रचलित हैं । वाद विशेष की स्वभावगत एकांगिता इसमें हर एक के साथ जुड़ी हुई है जिसके फलस्वरूप साहित्य-रचना में यत्र-तत्र विकृतियाँ भी आयीं, किन्तु इनके साथ यह तथ्य है कि आधुनिक साहित्य का जो भी रूप आज विधायी पड़ रहा है वह हिन्दी साहित्यिक आंदोलन के कारण और हिन्दी साहित्य की वृद्धि में इसका निश्चित ऐतिहासिक योग हैं ।

आगे चलकर नामवर सिंह ने एक आलोचक के रूप में जो पहचान बनाई है वह दृष्टि की मौलिकता, वैचारिक संघर्ष, आलोचना की सृजनात्मक भाषा एवं पारदर्शी विवेचन उनकी 'छायावाद' पुस्तक में देखने को मिलती हैं । उसमें सामाजिक सत्य का उद्घाटन है । इसमें नामवर सिंह ने भक्तिकालीन संत और भक्त कवियों की स्वअनुभूति की चर्चा छायावादी काव्य के संदर्भ में की है। उनका यह भी कहना है कि छायावाद बहुत व्यापक क्षेत्र को समेट कर चलने वाला काव्य आंदोलन था, लेकिन व्यक्तिवादी प्रवृत्ति के कारण व्यापक जन-ज ीवन के कुछ पक्ष उससे छूट गये थे । जिस प्रकार छायावाद द्विवेदी युगीन काव्य का विकास था, उसी तरह प्रगतिवादी काव्य छायावादी काव्य का ही विकास है । इस पुस्तक की भूमिका में उन्होंने लिखा है कि रचना की महानता से ही आलोचना महान होती है ।

'इतिहास और आलोचना' के निबंधों में लेखक का वैचारिक संघर्ष है जब देश की राजनीति में शीत युद्ध चल रहा था. जिस समय समाजवादी लोग एक ओर सामाजिक यथार्थ, लोक-दृष्टि, लोक-साहित्य, सामाजि क संकट, साहित्य जैसे विषयों पर ध्यान केन्द्रित कर रहे थे तथा दूसरी तरफ पूँजीवादी मूल्य-व्यवस्था के सभी लेखक व्यक्ति स्वातंत्र्य, सत्ता और राजनीति आदि विषयों को उछालकर समाजवादी व्यवस्था में लेखक के दमन का सवाल जोर-शोर से उठा रहे थे । इस किताब के पहले ही निबंध 'व्यापकता और गहराई' में नामवर सिंह 'आलोचना' के नए संपादक मंडल द्वारा प्रेमचंद के विरोध का प्रश्न उठाते हैं, वे लोग प्रेमचंद पर सतहीपन का आरोप लगाते हैं और अज्ञेय तथा

जैनेन्द्र को उनसे बड़े लेखक मानते हैं । उनका मानना है कि उनमें प्रेमचंद से अधिक गहराई मिलती है । नामवर सिंह व्यापकता और गहराई को उस रूप में नहीं देखते हैं जिस रूप में प्रेमचंद को उनके विरोधी लोगों ने एक छोटा और साधारण लेखक साबित करने की कोशिश कर रहे थे । नामवर सिंह का मानना है कि जैनेन्द्र और अज्ञेय जैसे लेखकों में व्यापकता की कमी के कारण उनकी गहराई में कमी आई है । अनुभूति की गरहाई के बिना अनुभूति की व्यापकता असंभव है । क्योंकि अनुभूति की गहराई अनुभूति की व्यापकता से ही निर्धारित होती है ।

नामवर सिंह यहाँ पर एक महत्त्वपूर्ण स्थापना करते हैं कि सामाजिक वास्तविकता में प्रवेश करने पर ही हम अपने मन में प्रवेश करते हैं । वे कहते हैं 'जिन्होंने समाज की वर्तमान विषमता से आँखें मूंद ली हैं उन्हें अपने जीवन के बारे में सोचने-विचारने से छुट्टी है और यदि वे सोचते-विचारते भी हैं तो केवल निजी जरूरत की बातें । उनके सोचने में गहराई नहीं होती, इसलिए उनमें मानवता नहीं होती । इस प्रकार गहराई की व्यापकता मानवता तक जाती है ।'[१] आगे चलकर नामवर सिंह ने 'प्रगतिशील वस्तु और प्रयोगवादी शिल्प में कैसे अपनी शक्ति खो देती है इसका उदाहरण उनकी 'वर्ली किसान' और 'ग्वालियर के गोली कांड' जैसी कविताएँ हैं । जब शमशेर जैसे कवि का यह हाल है तो उन कवियों की बात क्या की जाय जिनके लिए प्रयोगवाद एकदम अनसधी मशीन हैं । इतिहास और आलोचना किताब में साही, अज्ञेय आदि की उत्साह एवं आत्मविश्वास के साथ आलोचना की गयी है । इसमें उन्होंने मार्क्सवाद का तात्विक रूप ग्रहण करके समस्याओं का दो टूक समाधान भी पेश किया है ।

'साहित्य की पहचान' पुस्तक दो भागों में विभाजित है । पहला भाग कविता केन्द्रित व्याख्यान का है और दूसरा भाग उपन्यास और कहानी केन्द्रित व्याख्यान और वाचिक टिप्पणियों का है । पहले भाग में कविता केन्द्रित जो व्याख्यान हैं वे आधुनिक कवियों पर केन्द्रित हैं । इसमें तीन व्याख्यान निराला की उत्तरवर्ती कविताओं पर केन्द्रित हैं जिस पर नामवर सिंह ने नए दृष्टिकोण से विचार किया है । इन तीनो ं व्याख्यानों में आन्तरिक एकता है कि वे सुमित्रानंदन पंत और महादेवी वर्मा पर केन्द्रित व्याख्यानों से भी इनकी संगति बैठती है । इसके अलावा स्वच्छंदतावाद, छायावाद, हरिवंश राय बच्चन, दिनकर, भारत-भूषण अग्रवाल पर केन्द्रित छोटे-छोटे व्याख्यान भी संकलित हैं । समकालीन कविता के उनके पक्षों की व्याख्या भी नामवर सिंह ने की है । दूसरे खंड में कहानी और उपन्यास की चर्चा करते हुए समकालीन कहानी से संबंधित अनेक चिंताएँ इस पुस्तक में संग्रहीत व्याख्यान में मुखरित हैं । नामवर सिंह जब कहानी की आलोचना के क्षेत्र में आए तो उन पर यह आरोप लगाया गया कि वे कविता के प्रतिमानों से ही कहानी का मूल्यांकन कर रहे हैं । हालांकि उन्होंने स्वयं भी इस बात को स्वीकार किया है कि मैं मूलत: कविता का आलोचक हूँ, कहानियों का मेरा अध्ययन बहुत सीमित है । मुझे यहाँ से जो कुछ भी मिला उनका सबको लेकर मैंने कहानी के मूल्यांकन की एक पद्धति विकसित की क्योंकि मेरा मकसद संपूर्ण आलोचना पद्धति की खोज करना है । जिसका आधार ग्रहण करके प्रत्येक साहित्य रूप का मूल्यांकन किया जा सके । वे लिखते हैं — 'जीवन के जिन मूल्यों की कसौटी पर हम कविता-उपन्सास आदि साहित्य रूपों की परीक्षा करते हैं, उन्हीं पर कहानी की भी परीक्षा होनी चाहिए । इससे कहानी समीक्षा का एक ढांचा तैयार होगा ही, साथ ही साथ मानवीय मूल्यों के संबंध में हमारा ज्ञान भी बढ़ेगा और संपूर्ण साहित्य के मतों की अपर्याप्तता भी क्रमश: कम होगी । आज साहित्य के क्षेत्र में अनेक एकांगी विचार-धारणायें केवल इसलिए फैली हुई हैं कि वे केवल एक साहित्य रूप कविता पर आधारित हैं । बहुत संभव है कि कहानियों का सत्य इनमें से कुछ को एक दम गलत ठहरा दे, कुछ को आवश्यक नोकें मार दे और कुछ में नए कौंछे निकाल दे ।'[२] क्योंकि कविता की अपेक्षा कहानी की सामाजिक शक्ति पर अधिक भरोसा किया जा सकता है । कविता में बिम्ब और प्रतीक से ज्यादा खतरा रहता है ।

नामवर सिंह की कहानी समीक्षा का सबसे विशिष्ट और महत्त्वपूर्ण पक्ष कहानी-पाठ की समूची प्रक्रिया है । जिसमें फालतू या बेकार कहानी टिक नहीं सकती । सार्थक और महत्त्वपूर्ण विचारों से युक्त कहानी ही इस प्रक्रिया में टिक पाती है । कहानी पाठ की इस प्रक्रिया में किसी प्रकार की मौलिकता का दावा नहीं करते हैं । यह एक जोखिमपूर्ण कार्य है जिसे सी.एस. लेविस के 'एक्सपेरीमेंट इन क्रिटिसिज्म' के आधार पर नामवर सिंह ने स्वयं कहानी की आलोचना में एक प्रयोग की संज्ञा दी और उसी रूप में इस कार्य को शुरु किया ।

नामवर सिंह ने कहानी की तरह कविता की आलोचना भी की । क्योंकि वे मूलतः कवि रहे हैं आलोचक बाद में बने । उसी प्रकार उनकी मूल आस्था भी साहित्य में ही रही है, मार्क्सवादी तो बाद में बने । 'कविता के नये प्रतिमान' में उन्होंने बताता है कि 'जिस तरह वैयाकरण भाषा के शब्द नहीं बनाया, उसी तरह आलोचक भी काव्य के मूल्यों का निर्माण नहीं करता है । शब्दानुशासन के समान ही काव्यानुशासन भी वस्तुतः अनुशासन है शासन नहीं.'[३] अपनी इस समझ के कारण वे रचनाकार के वक्तव्यों पर अधिक वजन देते हैं तथा शुद्ध आलोचकों की बजाय आम तौर से कृति समीक्षकों को अधिक महत्त्व देते हैं । यूं तो उन्होंने अपनी पत्रिका 'आलोचना'में मैनेजर पाण्डेय, नंदकिशोर नवल, परमानंद श्रीवास्तव को भी बहुत प्रकाशित किया, लेकिन जब हम उनसे दो नये आलोचक का नाम पूछते हैं तो वे मलयज और विष्णु खरे का नाम लेते हैं जो मूलतः कवि हैं ।

नामवर सिंह डा. रामविलास शर्मा की तुलसी तथा छायावाद सम्बंधी आलोचना की मुख्य दिशा के साथ सहमत हैं । अपने लेखन के इस पहले दौर में नामवर सिंह 'चिन्तन की नयी दिशा' के लिए डा. रामविलास शर्मा का पक्ष लेते हैं । डा. रामविलास शर्मा के समर्थन के बावजूद उनके प्रति सचेत आलोचना का भाव नामवर सिंह में प्रारंभ से ही रहा है । इसलिए जब हम शिवदानसिंह चौहन और डा. रामविलास शर्मा की बात करते हैं तो नामवर सिंह हमेशा रामविलास शर्मा के साथ होते हैं तथा आधुनिकतावादियों के साथ संघर्ष करते समय वे उनसे सहारा भी लेते रहें । नामवर सिंह और डा. रामविलास शर्मा के आलोचनात्मक सम्बंध मुक्तिबोध और हजारीप्रसाद द्विवेदी के मूल्यांकन को लेकर बिगड़ते हैं । डा. नामवर सिंह ने 'कविता के नये प्रतिमान' में जिस तरह से उन्होंने मुक्तिबोध को स्थापित किया उससे डा. रामविलास शर्मा कुपित हुए थे, 'लेकिन दूसरी परम्परा की खोज' के बाद तो वे नाराज हो गये । दूसरी तरफ नामवर सिंह भी विरोध समर्थन की नीति को त्याग करके लड़ने के लिए तैयार हो गये, यह संघर्ष अनिवार्य था और हुआ जो इतिहास में अपना स्थान सुरक्षित करने का संघर्ष था ।

प्रगतिवादी आलोचना के आरंभिक दौर में नामवर सिंह की मूल समस्या साहित्य और समाज के सम्बंधों को स्पष्ट तथा परिभाषित करने की थी । सभी आलोचकों ने अपने अपने ढंग से इस समस्या को सुलझाने का प्रयास किया, लेकिन छायावादी भावुकता, कल्पनाहीनता और प्रकृति प्रेम में निहित सामाजिक सत्य का उद्घाटन कोई नहीं कर पाया । छायावादी भावुकता, कल्पनाहीनता और रहस्यवाद को यथार्थ विरोधी तथा समाज विमुख मानकर प्रगतिशील लेखक संघ ने विरोध करके यथार्थ की ओर बढ़ने का आग्रह दिखाया ।

प्रगतिवाद के विरोधियों ने छायावाद का प्रगतिवाद के विरोध के लिए इस्तेमाल करना शुरु किया तब प्रश्न यह सामने आया कि साहित्य की उत्पत्ति समाज से होती है और साहित्य में समाज के यथार्थ की अभिव्यक्ति होती है तो छायावाद की उत्पत्ति एवं उसमें व्यक्त कल्पना के चित्र में यथार्थ कहाँ है? इस प्रश्न का हल निकाले बिना प्रगतिवाद खड़ा नहीं रह सकता ।

नामवर सिंह ने छायावाद के चारों कवियों का गहराई के साथ अध्ययन किया तथा छायावाद में निहित सामाजिक सत्य का उद्घाटन करते हुए यह स्थापित किया कि 'छायावाद ही हिन्दी साहित्य की परम्परा की एक महत्त्वपूर्ण कड़ी है । इसका जन्म हमारे साहित्य की विशेष सामाजिक और साहित्यिक परिस्थितियों में हुआ और फिर विशेष परिस्थितियाँ उत्पन्न हो जाने के कारण इनका पर्यवसान भी हो गया । पर अब यह हिन्दी साहित्य के इतिहास में एक स्थापित तथ्य है ।'[४] इस प्रकार छायावादी भावुकता, कल्पना, सार्वभौम का आकर्षण, मुक्त छन्द, भाषा, शब्द-चयन आदि सभी प्रवृत्तियों का सम्बंध उन्होंने व्यक्तिवाद से जोड़कर बताया जो साहित्य के साथ-साथ राष्ट्रीय जागरण का भी केन्द्र रहा है ।

नामवर सिंह ने साहित्यिक कल्पना की गहराई में प्रवेश करके सामाजिक सत्य को तलाशने की पद्धति 'छायावाद' में विकसित की । उन्होंने अपने इस दौर में प्रगतिवाद का निरूपण, छायावाद का विश्लेषण एवं प्रयोगवाद का खण्डन किया है । साहित्य और समाज के सम्बंध की मुख्य स्थापना का आधार ग्रहण करके एक ओर उन्होंने प्रयोगवादियों का खण्डन किया है और छायावाद का विश्लेषण करके इसका व्यावहारिक रूप प्रदर्शित किया ।

यहाँ पर उनका मानना है कि 'साहित्य में समाज की छाया होती है, लेकिन छाया को समाज में बदलकर देखना सबके लिए आसान नहीं है । साहित्य में समाज की छाया कभी-कभी इतनी उल्टी पड़ती है कि

शीर्षासन करने वालों को एकदम सीधी दिखायी पड़ती है । इसलिए साहित्य की उलटी छाया को सीधे ढंग से सामाजिक छाया के रूप में देखने के लिए स्वयं पैर के बल पर खड़ा होना बहुत जरूरी है ।'[५] इसलिए हम कह सकते हैं कि नामवर सिंह जड़ सिद्धांतवादी आलोचक नहीं हैं, बल्कि वे अपने चिन्तन का विकास करते रहते हैं । अपने समय के प्रति अधिक संवेदनशील होने के कारण बाह्य प्रभाव को अपने मन पर पड़ने देते हैं और उनके परिप्रेक्ष्य में अपने विचारों को पुनः संयोजित करके उसे नए रूप में ढाल देते हैं ।

आगे चलकर नामवर सिंह ने व्यावहारिक आलोचना के ठोस उदाहरण देकर निष्कर्ष निकाला कि एक ही प्रतिमान के नाम पर यदि भिन्न आलोचक एक ही कृति का मूल्यांकन करते हुए भिन्न निष्कर्षों पर पहुँचते हैं तो इसका यही अर्थ है कि वे सभी एक ही कृति को नहीं पढ रहे हैं । कृति का स्वरूप निश्चित रूप से सबके सामने भिन्न-भिन्न हैं, क्योंकि उनकी पाठ विधि या पढ़ने के तरीके भिन्न-भिन्न हैं । इसलिए कविता के मूल्यांकन के संदर्भ में पद्धति के बिना प्रतिमानों की चर्चा निरर्थक हैं ।

कुल मिलाकर हम कह सकते हैं कि नामवर सिंह को यदि कोई सबसे अधिक पसंद आता हैं तो वह साहस और चुनौती है । ये दो शब्द उनकी मान्यताओं के बीज शब्द हैं । छायावाद में उन्होंने निराला में चुनौती का स्वर लक्षित किया, 'दूसरी परंपरा की खोज' एक अध्याय का शीर्षक ही है 'अस्वीकार का साहस' । नागार्जुन के बारे में लिखते हुए उन्होंने 'चुनौती' और 'साहस' की झड़ी लगा दी । 'काव्यात्मक साहस में नागार्जुन अप्रतिम हैं ।' 'नागार्जुन की साहसिक कल्पना' जैसी पंक्तियाँ लिखने का साहस नागार्जुन की इसी साहसिक प्रतिभा की अमर सृष्टि आदि पंक्तियाँ दृष्टव्य हैं । कहना न होगा कि उनकी प्रतिभा का कमाल इस साहसपूर्ण चुनौती में देखा जा सकता है ।

**संदर्भसूची**


१. इतिहास और आलोचना – डा. नामवर सिंह, पृ. २२
२. कहानी: नयी कहानी – डा. नामवर सिंह, पृ. २६
३. समकालीन हिन्दी आलोचक और आलोचना – डा. रामबक्ष, पृ. १६३
४. वही, पृ. १६४
५. वही, पृ. १६६


(स्नातकोत्तर हिन्दी विभाग, स.प. युनिवर्सिटी, वल्लभ विद्यानगर)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# Dimensions of 21$^{st}$ Century

**APJ Abdul Kalam**

***(The Convocation* Address at the Anand Agricultural University, Anand on 22 January 2014)**

I am delighted to participate in the 10$^{th}$ Annual Convocation of the Anand Agricultural University. My greetings to the Vice Chancellor, Dr. A. M. Shekh; Vice Chancellors of other Universities; members of Board of Management and Academic Council; Deans of various faculties, distinguished guests, dear students. I take this opportunity to pay rich tributes to this great land of Mahatma Gandhi, Sardar Vallabhbhai Patel, Shri K. M. Munshiji and many such luminaries. I congratulate all the students who are graduating today and also the faculty for shaping the young minds. I am also happy to inaugurate the two facilities of AAU today that is the Building for Fermented Product Project at Vidya Dairy, SMC College of Dairy Sciences to impart hand on training to the students for manufacturing Fermented dairy products. The other one is the building of College of Food Processing Technology and Bioenergy. The topic I have selected for the Convocation today is *Dimensions of 21$^{st}$ Century of Indian Agriculture.*

## AAU's Contributions

Gujarat is an important agricultural State where several major crops such as rice, wheat, maize, groundnut, castor, cotton, cumin and tobacco are grown. Animal husbandry and dairying has played a vital role in the rural economy of Gujarat. The state is also a leading producer of marine fisheries in the country. Since last few years, the agricultural growth of Gujarat is phenomenal and I believe the major contribution must be from the SAUs of Gujarat, besides the enterprising farmers of the state.

India has made tremendous progress in agriculture after independence. Our achievements in bringing green revolution, yellow revolution, white revolution and blue revolution are notable. Agriculture and livelihoods are intimately linked in our country. Mixed farming involving Crop-livestock and sometimes fish integration has been both a way of life and a means to sustainable livelihoods. Universities have played major role in generating quality human resource and will continue to do so to address the challenges ahead.

I am happy to note that the university has distinguished itself as a pre-eminent institution for agro-technological studies. AAU is expanding in higher education with all disciplines of agricultural and allied sciences. But, simultaneously it is also givinghigh priority to research with the focus on productivity, sustainability and improvement of socio-economic conditions of farming community. I am impressed with the brand image created by AAU both for its graduates and research outcome.

Land suitability evaluation is the process of determining the potential of the land for alternative uses and forms prerequisite for land use planning, which integrates soil characteristics with climate and land use. Soil conservation measures like land leveling, contour bunding, terracing etc. increase the water use efficiency by providing favourable conditions for moisture utilization by the crops. Organic agriculture, in a limited way, is a new emerging opportunity to develop a niche market for Indian agro products and get better value. Demand for Bio-Cotton, chemical free food grains, spices, fruits and vegetables is the growing need for some

domestic and overseas markets. The main issue is to invigorate our technology transfer services and provide a complete support service to each farmer. Every farmer has to be treated as a business unit. The extension center has to be treated as a business unit. The extension center has to be his guide and problem shooter, for maximum stable income.

Friends, it has been found that entrepreneurship plays a crucial role in the development and well-being of the society, as it creates jobs, drives and shapes innovation and promotes competition which in-turn improves productivity. Agricultural productivity can grow and enrich our farmers only through integrated rural development involving agriculture and non- agricultural growth along with societal mission.

Today, one of the major problems in he field of agriculture is; small size landholding by farmers which is continuously getting fragmented due to our family structure. Under these circumstances only solution for increasing the productivity is to create a positive farmer cooperative movement in our rural sector which will bring together small farmers facilitating mechanized farming, silo storage, value addition and marketing of agro-products. Fortunately, Gujarat has a tremendous experience in cooperative movement in production of milk products. When the farmer's production increases, these cooperatives will forecast and establish networks with markets on behalf of the individual farmer members to facilitate rapid movement where there is a demand and profit cost. Also, the entrepreneurs should plan for diversification and value addition of the product needed by various sections of the society.

## Transgenic technology

This year marks the 30th anniversary of the first successful introduction of a foreign gene into a plant. A transgenic crop plant contains a gene or genes which have been artificially inserted instead of the plant acquiring them through pollination. Depending on where and for what purpose the plant is grown, desirable genes may provide features such as higher yield or improved quality, pest or disease resistance, or tolerance to heat, cold and drought. Transgenic technology enables plant breeders to bring together in one plant useful genes from a wide range of living sources, not just from within the crop species or from closely related plants and expands the possibilities beyond the limitations imposed by traditional cross-pollination and selection techniques. Transgenic BT corn, for example, which produces its own insecticide, contains a gene from a bacterium.

## GM technology

In developed countries, the new life sciences companies have dominated the application of GM technology to agriculture. There is clear evidence that the use of GM crops has resulted in significant benefits like higher crop yields, reduced farm costs, increased farm profit and improvement in health and the environment. And yet there have been heated debate over genetically modified (GM) crops and the argument has not yet settled. The debate features not only science but also economics, politics, and even religion, is taking place almost everywhere. Science can't be bogged down by dogma and no illusionary fears can stop the advancement of what is rational and logical. The solution lies in developing beneficial transgenic crops locally.

## Public-Private Enterprise

The International Crops Research Institute for the Semi-Arid Tropics (ICRISAT) and the Department of Biotechnology (DBT), Government of India have together established a Platform for Translational Research on Transgenic Crops (PTTC). The DBT funded platform is a 6.2 million US dollar project that will translate transgenic technology and harness its products to meet the needs of agricultural growth and serve as a facility of reference to strengthen national, regional and international linkages in transgenic R&D, exchange of materials and information, as well as support training, consultation and technology commercialization. The PTTC will provide an

opportunity for public sector research institutes and private sector biotechnology companies to work together for translating transgenic research into products.

With every new emerging technology, there are potential risks and transgenic crops are no exceptions. There is a danger of unintentionally introducing allergens and other anti-nutrition factors in foods. There is a likelihood of transgenes escaping from cultivated crops into wild relatives. There is potential for pests to evolve resistance to the toxins produced by GM crops. And also there is a risk of these toxins affecting non-target organisms. But with legislation and regulatory institutions in place, there are elaborate steps to precisely avoid or mitigate these risks. It is the obligation of the technology innovators and scientists, producers, and the government to assure the public of the safety of the novel foods that they offer as well as their benign effect on the environment.

## Second-generation GM crops (nutritional enhanced foods)

The Platform for Translational Research on Transgenic Crops (PTTC) will be the birthplace of new generation transgenic crops which will even surmount the genetically modified crops developed so far in terms of their ability to lower farm-level production costs and also feature increased nutritional and/or industrial traits giving direct benefits of affordability and health to the consumers. In his book, "Feeding the Forgotten Poor", Dr William Dar, DG-ICRISAT has drawn the map for "second-generation" GM crops. It is not hard to imagine the immense value of rice enriched with iron, vitamin A and E, and lysine; Potatoes with higher starch content, and insulin; Edible vaccines in maize, banana and potatoes; Maize varieties with low phytic acid and increased essential amino acids; Healthier oils from soybean and canola; and Allergen-free nuts. I have no doubt that the developing world stands to benefit from any technology that can increase food production, lower food prices, and improve food quality. Nutritionally enhanced foods could play a key role in helping to alleviate malnutrition in developing countries.

I am sure the young graduates will contribute to our society by following these basic truths in life. Make a difference, wherever you are and whatever you do. The knowledge and skills that you have acquired are not everything. They are probably sufficient to earn a living. But instead of learning to earn, you must try to earn for learning. Understand that ultimately you will shine as a leader if you possess an attitude of a good human being, a human being who tries to live among fellow human beings, for betterment of all, a human being who tries to give back much more to the society than what has received from it.

## Indian Agriculture– Visionary leadership is the need of the hour

Friends, Indian agricultural sector employs nearly 50% of India's population who can work in the agriculture area, yet accounts for only about 17% of total GDP. Growth in agriculture has stagnated relative to other sectors: last quarter, the agricultural sector grew at a rate of 3.2%, which is much lower than all other sectors. Agricultural incomes are lower and growing slower than incomes in other sectors. The causes for such a situation are many out of which the major concerns for the low productivity are: non availability such as: proper irrigation system, availability of quality seeds in time, coordinated support to the farmers for system oriented approach towards farming and its practice, insurance accessibility and natural disaster including flood, drought, seasoned pests, excessive inorganic fertilizer, degraded soil quality, storage facility and non-availability of trained human resource and non-availability market access at the right time, are some of the important reasons for its low productivity.

The country has seen the islands of success in Agricultural growth and productivity increase in many parts of the nation. Best insurance to the farmers and to increase their earning capacity is possible only by adopting the following: multi-cropping, scientific farming with regulated drip

irrigation, creation of reliable agro and food processing infrastructure, increased availability of ground water and 24X7 power availability. The coordinated mission mode operations has to be initiated by government in partnership with the Agriculture universities and its scientists. It is one of the essential need for high productivity of agriculture produce, the agriculture inputs such as; quality seeds, quality fertilizer reach the farmer in-time.

Let me now discuss about organic farming.

## Better value of Agriculture through organic farming

Friends, in the environmental climate change, there is a need for Farmers, Agricultural Planners, Educationists and researchers to increase the quantum of organic farming in the country. Organic agriculture recognizes that crop rotation and intensive partnership with animal husbandry is important to maintain ecological balance. In this respect, organic farming becomes a sustainable development process. Farmers can realize better value from the agricultural residue. Of course, various state governments have launched the unique mission giving priority and assistance to the farmers for organic farming.

## My interaction with farmers

At Rashtrapati Bhavan, I had invited 6000 farmers and had lunch with them. Subsequently whenever I visited rural areas, I had interactions with farmers in different parts of the country. We discussed their problems and arrived at certain solutions. I have discussed the solutions with the government and the scientists. One of the actions taken is that our farmers are going to the countries where high per-capita yield has been achieved for studying the practices which can be replicated locally. Our farmers have gone to Africa and helped African countries to take up jatropha plantation. The government has rightly decided to pay more attention to farming and agro-processing which will not only improve the conditions of farmers but also enable maintenance of the overall growth rate of India's GDP in the present environment.

Let me now share with you few experiences which will answer many questions of today's challenges to Indian agriculture.

## Bihar Experience in doubling the productivity

An experiment has been carried out by the TIFAC team in Bihar, in the RP Channel 5 and Majholi distributory and later extended to Paliganj and other 5 distributaries on the request of farmers in around the year 2000. The productivity of paddy has increased in these villages from 2 tons per hectare to 5.8 tons per hectare and in respect of wheat productivity; it has increased from 0.9 ton per hectare to 2.6 tons per hectare. Presently, paddy and wheat crops are spreaded in an area greater than 2500 hectares involving 3000 farmers. This project has been carried out by the TIFAC, in collaboration with a farmer's co-operative society, Indian Agricultural Research Institute (IARI) and the agricultural university in Pusa, Bihar. Using scientific method of farming involving soil characterization, matching the right seed to soil, seeding in time, fertilizer and pesticide selection, water management, pre and post harvesting methodology productivity has been more than doubled. When I addressed the Bihar Assembly in 28 Mar 2006, I requested the Assembly to adopt this system oriented approach in all 38 districts of Bihar which will enable Bihar to triple its output of paddy and wheat crops. The aim should be to increase rice production from 5.5 million tonnes to 15 million tonnes and wheat production from 4 million tonnes to 12 million tonnes in four years time. High productivity will make Bihar a Grand Granary of India.

Recently, I visited Paliganj in Bihar. During this visit, while discussing with Paliganj farmers on how to enhance the productivity and what is the role of farmers in different districts of Bihar, there ermeged many suggestions from the farmers. One of the very powerful suggestions came from Shri Deodhar Sharma, he said we farmers do not need any subsidy for farming, what we need is good and assured

quality farm inputs such as seeds, fertilizers, pesticides and above all these inputs should come to the farmers at the right time for right farming from certified suppliers. Also, we need the best of technology, best of irrigation methods in difficult times and un-interrupted supply of electric power.

Hence, I organized four farmers from Paliganj area to visit Gujarat where agricultural sector is growing at 9% per annum. I organized a course in Indian Institute of Management, Ahmedabad for the Paliganj farmers on agricultural management which had an impact in agricultural renaissance across the state. I also arranged the farmers to visit Amalsad, Chikku Fruit Cooperative and Warana PURA in Maharashtra so that the farmers can understand the merits of the cooperative system. These farmers have gone back to Paliganj with a promise that they will create a new model of technology based cooperative system for agriculture which will be a unique model in the country. I am sharing this experience of Paliganj farmer's which was initiated by TIFAC (Technology Forecast and Assessment Council), which can be spread by Anand Agricultural University in this region of Gujarat.

## Gujarat Experience in 9% agriculture growth

On 12 Oct 2009, when I was in the middle of the academic session, as a part of the course GRIIT-II at IIM, Ahmadabad, there was a call from Centre for Management in Agriculture (CMA) that they would like to have a session with me. I agreed and met the CMA team comprises of its Dean, Professors, faculties and research scholars at IIM Ahmadabad. From CMA side, Dean, Prof Sukpaul singh, Dr Ravindra Dholakia and other were participating. After my talk I asked one question to CMA Team. "Can you please explain, when the entire India has achieved about 3% growth rate in Agriculture production, how Gujarat is able to attain 9% growth rate?" In a simple way, the entire CMA team explained the growth story, which is an eye opener for the entire nation.

In Sep 2003, Minister for Agriculture, Government of Gujarat called the CMA team for discussion to attend an urgent meeting. The agenda was how to manage the situation of agriculture growth during that time in Gujarat. That period, Gujarat government has expected a surplus produce and increased productivity due to excellent weather conditions and also the based on the other favourable conditions for the growth. Minister of Agriculture wanted to seek the suggestion from CMA team, how to manage the excess food production, if it is not managed well, it may lead to sudden drop in prices and farmers may not get their revenue and that will inflict heavy losses and not able to enjoy the benefits of the agricultural growth. CMA team had worked out a short term, medium term and long term measures and several of those suggestions were accepted and implemented by liberalizing the export commodities and other measures have yielded the results and that year it was witnessed the 40% growth rate. Since then Gujarat had witnessed the continuous growth rate of 7 to 9% over the past 6 years. I asked them how it was possible and what are the favourable conditions for this sustainable growth in agriculture for the past 6 years?

## Typical solution from Gujarat government based on the scientists and management experts

This has been achieved by the mission mode action by the Gujarat Government. Gujarat government had determined not to give free power to farmers instead ensured 3 phase electrical supply to agriculture on 24/7 basis, by reorganizing the power distribution channels with latest state-of-the art gadgets installed and segregating the power distribution between domestic consumption and agricultural consumption. This single action with creating a vigilance force with ex-servicemen to track the power theft and pilferage had resulted into reduced power theft and increased availability of power to farmers.

Micro irrigation facilities were established on a wider scale across the state in a mission which brought 20,000 hectares under the micro irrigation scheme. Due to the construction of

check dams, even those areas that face perennial water scarcity have seen an increase in the water table by 3-12 m. Within a period of three years alone, over 75,000 of these structures were created. Four centres of excellence has been created with Agriculture universities.

An integrated development plan with employment generation as the focus, driven by provision of the habitat, healthcare, education, skill development, physical and electronic connectivity and marketing as a business proposition in a sustainable manner is envisaged. Certain research areas have been identified for agriculture sector. Anand Agricultural University may like to consider taking it as a mission mode program involving R & D agencies, agricultural universities, industry, farmers and the government.

1. In many areas of the nation it has been found that the soil is deficient in micro nutrients such as zinc, boron and sulphur. There is a need to map this deficiency in different areas and bridge the gap through balanced fertilization demonstrated on large farms and the multi-cropping system.
2. Providing improved quality seed varieties, matching the soil condition and climate variability. The quality seeds have to be made available to the farmers to buy at the right time.
3. Forecasting to the farmers correctly at the right time, the monsoon arrival and also the monsoon performance. Right input to the farmers accordingly should be available.
4. Promoting appropriate land and water management practices for alleviating water logging and simultaneously harvesting water for subsequent supplemental irrigation. Farmers and agriculture scientists have to work together.
5. Capacity building among stakeholders through training, skill development and online problem solving and knowledge sharing through agri-clinics at block level.
6. Arranging efficient processing of production which can result in a value addition of 4-5 times and increase shelf life. Cooperative farming can be introduced, particularly small land holding farmers, so that the seeding to the harvest marketing can be made more efficient.
7. We need research on nutritional aspect of food and create a plant, or farm mix which leads to efficient nutrition in the food produce.
8. My farmer friends tell me, that one of the key research and development area which they need is in the field of agro economics and development of proper markets for farm produce. I would also suggest research areas may include issues like forward pricing, breaking the monopoly and cartelization of purchasers, fixing of spot prices before delivery and a market where the farmer has choices on whom to sell.

Conclusion

The second green revolution is indeed a knowledge graduation from characterization of soil to the matching of the seed with the composition of the fertilizer, water management and evolving pre-harvesting techniques for such conditions. The domain of a farmer's work would enlarge from grain production to food processing and marketing through cooperatives. While doing so, utmost care would have to be taken for various environmental and people related aspects leading to sustainable development.

My best wishes to all the Graduating students and members of Faculty of Anand Agriculture University for success in their mission of working towards enhancement of sustained agricultural productivity.

May God bless you.

(Dr. Kalam is former President of India)

# અસાધ્ય રોગો માટે સંજીવનીબુટ્ટી સમાનઃ 'સ્ટેમ સેલ થેરાપી'

કુંદન મિશ્રા[1], ઉર્વીશ છાયા[2]

થોડાક મહિનાઓ અગાઉ એક જર્મન વ્યક્તિને આઠ ઈન્જેક્શનો આપી પાંચ કલાક સુધી એક યંત્ર સાથે બાંધી રાખી તેનું રૂધિર એકઠું કરી તેમાંથી 'સ્ટેમ સેલ' નામે ઓળખાતા કોષોને જુદા તારવવામાં આવ્યા. આ કોષોને તાત્કાલિક વિમાન મારફતે અમદાવાદ ખાતે આવેલ ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં મોકલવામાં આવ્યા, જેનો ઉપયોગ એક ૫૦ વર્ષનાં મહિલા ગૃહિણી કેસરદેવીને જીવનદાન આપવા માટે કરવામાં આવનાર હતો.

કેસરદેવીને ૨૦૧૩ની સાલમાં 'બ્લડ કેન્સર'નું નિદાન થતાં કેમોથેરાપીની જલદ સારવાર આપવામાં આવી હતી, છતાં બ્લડ કેન્સરે ઉથલો માર્યો હતો. જે દર્શાવતું હતું કે આ કિસ્સામાં કેમોથેરાપી કારગત નીવડી નથી. કેસરદેવીની સારવાર કરતા ચિકિત્સકોની ટીમે આથી દ્વિતીય શ્રેણીની સારવાર અંતર્ગત 'સ્ટેમ સેલ થેરાપી' આપવાનું નક્કી કર્યું. જેમ કોઈને લોહી ચઢાવતી વખતે દાતા તેમ જ ગ્રાહીના બ્લડ ગ્રૂપની ચકાસણી જરૂરી હોય છે તેમ જ 'સ્ટેમ સેલ થેરાપી' અંતર્ગત સારવાર કરવા માટે દાતા અને ગ્રાહીના અસ્થિમજ્જા સુસંગત હોવા જોઈએ. ચિકિત્સકોએ જ્યારે ભારતીય રજિસ્ટરોમાં કેસરદેવીને સુસંગત અસ્થિમજ્જાની તપાસ હાથ ધરી ત્યારે તેઓને સદંતર નિષ્ફળતા હાથ લાગી, પરંતુ સદ્‌ભાગ્યે જર્મન રજિસ્ટરોમાં કેસરદેવીની અસ્થિમજ્જા સાથે સુસંગત હોય તેવા એક વ્યક્તિ વિશે માહિતી મળી અને તેઓ કેસરદેવીને સ્ટેમસેલ કેમોથેરાપી આપવા સંમત થયા. ચિકિત્સકોએ કેસરદેવીના રોગગ્રસ્ત રૂધિરકણોનો કેમોથેરાપીથી નાશ કર્યા બાદ જર્મન વ્યક્તિના 'સ્ટેમ સેલ'નું સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યું અને કેસરદેવીને 'બ્લડ કેન્સર' નામના જીવલેણ રોગમાંથી ઉગારી એક નવું જીવનદાન અપાયું.

આમ બ્લડ કેન્સર જેવા અસાધ્ય ગણાતા રોગની સારવારનો વિશ્વનો પહેલો કિસ્સો અમદાવાદના ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે નોંધાયો.

(ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ૨૯ એપ્રિલ, ૨૦૧૩)

## સ્ટેમ સેલ શું છે?

આપણું શરીર વિવિધ પ્રકારના કોષોનું બનેલું છે. આ ભિન્ન ભિન્ન પ્રકારના કોષો જે મૂળભૂત કોષોમાંથી બને છે તેને 'સ્ટેમ સેલ્સ' તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્ટેમ સેલ્સ એ કોઈપણ પ્રકારના કોષોનું સ્વરૂપ ધારણ કરી તેનું સુસંગત કાર્ય કરી શકે છે. આપણા શરીરના વિભિન્ન કોષો જેવા કે સ્નાયુઓના બંધારણ માટે જવાબદાર કોષો, રક્તકણો, શ્વેતકણો, મગજના બંધારણ માટેના કોષો, આ બધા જ સ્ટેમ સેલ્સમાંથી બને છે, એટલે કે સ્ટેમ સેલ્સ એ આપણા શરીરના વિવિધ પ્રકારના કોષોની જનની છે. જ્યારે સ્ટેમ સેલ્સ વિભાજિત થાય છે ત્યારે તે પોતાના અસલ સ્વરૂપમાં રહે છે અને જ્યારે જરૂરિયાત હોય ત્યારે વિવિધ પ્રકારના કોષોમાં રૂપાંતરણ પામે છે.

## સ્ટેમ સેલના સ્રોતોઃ

૧. સ્ટેમ સેલ્સનો મુખ્ય સ્રોત એ આપણા શરીરમાં રહેલી અસ્થિમજ્જા નામની પેશી છે. અસ્થિમજ્જાને થાપાના હાડકામાંથી શસ્ત્રક્રિયા વડે મેળવી શકાય છે. અસ્થિમજ્જામાંથી મળતા આ પ્રકારના સ્ટેમ સેલ્સને હિમેટોપોએટિક સ્ટેમ સેલ્સ કહેવામાં આવે છે.

૨. પેરીફેરલ બ્લડ સ્ટેમ સેલ્સને રૂધિરાભિસરણ તંત્રમાંથી એફેરેસીસ નામની પ્રક્રિયાથી એકઠાં કરવામાં આવે છે.

૩. નવજાત શિશુની ગર્ભાશયની નાળ પણ સ્ટેમ સેલ્સનો મહત્ત્વનો સ્રોત છે.

## સ્ટેમ સેલ્સની લાક્ષણિકતાઓઃ

૧. સ્ટેમ સેલ્સને પોતાનું કોઈ ચોક્કસ માળખું કે બંધારણ હોતું નથી. જેથી કરીને સ્ટેમ સેલ્સ કોઈ

ચોક્કસ પ્રકારનું કાર્ય કરે. દા.ત. જેમ હૃદયની પેશીઓનું કાર્ય શરીરના વિવિધ અંગોને રૂધિર પહોંચાડવાનું હોય છે, રૂધિરનું કામ શરીરના વિવિધ અવયવોને ઑક્સિજન પહોંચાડવાનું હોય છે. ચેતાતંત્રના કોષો સંદેશા-વ્યવહારનું કાર્ય કરે છે. પરંતુ સ્ટેમ સેલ્સને તેમનું કોઈ આગવું નિશ્ચિત કાર્ય હોતું નથી.

૨. સ્ટેમ સેલ્સ અન્ય પેશીઓ કરતાં ખૂબ જ ઝડપી દરે વિભાજિત થઈ શકતા હોવાથી લેબોરેટરીમાં આવા સ્ટેમ સેલ્સને લાખોની સંખ્યામાં વિભાજિત કરી શકાય છે અને આવા સેલ્સ સ્વયં રીતે નવીનીકરણ પણ પામી શકે છે.

૩. સ્ટેમ સેલ્સને આપણને જરૂરિયાત હોય તેવા કોષ, પેશી કે અવયવમાં રૂપાંતરિત કરી શકાય છે. વૈજ્ઞાનિકો શરીરમાં રહેલા અમુક ચોક્કસ પ્રકારના સંદેશાઓનો અભ્યાસ કરી રહ્યા છે. જેની અસર હેઠળ સ્ટેમ સેલ્સ રૂપાંતરણ પામતા હોય છે. આવા સંદેશાઓની શરીરના જનીનિક માળખા ઉપર થતી અસર સ્ટેમ સેલ્સના આવા રૂપાંતરણ માટે જવાબદાર હોઈ શકે છે.

**સ્ટેમ સેલ્સના પ્રકારઃ**

૧. ભ્રૂણીય સ્ટેમ સેલ્સઃ આ પ્રકારના સ્ટેમ સેલ્સ ભ્રૂણમાંથી જન્મ પહેલાં કે પ્રસવ વખતે એકઠા કરવામાં આવે છે.

૨. પુખ્ત સ્ટેમ સેલ્સઃ જન્મ પછી પુખ્ત વયની વ્યક્તિઓમાંથી એકઠા કરવામાં આવે છે.

૩. જાતીય સ્ટેમ સેલ્સઃ આવા સ્ટેમ સેલ્સ પુરુષોમાં શુક્રકોષ અને સ્ત્રીઓમાં અંડકોષની બનાવટ માટે જવાબદાર હોય છે.

ઉપરોક્ત જુદા જુદા પ્રકારના સ્ટેમ સેલ્સમાં ભ્રૂણીય સ્ટેમ સેલ્સ ખૂબ જ મહત્ત્વનાં હોય છે. આવા સ્ટેમ સેલ્સ લેબોરેટરીમાં રૂપાંતરણ પામ્યા વગર વિભાજિત થઈ શકતા હોવાથી લાંબો સમય સાચવી શકાય છે. જ્યારે પુખ્ત વયની વ્યક્તિઓમાંથી એકઠા કરેલા સ્ટેમ સેલ્સ અલગ અલગ પેશીઓમાં વિભાજિત થાય છે. જેમ કે અસ્થિમજ્જાના સ્ટેમ સેલ્સ અનુક્રમે રક્તકણો, શ્વેતકણો અને પ્લેટલેટ્સમાં રૂપાંતરણ પામે છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે આવા રૂધિરકણો (રક્તકણો અને શ્વેતકણો) બનાવતા સ્ટેમ સેલ્સ અન્ય કોઈ કોષ કે પેશીમાં રૂપાંતરિત થઈ શકતા નથી, પરંતુ ઘણા પ્રયોગોએ અમુક અંશે એવું સાબિત કર્યું છે કે કોઈ એક પ્રકારની પેશીના સ્ટેમ સેલ્સ પણ બીજા પ્રકારની પેશીના કોષોમાં રૂપાંતરણ પામી શકે છે. દા.ત. રૂધિરપેશીના કોષોનું ચેતાપેશી કોષોમાં, યકૃતનાં સ્ટેમ સેલ્સનું હૃદયની પેશીમાં રૂપાંતરણ શક્ય છે. આથી જ સ્ટેમ સેલ્સ ખામીયુક્ત અવયવ કે પેશીની સારવારના સંશોધનો માટે ખૂબ જ મહત્ત્વના સાબિત થઈ રહ્યા છે. આવા સ્ટેમ સેલ્સનો મુખ્ય હેતુ શરીરમાં થતા ઘસારાને પહોંચી વળવાનો હોય છે. પરંતુ સંશોધનોને આધારે એમ કહી શકાય કે ભવિષ્યમાં આપણું હૃદય, કિડની, યકૃત કે અન્ય અવયવ રોગગ્રસ્ત થાય તો આખેઆખું અવયવ સ્ટેમ સેલ્સની મદદથી પુનર્જીવિત કરી શકાશે.

આમ જોવા જઈએ તો પુખ્ત સ્ટેમ સેલ્સનો ઉપયોગ અસ્થિમજ્જામાંથી તેઓને એકઠાં કરીને રૂધિરકણોને બનાવવા માટે છેલ્લા ૩૦ વર્ષથી થઈ જ રહ્યો છે, પરંતુ હવે આવા સેલ્સને લેબોરેટરીમાં અલગ અલગ પરિસ્થિતિમાં રૂપાંતરણ પમાડી અસ્થિ, સંયોજકપેશી, અને અન્ય અવયવો બનાવવા માટે થઈ શકે છે.

જો કે આવા પુખ્ત સ્ટેમ સેલ્સ પેશીઓમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં રહેલા હોય છે. તેઓ અમુક ચોક્કસ જગ્યાએ નિષ્ક્રિય અવસ્થામાં પડ્યા રહે છે, પરંતુ જ્યારે પેશીને ઈજા પહોંચે ત્યારે આવા 'સ્ટેમ સેલ્સ' સક્રિય થઈ વિભાજિત થાય છે. વૈજ્ઞાનિકોએ આવા સ્ટેમ સેલ્સને અલગ તારવી લેબોરેટરીમાં તેમના વર્ધન દ્વારા રૂપાંતરણ કરી જે કોષોમાં જનીનિક ખામીઓ રહેલી હોય તેમને દૂર કરવા પ્રયત્ન કર્યો છે. દા.ત. ડોપામાઈનની આડ અસરથી થતો કંપવા (પાર્કિન્સન્સ ડિસિઝ) જેવા રોગોમાં આવા રસાયણો ઉત્પન્ન કરતા મગજના નવા કોષ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મધુપ્રમેહના દર્દીઓમાં ઈન્સ્યુલીન બનાવવાની ક્ષમતા ગુમાવી ચૂકેલા કોષોના સ્થાને સ્વસ્થ અને ઈન્સ્યુલીન બનાવી શકે તેવા કોષો બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. હૃદયરોગના હુમલાથી ઈજાગ્રસ્ત થયેલ હૃદયની પેશીના કોષોને સ્ટેમ સેલ્સથી પનર્જીવિત કરી શકાય છે.

### સ્ટેમ સેલ્સનું પ્રત્યારોપણ:

સ્ટેમ સેલ્સનું પ્રત્યારોપણ એ ચિકિત્સા વિજ્ઞાનનું ખૂબ જ વિકાસ પામતું અને મહત્ત્વનું ક્ષેત્ર છે. જેના થકી 'સ્ટેમ સેલ' પ્રત્યારોપણ મુખ્યત્વે બે પદ્ધતિઓ દ્વારા કરી શકાય છે.

૧. સ્વપ્રત્યારોપણ: જેમાં રોગીના શરીરના બિનરોગગ્રસ્ત ભાગમાંથી સ્ટેમ સેલ્સ તારવી રોગગ્રસ્ત ભાગમાં પ્રસ્થાપિત કરવામાં આવે છે.

૨. પર-પ્રત્યારોપણ: જેમાં સ્વસ્થ મનુષ્યના સ્ટેમ સેલ્સનું રોગગ્રસ્ત મનુષ્યમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે.

### ભારતમાં 'સ્ટેમ સેલ થેરાપી' સારવાર અર્થેનાં કેન્દ્રો:

ભારતમાં 'સ્ટેમ સેલ થેરાપી' અંતર્ગત થતી સારવાર અન્ય દેશો જેવા કે અમેરિકા અને યુરોપના દેશો કરતાં ઘણી સસ્તી છે. અમેરિકા જેવા દેશમાં આવી સારવારનો ખર્ચ લગભગ ૨,૨૩,૦૦૦ ડૉલર (અંદાજે ૧ કરોડ રૂપિયા) જેટલો થાય છે, જ્યારે ભારતમાં ખાનગી હૉસ્પિટલનો ખર્ચ ૧૦-૧૨ લાખ રૂપિયા, જ્યારે સરકારી હૉસ્પિટલોમાં ૪-૬ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. ભારતમાં ઘણી જગ્યાએ સ્ટેમ સેલ થેરાપી ઉપલબ્ધ છે. જે પૈકી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ (AIIMS), નવી દિલ્હી, ટાટા મેમોરિયલ સેન્ટર, જશલોક હૉસ્પિટલ, મુંબઈ, આર્મ ફોર્સ્ડ હૉસ્પિટલ એન્ડ મેડિકલ કૉલેજ, પૂના, એપોલો હૉસ્પિટલ તથા ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ મુખ્ય છે.

ભારતીય નવીનીકરણ આયોગના અધ્યક્ષ અને ટેલિકોમ ક્રાંતિના પ્રણેતા શ્રી સેમ પિત્રોડાએ આથી જ કહ્યું હશે કે મનુષ્યનું સરેરાશ આયુષ્ય ૧૫૦ વર્ષનું થવાનું છે. સ્ટેમ સેલ્સ થેરાપી થકી આ પૂર્વધારણા સાચી ઠરે એવી પૂરેપૂરી શક્યતાઓ છે.

(૧. આસિસ્ટન્ટ પ્રોફેસર, બાયોટેકનોલોજી વિભાગ, એનવીપાસ, વલ્લભ વિદ્યાનગર. મો: ૯૪૨૬૫૪૩૮૧૮,
૨.આસિસ્ટન્ટ પ્રોફેસર,માઈક્રોબાયોલોજી વિભાગ, એનવીપાસ, વલ્લભ વિદ્યાનગર મો.: ૯૮૨૫૪૦૯૩૯૮)

### અહિંસાત્મક પ્રતિકાર

કોઈ રાષ્ટ્રે અહિંસાત્મક પ્રતિકારનો આશ્રય લીધાનો દાખલો ઈતિહાસમાં નથી. મારા કષ્ટસહનની હિટલરના મન પર કશી અસર ન થાય તો કંઈ હરકત નથી. કેમ કે મેં કશી કીંમતી વસ્તુ ગુમવી નહીં હોય. મારું માન એ એક જ વસ્તુ સાચવવા લાયક છે. એ હિટલરની દયા પર નિર્ભર નથી. પણ હું અહિંસામાં માનનારો હોઈ અહિંસાની શક્તિની મર્યાદામાં હું નહીં બાંધું. અત્યાર સુધી એણે ને એના જેવાઓએ, માણસો બળજબરીને વશ થાય છે એવા પોતાના અચૂક અનુભવ પર મદાર બાંધીને કામ ચલાવ્યું છે. નિઃશસ્ત્ર પુરુષો, સ્ત્રીઓ ને બાળકો, મનમાં જરા પણ કટુતા રાખ્યા વિના અહિંસાત્મક પ્રતિકાર કરે એ અનુભવ એમને માટે નવો થઈ પડશે. વધારે ઊંચા પ્રકારની વધારે સૂક્ષ્મ શક્તિઓ આગળ નમવું એ એમના સ્વભાવમાં નથી એમ કહેવાનું સાહસ કોણ કરી શકશે? જે આત્મા મારામાં છે એ જ એમનામાં છે.

મને અંતર્નાદ સંભળાયો છે તેનો જવાબ મારે વાળવો જોઈએ. આ ભોંઠપ મારા અંતરમાં એટલી ઊંડી ઊતરી ગયેલી છે કે એ બહાર નીકળ્યા વિના રહી શકે એમ નથી. ઓછામાં ઓછું મારે તો જે પ્રકાશ મને દેખાયો છે તે પ્રમાણે આચરણ કરવું જ જોઈએ.

...મેં જ્યારે સત્યાગ્રહ પહેલવહેલો શરૂ કર્યો ત્યારે મારી પાસે કોઈ સાથી નહોતો. અમે તેર હજાર સ્ત્રી, પુરુષ અને બાળકો હતાં, ને અમારી સામે અમારો ઘાણ કાઢી નાખવા સમર્થ એવું આખું રાષ્ટ્ર ઊભેલું હતું. મારી વાત કોણ સાંભળશે એ હું જાણતો નહોતો. એ વસ્તુ મને ઝબકારાની પેઠે સૂઝી આવી હતી. તેર હજારે લડાઈમાં ભાગ નહોતો લીધો. ઘણાએ પાછી પાની કરેલી પણ રાષ્ટ્રની આબરૂ સચવાઈ. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહથી નવો ઈતિહાસ લખાયો.

એમની અહિંસા વડે એમને શસ્ત્રો રાખવાં ને એનો ઉપયોગ કરવા કરતાં વધારે શૂરાતન મનમાં લાગતું ન હોય તો એમણે એમની અહિંસા – જે નામર્દાઈનું બીજું નામ છે તજી દેવી, અને પાછાં શસ્ત્રો ધારણ કરવાં, કેમ કે એ શસ્ત્રો પાછાં લેતાં તેમને અટકાવનાર એમની પોતાની ઈચ્છા સિવાય બીજું કશું જ નથી. હું જો એમનાં હૃદય સુધી પહોંચીને આટલી વાત એમને ગળે ઉતારી શકું તો મારું અહીં આવ્યું સફળ થયું માનીશ.

હું નિર્બળતા નહીં પણ બળવાના શસ્ત્રની ભેટ આપું છું. ગમે તેવી મોટી પાર્થિવ સત્તા આગળ માથું નમાવવાની દ્રઢતાપૂર્વક ના પાડવી, અને મનમાં કડવાશ રાખ્યા વિના, અને એકલો આત્મા જ સત્ છે, બીજું બધું મિથ્યા છે, એવી પૂરી શ્રદ્ધા રાખીને એમ કરવું, એના કરતાં મોટી વીરતા જગતમાં કંઈ જ નથી.

– ગાંધીજી

**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક**

**ફોર્મ-૪ (નિયમ-૮ મુજબ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : વલ્લભ વિદ્યાનગર |
| ૨. પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩. મુદ્રક | : આણંદ પ્રેસ, ગામડી-આણંદ |
| ૪. પ્રકાશકનું નામ | : પ્રિ. એસ.એમ. પટેલ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૫. તંત્રી | : ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા<br>ડૉ. હરિ દેસાઈ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું: | : ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૬. માલિકનું નામ | : પ્રિ. એસ.એમ. પટેલ |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |

હું, એસ.એમ. પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

તા. ૨૪-૦૨-૨૦૧૪ **એસ.એમ. પટેલ**

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## સૂત્રકાલીન કન્યાશિક્ષણ

વેદ, ઉપનિષદ અને સૂત્રોમાં એક સામ્ય છેઃ આ ત્રણેય કાળમાં કન્યાશિક્ષણનું મહાત્મ્ય કરાયું છે!

સૂત્રકાલીન સ્ત્રીઓ જ્ઞાની હતી. વિદુષી હતી. આ યુગના સાહિત્યમાં ઉપનયન સંસ્કાર અને વેદમંત્રોનું ઉચ્ચારણ કરતી સ્ત્રીઓના ઠેકઠેકાણે ઉલ્લેખ કરાયાં છે. અધ્યાત્મની સાથે ભૌતિક વિજ્ઞાનનો અભ્યાસ કરતી સ્ત્રીઓ પણ આ યુગમાં જોવા મળે છે. સૂત્રકાળની સ્ત્રીઓએ ધાર્મિક વિધિઓ અને યજ્ઞીય ક્રિયાઓ કરવાની રહેતી. તેથી જ ગોભિલ ગૃહ્યસૂત્રમાં કહ્યું છે કે, ‘સ્ત્રીઓ યજ્ઞીય કર્તવ્યોનું સારી રીતે પાલન કરી શકે તે માટે તેમણે ક્રિયાકાંડનું વિજ્ઞાન શીખવું જોઈએ!’[૧]

સૂત્રકાળની સ્ત્રીઓ પદ્ધતિસર ક્રિયાકાંડનું વિજ્ઞાન શીખતી અને યજ્ઞીય વિધિઓ સંપન્ન કરાવતી. અગ્નિકાર્ય પણ કરતી. ગોભિલ ગૃહ્યસૂત્ર અનુસાર રાત્રિનો હોમ તો સ્ત્રીએ જ કરવો જોઈએ. પરંતુ જો ઈચ્છે તો પ્રાતઃકાળનો હોમ પણ સ્ત્રી કરી શકે છે.[૨] એ સમયના કેટલાક યજ્ઞ તો માત્ર સ્ત્રીઓ જ કરી શકતી. સારો પાક લેવાના હેતુથી થતો સીતાયજ્ઞ, પશુઓની વૃદ્ધિ એવં પ્રચુરતા માટેનો રુદ્રબલી યજ્ઞ તથા કુંવારી કન્યાઓના ભાવિ વૈવાહિક જીવનની સૌભાગ્યકામનાથી થતો રુદ્રયાગ – આ ત્રણ યજ્ઞ કરવાનો અધિકાર માત્ર સ્ત્રીઓને જ હતો.[૩] એ વિશે ડૉ. એ.એસ. અલ્તેકરે નોંધ્યું છે કે, ‘ઈ.સ. પૂર્વે ૫૦૦ સુધી આ ત્રણે યજ્ઞ ફક્ત સ્ત્રીઓ જ કરી શકતી. તેનું કારણ એ હતું કે આ યજ્ઞ ફસલ અને ફળદ્રુપતા માટેના હતા. અને સ્ત્રીઓ તે માટેનું પ્રતીક હતી. એથી જ માત્ર સ્ત્રીઓને આ યજ્ઞ કરવાનો અધિકાર અપાયો હતો.’[૪]

સ્ત્રીઓ સ્વતંત્ર રીતે યજ્ઞ કરતી અને યજ્ઞીય ક્રિયાઓ પણ કરાવતી. આવી સ્ત્રીઓ પુરોહિતા કહેવાતી. આ પુરોહિતા ગરિમાપૂર્ણ વસ્ત્રો અને યજ્ઞોપવીત ધારણ કરેલી કન્યાને વેદી પાસે બોલાવતી અને તેની પાસે મંત્રોચ્ચાર કરાવતી.૫ આ યજ્ઞોપવિત પણ કોઈ બ્રાહ્મણ કે તેની કુંવારી કન્યાએ કાંતેલા સૂતરમાંથી તૈયાર કરાતું. યજ્ઞોપવીતની પ્રક્રિયા અંગે ડૉ. પાંડુરંગ વામન કાણેએ નોંધ્યું છે કે, ‘મંત્રોચ્ચાર સાથે ૯૬ આંગળ જેટલું સૂતર માપવામાં આવતું. પછી તેને પલાશના પાન પર બન્ને હાથથી ત્રણ વાર તાળીના રૂપમાં ઠોકવામાં આવતું. ત્યાર બાદ ત્રણ મંત્ર સાથે વાળીને તેને ગાંઠ બાંધવામાં આવતી. દેવતાનું આવાહન કરવામાં આવતું. પછી સૂર્યની સાક્ષીએ ‘યજ્ઞોપવીતં પરમં પવિત્રં’ મંત્રનું ઉચ્ચારણ કરતાં યજ્ઞોપવીત ધારણ કરાતું.’[૬]

આ રીતે કુમારોની સાથે કન્યાઓ પણ ઉપનયનના પ્રતીક સ્વરૂપ યજ્ઞોપવીત ધારણ કરતી. પછી વેદનો અભ્યાસ કરતી. એ વિશે ડૉ. લતા સિંહલે લખ્યું છે કે, ‘સૂત્રકાલીન સ્ત્રીઓનો ઉપનયન પર અધિકાર હતો. એ કાળમાં બે પ્રકારની સ્ત્રીઓનો ઉલ્લેખ જોવા મળે છે. એક તો સદ્યોવધૂ. આ પ્રકારની સ્ત્રીઓ ઉપનયન પછી સીધા જ વિવાહ કરી લેતી. બીજા પ્રકારની સ્ત્રીઓ સતત અધ્યયનમાં જ રમમાણ રહેતી. તે બ્રહ્મવાદિની કહેવાતી. તેમણે બ્રહ્મચર્યના ત્રણ નિયમનું પાલન કરવું પડતું. અગ્નિમાં હવન કરવો પડતો. વેદોનું અધ્યયન કરવું પડતું અને ભિક્ષુક બનીને રહેવું પડતું. જોકે પુરુષોની જેમ તેમણે ભિક્ષા માંગવા બહાર ન જવું પડતું. તેમણે ઘરમાં જ ભિક્ષા માંગવાની રહેતી. ઉપરાંત પુરુષોની જેમ તેમણે મૃગચર્મ, વલ્કલ અને જટા ધારણ કરવાનો નિયમ ન હતો. જોકે કન્યાને તેના પિતા, કાકા અથવા ભાઈ જ ભણાવતા. બહારનો કોઈ પુરુષ તેમને ભણાવી ન શકતો.’[૭]

સૂત્રકાળમાં રચાયેલા વિવિધ ગ્રંથોમાં કન્યાશિક્ષણ પર ભાર દેવામાં આવ્યો છે. ગોભિલ ગૃહ્યસૂત્ર મુજબ કન્યાઓએ ઉપનયનના પ્રતીક સ્વરૂપ યજ્ઞોપવિત ધારણ કરવું પડતું. પારસ્કર ગૃહસૂત્રમાં સ્ત્રીઓના ઉપનયનનો ઉલ્લેખ જોવા મળે છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં કુમાર અને કુમારિકાઓ માટે બ્રહ્મચર્યના નિયમોનું આલેખન કરાયું છે.[૮] ડૉ. કાણેના મતે બ્રહ્મવાદિનીઓના ઉપનયન આઠમા વર્ષે થતા. તેમનું છાત્રાજીવન રજસ્વલા થતાં પહેલાં સમાપ્ત થઈ જતું.

તેઓ વેદ ભણતી અને ગાયત્રી મંત્રનું પઠન કરતી.[૯] આ સંદર્ભમાં 'કલ્પસૂત્રકાલિક ભારત'માં ડૉ. નંદકિશોર પાંડેયે નોંધ્યું છે કે, 'સૂત્રકાળમાં સ્ત્રીશિક્ષણ અનિવાર્ય હતું. વિવાહના અવસરે કન્યાએ અગ્નિમાં લાજાહોમ કરવો પડતો. લાજાહોમ એટલે શેકેલા ડાંગરની અગ્નિમાં આહુતિ દેવી. આ હોમ કરતી વખતે મંત્રો ભણવા પડતા. જો કન્યા અશિક્ષિત હોય તો મંત્રપઠન ન કરી શકે. તેથી કલ્પસૂત્રના સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણ વર્ણની કન્યાઓ મંત્રોચ્ચાર કરી શકે તે માટે શિક્ષણ આપવું અનિવાર્ય હતું.'[૧૦]

સૂત્રકાલીન કન્યાઓ માટે શિક્ષણની સાથે લલિતકળાઓનું જ્ઞાન હોવું પણ આવશ્યક હતું. સંગીતશાસ્ત્ર, વાદનશાસ્ત્ર અને નૃત્ય શીખવું કન્યાઓ માટે અત્યંત જરૂરી હતું. વિવાહવિધિમાં કન્યાએ પ્રવદન નામની ક્રિયા કરવી પડતી. આ ક્રિયામાં દરેક વાદ્યને વિધિવત્ સ્થાપિત કરવામાં આવતું. કન્યા દરેક વાદ્યના દેવતાને અંજલિ આપતી. પછી એ વાજિંત્રો પોતાના બાંધવો સમક્ષ વગાડતી. ક્યારેક ચાર સૌભાગ્યવતી સ્ત્રી વિવાહપ્રસંગે નૃત્ય કરતી.[૧૧] અર્થાત્ કન્યાઓને દરેક પ્રકારની કેળવણી અપાતી હતી.

કન્યાઓની કેળવણી પછી તેમના સમાવર્તન સંસ્કાર થતા. સમાવર્તન એટલે વેદાધ્યયનની સમાપ્તિ પછી ગુરુકુળથી ઘેર પાછા ફરતી વખતે કરાતું સ્નાન. એનો અર્થ એ થયો કે સૂત્રકાળની કેટલીક કન્યાઓ ગુરુકુળમાં ભણવા જતી. આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં સ્ત્રીના સમાવર્તનની ચર્ચા કરવામાં આવી છે. એ વિશે 'ઉપનયન સંસ્કાર મીમાંસા'માં ડૉ. સોહન કૃષ્ણ પુરોહિતે નોંધ્યું છે કે, 'સમાવર્તનના સમયે બન્ને હાથમાં લેપ લગાડીને બ્રાહ્મણે પોતાના મુખ પર, ક્ષત્રિયે પોતાના બેય બાહુ પર અને સ્ત્રીએ પોતાના ગર્ભસ્થાન પર ચોપડવો જોઈએ.'[૧૨] હારીતના મતે કન્યા ઋતુમતી થાય તે પહેલાં તેનું સમાવર્તન થઈ જવું જોઈએ.[૧૩]

આ રીતે સમાવર્તન થયા પછી સ્ત્રીઓ શિક્ષણ આપવાને યોગ્ય ગણાતી. આશ્વલાયન ગૃહ્યસૂત્ર મુજબ સ્ત્રીશિક્ષકોની પરંપરા હતી. ઔદમેધ્યા નામની એક શિક્ષિકાનો ઉલ્લેખ પણ સાંપડે છે.[૧૪] આપસ્તમ્બ સૂત્રમાં ભણતી અને ભણાવતી સ્ત્રીઓના સંદર્ભો મળે છે. ભણાવતી સ્ત્રીઓ આચાર્યા કહેવાતી. આચાર્યા એટલે એવી સ્ત્રી જે વેદમંત્રો ભણાવી શકે. સૂત્રકાલીન આચાર્યા ધર્મગ્રંથો ભણાવતી. કેટલાક સંશોધકોના મતે આચાર્યા એટલે ગુરુપત્ની, પરંતુ પ્રા. ઈન્દ્રની નોંધ પ્રમાણે, 'ગુરુની પત્ની આચાર્યાણી તરીકે ઓળખાતી. આચાર્યાણી ઉચ્ચ જ્ઞાન ધરાવતી હોય એ જરૂરી નહોતું, પણ આચાર્યા માટે જ્ઞાની હોવું અનિવાર્ય હતું. એ કાળમાં સ્ત્રીને પણ પોતાને અભિવ્યક્ત કરવાની અને પોતાનો વિકાસ કરવાની તકો મળતી. જ્ઞાન વિશે વ્યાખ્યાનો આપતી સ્ત્રી ઉપાધ્યાયાણીનો માનનીય દરજ્જો મેળવતી. એ સમયમાં એવું કહેવાતું કે સ્ત્રી જે જ્ઞાન ધરાવે છે તે બધા જ અભ્યાસ પૂર્ણ કર્યા બરાબર છે.'[૧૫] એટલે જ ધર્માચાર્યો જ્યારે ધર્મવિષયક નિર્ણય ન લઈ શકતા ત્યારે સ્ત્રીઓનો નિર્દેશ સર્વમાન્ય ગણાતો હતો![૧૬]

આ ઉદાહરણો પરથી પુરવાર થાય છે કે સૂત્રકાલીન સ્ત્રીઓનું સ્થાન મૂઠી ઊંચેરું હતું!

**પાદટીપઃ**

૧. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પ્રા. ઈન્દ્ર, પૃ. ૧૩૫
૨. વૈદિક વાઙ્‌મય મેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૧૦૯
૩. ભારતીય સંસ્કૃતિ મેં નારી, ડૉ. લતા સિંહલ, પૃ. ૧૭૦
૪. ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૧૯૯
૫. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૧૩૪
૬. ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ, ડૉ. પાંડુરંગ વામન કાણે, પૃ. ૨૨૦
૭. ભારતીય સંસ્કૃતિ મેં નારી, પૃ. ૭૪
૮. એજન, પૃ. ૭૫
૯. ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ, પૃ. ૨૧૯
૧૦. કલ્પસૂત્રકાલિક ભારત, ડૉ. નંદકિશોર પાંડેય, પૃ. ૨૨૭
૧૧. એજન
૧૨. ઉપનયન સંસ્કાર મીમાંસા, ડૉ. સોહન કૃષ્ણ પુરોહિત, પૃ. ૫૩
૧૩. ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ, પૃ. ૨૧૯
૧૪. એજન, પૃ. ૨૪૯
૧૫. ધ સ્ટેટસ ઑફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૧૩૬
૧૬. કલ્પસૂત્રકાલિક ભારત, પૃ. ૨૨૭

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)




## ૨૦૧૩માં રમતગમતનું અવનવું

પી.ડી. શર્મા

- વર્ષ ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં છેલ્લા ૨૪ વર્ષમાં પોતાની આગવી બેટિંગ શૈલી અને 'જેન્ટલ મેન ઈમેજ' સાથે અનેક વર્લ્ડ રેકોર્ડ સર્જવાની ક્ષમતા સાથે ભારે લોકચાહના મેળવનારા સચિન તેંડુલકરે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી ત્યારે આખો દેશ જાણે ગમગીન બની ગયો હતો. ભારતને વિશ્વ ક્રિકેટમાં ગૌરવ અપાવવાની સાથે ટેસ્ટ અને વન-ડેમાં સૌથી વધુ રન અને સૌથી વધુ સદીના મેજર વર્લ્ડ રેકોર્ડ ધરાવતા તેંડુલકરે મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમમાં વિદાય લેતાં પહેલાં જે ભાવસભર ઉદ્‌બોધન કર્યું તેનાથી ઘણા ક્રિકેટ ચાહકોની આંખો ભીની બની ગઈ હતી. કારણ કે વિદાય વખતે તેની જિંદગીમાં મહત્ત્વની અને પાયારૂપ ભૂમિકા ભજવનારા તમામને યાદ કરીને તેમનું ઋણ માથે ચડાવ્યું હતું. તેંડુલકરની નિવૃત્તિના ગણતરીના કલાકોમાં ભારત સરકારે પણ તેને 'ભારત રત્ન' એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરી દીધી હતી. તેંડુલકરની નિવૃત્તિની સાથે ક્રિકેટના એક અધ્યાય જ નહીં પણ એક આખી કથાની પૂર્ણાહુતિ થઈ હોવાનો અહેસાસ ક્રિકેટ ચાહકોએ કર્યો હતો. તેણે ભીની આંખો સાથે પીચને પ્રણામ કરીને વિદાય લીધી હતી.
- વર્ષ ૨૦૧૩માં ભારતની ક્રિકેટ ટીમે વન-ડે તેમજ ટેસ્ટમાં ધૂમ મચાવી હતી. ઈંગ્લેન્ડમાં રમાયેલી 'ચેમ્પિયન્સ ટ્રોફી'માં ભારતે સાવ એકતરફી જીત મેળવતાં ચેમ્પિયનશિપ મેળવી હતી. ભારતે ફક્ત ઘરઆંગણે જ નહીં પણ ઝિમ્બાબ્વેને તેમજ વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસમાં પણ વિજય મેળવ્યો હતો. પરંતુ વર્ષના અંતે કરેલા દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન ભારતનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો.
- વર્ષ ૨૦૧૩માં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૧૦૯૩ રન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કના રહ્યા હતા અને સૌથી વધુ ૬૨ વિકેટ ઈંગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડની રહી હતી.
- વર્ષ ૨૦૧૩ વન-ડેમાં સૌથી વધુ ૧૩૭૩ રન પાકિસ્તાનના મિસબાહના રહ્યા હતા અને સૌથી વધુ ૬૨ વિકેટ પાકિસ્તાનના અજમલની રહી હતી.
- વર્ષ ૨૦૧૩માં ભારતના યુવા ખેલાડી વિરાટ કોહલીનો દેખાવ ખૂબ જ સારો રહ્યો હતો. તેઓએ ૧૨૦મી વન-ડેમાં જ ૫૦૦૦ રન કરી વિશ્વમાં 'વન-ડે ઈતિહાસમાં ૫૦૦૦ રન ફટકારનારો બેટ્સમેન' બની ગયો હતો. એટલા માટે જ તેંડુલકરે એક સમય કહ્યું હતું કે ભવિષ્યમાં મારા રેકોર્ડ જો કોઈ તોડી શકે તો તેમાંનો એક બેટ્સમેન વિરાટ કોહલી છે.
- વર્ષ ૨૦૧૩ના દેખાવને આધારે આઈસીસીએ 'વન-ડે ટીમ ઑફ ધ યર' અને 'ટેસ્ટ ટીમ ઑફ ધ યર'ની જાહેરાત કરી હતી. ભારતીય ટીમના કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની વન-ડે ટીમના કૅપ્ટન તરીકે પસંદગી કરી હતી તથા સાથે સાથે તેમની પસંદગી ટેસ્ટ ટીમમાં પણ કરવામાં આવી હતી અને આ રીતે બંને ટીમમાં પસંદ થનાર તેઓ એકમાત્ર ભારતીય ખેલાડી હતા. એટલું જ નહિ

પણ મહેન્દ્રસિંહ ધોનીએ 'આઈસીસી પીપલ્સ ચૉઈસ એવોર્ડ' પણ જીત્યો હતો.

- આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૩ માટે 'શ્રેષ્ઠ ઈમર્જિંગ ક્રિકેટર' તરીકે સૌરાષ્ટ્રના ખેલાડી ચેતેશ્વર પુજારાની પસંદગી કરી હતી તથા 'ક્રિકેટર ઑફ ધ યર' અને 'ટેસ્ટ ક્રિકેટર ઑફ ધ યર'ના એવોર્ડ માટે ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન માઈકલ ક્લાર્કની પસંદગી કરી હતી અને 'વન-ડે ક્રિકેટ ઑફ ધ યર' તરીકે શ્રીલંકાના સિનિયર બેટ્સમેન સંગકારાની પસંદગી કરી હતી.
- વર્ષ ૨૦૧૩માં આઈસીસી દ્વારા પાકિસ્તાનના વકાર યુનુસ અને ઑસ્ટ્રેલિયાના એડમ ગિલક્રિસ્ટનો 'ક્રિકેટ હૉલ ઑફ ફેમ'માં સમાવેશ કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૩માં ફોર્મ્યુલા વન ગ્રાં પ્રી ની સ્પર્ધાઓમાં સૌથી શ્રેષ્ઠ દેખાવ જર્મનીના સેબાસ્ટિયન વેટલેનો રહ્યો હતો તથા વર્ષ ૨૦૧૩માં ફોર્મ્યુલા કાર રેસિંગમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા બદલ તેઓને ફ્રાન્સના પેરિસના સાન ડેવિસ ખાતે 'ઍફવન ટ્રૉફી' એનાયત કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૩માં ચેન્નાઈ મુકામે આયોજિત વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતના લેજન્ડરી એસ સુપરસ્ટાર વિશ્વનાથ આનંદને હરાવીને નોર્વેના મેગ્નુસ કાર્લસને ઇતિહાસ સર્જ્યો હતો.
- યુનિસેફે (UNICEF) ભારતના મહાન ખેલાડી સચિન તેંડુલકરની 'સાઉથ એશિયાના બ્રાન્ડ ઍમ્બેસડર' તરીકે પસંદગી કરી હતી.
- વર્ષ ૨૦૧૩માં ભારતની ૧૮ વર્ષની યુવા મહિલા બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુએ વર્લ્ડ બૅડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઇતિહાસ સર્જ્યો હતો. એટલું જ નહિ પણ બૅડમિન્ટનમાં આ વર્ષે મે મહિનામાં મલેશિયન ગ્રાં પ્રિ ચૅમ્પિયનશિપમાં તેમજ ડિસેમ્બર મહિનામાં મકાઉ ઓપનની ફાઈનલમાં ગોલ્ડ મૅડલ જીતીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- વર્ષ ૨૦૧૩માં ભારતીય ક્રિકેટ બોર્ડે 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' માટે ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન કપિલ દેવની પસંદગી કરી હતી. આ જાતના ઍવોર્ડ જીતનાર તેઓ ૨૧મા ખેલાડી બન્યા હતા.
- ડિસેમ્બર માસમાં દક્ષિણ આફ્રિકા તથા વિશ્વના ઑલ રાઉન્ડર જેક્સ કાલિસે ઓચિંતા ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. આ જાહેરાતથી સમગ્ર ક્રિકેટ જગત સ્તબ્ધ રહી ગયું હતું. હાલમાં સચિન પછી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી કરનાર ખેલાડી કાલિસ છે. પરંતુ તેઓ વન-ડેમાં રમતા રહેશે અને વર્ષ ૨૦૧૫માં દક્ષિણ આફ્રિકાને વર્લ્ડકપ જીતાડશે એવી સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે.
- વર્ષ ૨૦૧૩માં ફ્રાન્સની મેરિયોન બર્તોલીએ બધા આશ્ચર્ય વચ્ચે વિમ્બલ્ડનની વિમેન્સ સિંગલ્સ ચેમ્પિયનશિપ જીતીને ઈતિહાસ રચ્યો હતો. જોકે ત્યારબાદ ઈજાના કારણે તેણે અચાનક નિવૃત્તિ જાહેર કરતાં બધાને આંચકો આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૩માં અમેરિકાની ટૅનિસ સ્ટાર સેરેના વિલિયમ્સે ખૂબ જ સારો દેખાવ કર્યો હતો. તેઓએ આ વર્ષે ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપન જીતીને કુલ ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતવાની સિદ્ધિ મેળવી હતી.
- વર્ષ ૨૦૧૩માં અમેરિકાની મહિલા સ્વિમર મીસી ફ્રેન્કલીને ચાલુ વર્ષે યોજાયેલી વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ત્રણ ઈન્ડિવિડ્યુઅલ અને ત્રણ ટીમ ઈવેન્ટમાં એમ કુલ છ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે તે એક જ વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ જીતનારી મહિલા સ્વિમર બની હતી. સ્વિમિંગ વર્લ્ડમાં તેઓ મીસી ધ મિસાઈલ તરીકે જાણીતી છે.
- વર્ષ ૨૦૧૩માં ફૂટ બૉલ જગત પર છેલ્લાં કેટલાંક વર્ષોથી પોતાનું આધિપત્ય સ્થાપિત કરનાર સ્પેનને ચાલુ વર્ષે બ્રાઝિલે સૌથી મોટો આંચકો આપ્યો હતો. ઘરઆંગણે રમાયેલી 'કોન્ફિડરેશન કપ' ફૂટબૉલ ટુર્નામેન્ટની ફાઈનલમાં બ્રાઝિલે ૩-૦ ગોલથી સ્પેનને હરાવીને ચેમ્પિયનશિપ જીતી હતી.
- ચીનનો લીન ડાન બૅડમિંટનમાં મોટે ભાગે ઈજારાશાહી ધરાવે છે. ૩૦ વર્ષનો લીન ડાન

બે વખત ઑલિમ્પિક ચૅમ્પિયન, પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન અને પાંચ વખત ઑલ ઈંગ્લેન્ડ ચૅમ્પિયન બની ચૂક્યો છે. આ વર્ષે ચીનના લી ચોંગને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

- વર્ષ ૨૦૦૯માં પ્રકાશમાં આવેલા સેક્સ કૌભાંડ બાદ કંગાળ ફોર્મને કારણે પરેશાન ટાઈગર વુડ્ઝે ચાલુ વર્ષે ફરી લય મેળવતાં સફળતા મેળવી હતી. જાન્યુઆરીમાં તેણે ટાઈટલ જીત્યું હતું. જે ૨૦૦૯ પછીનું તેનું પ્રથમ ડબલ્યુજીસી ટાઈટલ હતું. તે પ્લેયર્સ ચેમ્પિયનશિપ જીતવામાં પણ સફળ રહ્યો હતો. આ સાથે તેણે વર્લ્ડ રેન્કિંગમાં ફરી પાછો પોતાનો મનગમતો ટોચનો ક્રમ મેળવી લીધો હતો.
- અમેરિકાની ૧૬ વર્ષની સ્વિમર કેટી લેડસ્કીએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે સ્વિમિંગની દુનિયામાં સનસનાટી મચાવતાં કુલ ચાર મૅડલ જીત્યા હતા અને બે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યા હતા. જેના કારણે કેટીએ તેની દોસ્ત અને અમેરિકન સાથી મીસી ફ્રેન્ક્લીનને છ ગોલ્ડ હોવા છતાં ફિના (FINA)ની બેસ્ટ સ્વિમરની રેસમાં હરાવીને ઈન્ડિવિડ્યુઅલ ચેમ્પિયનશિપ જીતી લીધી હતી.
- સર્બિયાના ટેનિસ સ્ટાર નોવાક યોકોવિચ માટે ચાલુ વર્ષ ખાસ સફળતા અપાવનારું રહ્યું ન હતું. યોકોવિચને વર્લ્ડ રેન્કિંગમાં ટોચનો ક્રમાંક ગુમાવવો પડ્યો હતો. ચાલુ વર્ષે તે ત્રણ ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશવામાં સફળ રહ્યો હતો પણ તેમાંથી એકમાત્ર ટાઈટલ – ઓસ્ટ્રેલિયન ઓપન જીતી શક્યો હતો. જ્યારે તેને વિમ્બલ્ડન અને યુએસ ઓપનની ફાઈનલ ગુમાવવી પડી હતી. યોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં એન્ડી મરેને પાંચ સેટના સંઘર્ષમાં હરાવ્યો હતો અને કારકિર્દીનું ચોથું ઓસ્ટ્રેલિયન ઓપન અને કુલ છઠ્ઠું ગ્રાન્ડ સ્લેમ જીત્યું હતું.
- આંતરરાષ્ટ્રીય ટેનિસમાં બ્રિટનના માઈલસ્ટોનમેન તરીકે ઓળખ ધરાવતા એન્ડી મરેએ ચાલુ વર્ષે વિમ્બલ્ડન ગ્રાન્ડ સ્લેમ જીતવાની સાથે ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે તે ૭૭ વર્ષ બાદ વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સ ગ્રાન્ડ સ્લેમ જીતનારો પ્રથમ બ્રિટિશ ટેનિસ સ્ટાર બન્યો હતો. છેલ્લે ફ્રેડ પેરીએ ૧૯૩૬માં મેન્સસિંગલ્સ ટાઈટલ જીત્યું હતું. અગાઉ એન્ડી મરેએ ૨૦૧૨માં યુએસ ઓપન જીત્યું હતું.
- ટેનિસ જગતમાં બીગ બુલના નામે જાણીતા સ્પેનિશ સ્ટાર રાફેલ નડાલે ચાલુ વર્ષે ટેનિસ જગતમાં ધમાકેદાર પુનરાગમન કરતાં વધુ બે ગ્રાન્ડ સ્લેમ જીતીને વર્લ્ડ નંબર વનનો ક્રમાંક પાછો મેળવ્યો હતો. તેઓએ વર્ષ ૨૦૧૩માં ફ્રેન્ચ ઓપન તથા યુએસ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી અને આ રીતે અત્યાર સુધીમાં ૧૩ ગ્રાન્ડ સ્લેમ જીતનાર ખેલાડી બન્યા હતા. એટલું જ નહિ પણ વર્ષ ૨૦૧૩માં સ્પેનના લોકપ્રિય અને આદરણીય અખબાર 'ડીઆરિયો માર્કા' દ્વારા વાચકોના અભિપ્રાય મુજબ 'સ્પેનના રમતગમત ઈતિહાસના શ્રેષ્ઠ ખેલાડી' જાહેર થયા હતા.
- વર્ષ ૨૦૧૩માં વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ બેટ્સમેન ક્રિસ ગેલે આઈપીએલ-૬માં બેંગ્લોર તરફથી રમતાં પૂણે વોરિયર્સ સામે માત્ર ૬૬ બોલમાં ૧૭ છગ્ગા અને ૧૩ ચોગ્ગા સાથે અણનમ ૧૭૫ રનની ધુઆંધાર ઈનિંગને સહારે વર્લ્ડ રેકોર્ડ સર્જી દીધો હતો. ટ્વેન્ટી-૨૦ના ઈતિહાસમાં આ હાઈએસ્ટ સ્કોર હતો.
- વર્ષ ૨૦૧૩માં ભારતના લેજન્ડરી ડબલ્સ સ્ટાર લિએન્ડર પેસે ચાલુ વર્ષે ચેક રિપબ્લિકના રાહેક સ્ટેપાનિક સાથે જોડી બનાવીને યુએસ ઓપનમાં ડબલ્સ ટાઈટલ જીતી લીધું હતું. લિએન્ડર પેસનું આ ત્રીજું યુએસ ઓપન મેન્સ ડબલ્સ હતું. જ્યારે ઓવરઓલ તે ૧૪મું ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ જીત્યો હતો.
- ડિસેમ્બર માસમાં ભારતીય ક્રિકેટ બોર્ડે વર્ષ ૨૦૧૨-૧૩ની સીઝન માટેના ઍવોર્ડની જાહેરાત કરી હતી. જે અંતર્ગત અશ્વિન 'ભારતનો શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર' જાહેર થયો હતો અને તેને 'પોલી ઉમરીગર ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. જ્યારે ગુજરાતના પ્રતિભાશાળી ઑલરાઉન્ડર અક્ષર પટેલને અંડર-૧૯નો બેસ્ટ ક્રિકેટર જાહેર કરવામાં આવ્યો હતો. એની સાથે અભિષેક નાયરને 'લાલા અમરનાથ એવોર્ડ'

તથા રોહિત શર્માને 'દિલીપ સરદેસાઈ એવોર્ડ' ઍનાયત થયા હતા.

- વર્ષ ૨૦૧૩માં ચૅક રિપબ્લિક સર્બિયાને ભારે રોમાંચકતા બાદ ૩-૨થી હરાવીને ડેવિસ કપ તેમની પાસે જાળવી રાખ્યો હતો. ચૅક રિપબ્લિકની ટીમમાં સ્ટેપાનેક અને બર્ડિચ બે જ ખેલાડીઓ બંને સિંગલ્સ અને ડબલ્સમાં ઉતર્યા હતા.
- વર્ષ ૨૦૧૩ માટે આર્જેન્ટિનાના 'બેસ્ટ સ્પોર્ટ્સમેન ઑફ ધ યર' તરીકે ટૅનિસ ખેલાડી ડેલ પોટ્રોની પસંદગી થઈ હતી. તેઓએ આર્જેન્ટિનાના ફૂટબૉલના સુપરસ્ટાર ખેલાડી લોયોનેલ મેસીને પાછળ રાખીને આ મહાન સિદ્ધિ હાંસલ કરી હતી. કારણ કે આર્જેન્ટિનાની પ્રજા તો ફૂટબૉલ ક્રેઝી પ્રજા ગણાય છે.
- વર્ષ ૨૦૧૩માં ઑસ્ટ્રેલિયાની ટીમને ઈંગ્લેન્ડના પ્રવાસમાં રમાયેલી એશિઝ ટેસ્ટ શ્રેણીમાં ૩-૦થી નાલેશીભરી હારનો સામનો કરવો પડ્યો હતો. ઈંગ્લેન્ડનો દેખાવ શાનદાર રહ્યો હતો અને ઓસ્ટ્રેલિયા એક પણ ટેસ્ટ જીતી શક્યું ન હતું. આ સાથે ઈંગ્લેન્ડે ત્રીજી વખત એશિઝ જાળવી હતી. જો કે રિટર્ન લેગમાં ઓસ્ટ્રેલિયા પહોંચેલી ઈંગ્લેન્ડની ટીમને એશિઝનો તાજ ગુમાવવો પડ્યો હતો.
- ઈન્ટરનેશનલ ઍમેચ્યોર ઍથ્લેટિક ફેડરેશન (IAAF) દ્વારા પુરુષોમાં વર્ષ ૨૦૧૩ના 'સર્વશ્રેષ્ઠ ઍથ્લેટ'નો ઍવોર્ડ જમૈકાના યુસેન બોલ્ટને તથા મહિલાઓમાં 'સર્વશ્રેષ્ઠ ઍથ્લેટ'નો એવોર્ડ જમૈકાની શેલી એમ્નફ્રેશનર-પ્રાયસને એનાયત કરવામાં આવ્યો હતો.
- 'ફિફા' (FIFA) દ્વારા વર્ષ ૨૦૧૩ના 'સર્વશ્રેષ્ઠ ખેલાડી' તરીકે પોર્ટુગીઝ ખેલાડી રોનાલ્ડોની પસંદગી થઈ હતી અને બ્રાઝિલના લૅજન્ડરી ફૂટબૉલ સ્ટાર પેલેના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

(બી-૧, સ્વિસ ઍવન્યુ, પટેલ કોલોની,
માણેકબાગ હોલની પાછળ, આંબાવાડી,
અમદાવાદ ૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૫૬૪૬૫૦.
મો.: ૯૮૯૮૮૭૦૮૪૦)

*॥ વિદ્યાવૃત્ત ॥*

## ન્યૂ વલ્લભ વિદ્યાનગરનો સ્થાપના દિન

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ૧૪ વર્ષ પહેલાં વસંતપંચમીના દિવસે બીએપીએસના સદ્‌ગુરુ સંતશ્રી મહંત સ્વામી અને આણંદ મંદિરના કોઠારી શ્રી ભગવતચરણ સ્વામી સાથે મળીને કરેલા ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના માટેના ભૂમિપૂજનનું ભાવસભર સ્મરણ ૧૪મા સ્થાપના દિવસે કર્યું હતું. પોતાના આધ્યાત્મિક ગુરુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પૂર્વસૂરિઓ પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબનું પુણ્યસ્મરણ કરીને સીવીએમના અધ્યક્ષ અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા ડૉ.પટેલે ગુજરાતના સૌથી મોટા શિક્ષણ સંકુલના શિક્ષણ યજ્ઞને આગળ ધપાવવાનો જાહેર સંકલ્પ કર્યો હતો.

વસંતપંચમી નિમિત્તે મંગળવારે એડીઆઈટી એન્જિનિયરિંગ કોલેજના આચાર્ય ડૉ.આર.કે.જૈનના યજમાનપદે યોજાયેલા સમારંભમાં ડૉ.પટેલ ઉપરાંત સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ અને પ્રિ.આર. સી.દેસાઈ અને પૂર્વ માનદ સહમંત્રી ડૉ.રમેશ ત્રિવેદી અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત શિક્ષણ સંસ્થાઓના આચાર્યો ઉપસ્થિત હતા.

અત્યારે ન્યૂ વલ્લભ વિદ્યાનગર શિક્ષણસંકુલના લગભગ ૧૦૦ એકર જેટલા વિસ્તારમાં ચારુતર વિદ્યામંડળસંચાલિત ૧૧ જેટલી શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ વસંતપંચમીના દિવસે ભૂમિપૂજનથી આરંભાયેલા આ સંકુલ માટે કરમસદ,ગાના અને મોગરીના ખેડૂતોની જમીનો જે તે વખતના બજારભાવે પ્રાપ્ત કરવામાં આવી હતી અને સીવીએમના અધ્યક્ષની દીર્ઘદૃષ્ટિના પ્રતાપે જમીન

આપનાર ખેડૂતોના વારસદારોને સીવીએમમાં કાયમી નોકરીમાં રાખવામાં આવ્યા છે. મોટા પ્રમાણમાં જમીન આપનાર પરિવારમાંથી તો બે-ત્રણ જણાને કાયમી નોકરીમાં રખાયા છે.

ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપના કરીને ચરોતરની આ ધરતી ઉપર શિક્ષણ યજ્ઞની ધૂણી ધખાવનાર પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબે સ્થાપેલા વલ્લભ વિદ્યાનગરમાં તેમના અને એચ.એમ. પટેલ સાહેબના નેતૃત્વમાં સ્થપાયેલી શિક્ષણસંસ્થાઓ અને ૧૯૯૪થી ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષપદ હેઠળ નવી સ્થપાયેલ સંસ્થાઓ માટે વલ્લભ વિદ્યાનગરમાં જરૂરી જમીનના પ્લોટ ઉપલબ્ધ નહીં રહેવાને કારણે વર્ષ ૨૦૦૦માં વિઠ્ઠલ ઉદ્યોગનગરની પાછળ કરમસદ, ગાના અને મોગરીના ત્રિભેટે નવી શિક્ષણ વસાહત સ્થાપવાનું જરૂરી બન્યું હતું. અત્યારે શિક્ષણ અને સંશોધનની સંસ્થાઓથી આ સંકુલ ધમધમી રહ્યું છે અને જો વધુ જમીન પ્રાપ્ત કરી શકાય તો વધુ અત્યાધુનિક શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો સંકલ્પ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે કર્યો છે.

### એન.વી. પટેલ સાયન્સ કૉલેજ ચેમ્પિયન

પ્રોગ્રેસીવ ગૃપ ઓફ કૉલેજીસ દ્વારા તાજેતરમાં શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગરમાં આયોજિત આંતર કૉલેજ ખેલ-કૂદ રમતોત્સવમાં વિવિધ ૨૩ કૉલેજોના ૫૦૦ ખેલાડી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બહેનો વિભાગમાં ખેલકૂદની વિવિધ ૧૧ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

સમગ્ર રમતોત્સવમાં સ્પર્ધાને અંતે બહેનો વિભાગમાં વલ્લભ વિદ્યાગનરની ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કૉલેજની બહેનોની ટીમ ૨૩ પોઈન્ટ્સ મેળવી ચેમ્પિયન જાહેર થઈ હતી.

એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓ પ્રિયંકા મહેરાએ ૪X૧૦૦ રીલે પ્રથમ સ્થાન અને ૧૦૦, ૮૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન, જ્યારે કવિતા ટંડેલે ૪X૧૦૦, હાઈ જમ્પમાં પ્રથમ સ્થાન અને ૨૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે શિવાની પટેલે ૪X૧૦૦માં પ્રથમ સ્થાન અને ૧૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે ક્રિશ્ના પટેલે ૪X૧૦૦માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર રમતોત્સવમાં ગૌરવ સ્થાન (ચૅમ્પિયનશીપ) પ્રાપ્ત કર્યું છે.

રમતોત્સવના સમાપન સમારંભમાં ઉપસ્થિત સમારંભના પ્રમુખ અને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલના હસ્તે એન.વી. પટેલ સાયન્સ કૉલેજના વિદ્યાર્થિનીઓને ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

ખેલકૂદ ક્ષેત્રે સિદ્ધિ મેળવવામાં કૉલેજના ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર ધર્મેશ પટેલની નોંધપાત્ર કામગીરી રહી હતી એન.વી. પટેલ સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી સહિત કૉલેજ પરિવારે ખેલાડીઓએ મેળવેલી સિદ્ધિઓને બિરદાવી વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### એનવીપાસ ખાતે નેક સેમિનાર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના IQAC સેલ દ્વારા તાજેતરમાં નેક સ્પોન્સર્સ ૨ દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીની ગુણવત્તા સુધારણા અને શિક્ષક તથા વિદ્યાર્થીની ક્ષમતા, વૃદ્ધિ દ્વારા સશક્તિકરણ' વિષય પર આયોજિત આ સેમિનારનું ઉદ્‌ઘાટન ચારુસેટ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. બી.જી. પટેલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેમિનારના પ્રોસિડિંગનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

બે દિવસ ચાલેલા આ સેમિનારને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પ્રથમ ટેકનિકલ વિભાગમાં એક્સલ ઈન્ડસ્ટ્રસના ચેરમેન શ્રી જી. નારાયણે ઓર્ગેનાઈઝેશનલ લીડરશીપ વિષય ઉપર રસપ્રદ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. પ્રથમ ટેકનિકલ વિભાગના ચેરમેનપદે પ્રો. એમ.એચ. વસાવડાએ કામગીરી બજાવી હતી. 'પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીના સામાજિક અને શૈક્ષણિક પાસાઓ' વિષય પરના આ વિભાગમાં વિવિધ ફેકલ્ટીના પ્રાધ્યાપકોએ પોતાના પેપર્સ રજૂ કર્યા હતા. દ્વિતીય ટેકનિકલ વિભાગમાં એમ. એસ. યુનિવર્સિટીના પ્રો. ડી.આર. ગોયલે સમાજના દરેક વર્ગને સાંકળી શકે તેવી શૈક્ષણિક પ્રણાલી તથા

એકેડેમિક પરફોર્મન્સ ઈન્ડેક્ષ અને તેના મહત્ત્વ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ વિભાગના ચેરપર્સન પદે વે-મેડ કૉલેજ ઑફ એજ્યુકેશનનાં પ્રિન્સિપાલ ડૉ. સુલભા નટરાજે કામગીરી બજાવી હતી.

તૃતીય ટેકનિકલ વિભાગમાં એમ.એસ. યુનિવર્સિટીના પ્રો. ડૉ. સુદર્શન પાનીગ્રહીએ વર્ગમાં ચાલતી શૈક્ષણિક પ્રણાલીઓના બદલાતા જતા પ્રવાહ ઉપર માહિતીસભર વક્તવ્ય આપ્યું હતું. અને 'ઓન-લાઈન લર્નિંગ' પર વિશેષ ભાર મૂક્યો હતો. આ વ્યાખ્યાન પછીના વિવિધ સંશોધનપત્રો મૌખિક રૂપે રજૂ રવામાં આવ્યા હતા. આ વિભાગના ચેરમેન પદે એકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામકશ્રી પ્રો. એ.આર. જાનીએ કામગીરી બજાવી હતી. ચતુર્થ ટેકનિકલ વિભાગમાં આઈ.આઈ.ટી., કાનપુરના નિવૃત્ત ડૉ. વી.રાઘવેન્દ્રએ ક્ષમતાવર્ધન અને હયાત ક્ષમતાઓ અને કુશળતાઓની વૃદ્ધિ દ્વારા સતત શીખતા રહેવાની કળા કઈ રીતે વિકસાવી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી. આ વિભાગના ચેરમેનપદે સરદાર પટેલ યુનિવર્સિટીના આઈક્યુએસી કો-ઓર્ડિનેટર પ્રો. ડૉ. એન.વી. શાસ્ત્રીએ કામગીરી બજાવી હતી અને અભ્યાસક્રમની રૂપરેખા ઘડવામાં ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીના મહત્ત્વ વિશે રજૂ થયેલ સંશોધન પત્રો રજૂ કરાયા હતા.

અતિમ ટેકનિકલ વિભાગમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અંડર સેક્રેટરી શ્રી સંદીપ જૈને એક્રેડિટેશન શા માટે ફરજિયાત છે તે વિશે માહિતીસભર ચર્ચા કરી હતી અને આ વિભાગમાં 'સંસ્થાકીય નેતૃત્વનો શિક્ષકોના વિકાસમાં ફાળો' એ વિષય પર સંશોધનપત્રો એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશના નિયામક ડૉ. આર.પી. જાડેજાના ચેરમેનપદે રજૂ કરાયા હતા.

સમાપન સમારોહના પ્રમુખ શ્રી ડૉ. જી.સી. જાડેજા (રિટાયર્ડ પ્રોફેસર, આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી)એ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. જ્યારે દરેક ટેકનિકલ વિભાગના રિપોર્ટરોએ જે તે ટેકનિકલ વિભાગ દરમ્યાન હાથ ધરવામાં આવેલી કાર્યવાહીનો અહેવાલ રજૂ કર્યો હતો. સમાપન સમારોહમાં પ્રિન્સિપાલશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ સહભાગી સર્વે શિક્ષકગણ, ચેરપર્સન્સ, જજ વિગેરેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. અને તેમના પ્રયત્નોને બિરદાવ્યા હતા. નેક કો-ઓર્ડિનેટર, ડૉ. રીટા એન. કુમારે દરેક ટેકનિકલ વિભાગ દીઠ એક-એક ઈનામની જાહેરાત કરી હતી. જેમાં પહેલા વિભાગમાં ડૉ. રીચા મિશ્રા, બીજા વિભાગમાં ડૉ. કમલાકર ભટ્ટ, ત્રીજા વિભાગમાં કુ. રશ્મિ વર્મા, ચોથા વિભાગમાં કામિની શાહ અને પાંચમા વિભાગમાં સ્ટેલા જોઈસનો સમાવેશ થાય છે.

સમાપન સમારોહના અંતમાં ડૉ. અમિત બાલાનીએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર સેમિનાર દરમ્યાન કુલ ૧૦૫ જેટલા શિક્ષકોએ તેમજ વિદ્યાર્થીઓએ ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી ભાગ લીધો હતો.

### એનવીપટેલ સાયન્સ કૉલેજમાં સ્પોર્ટ્સ ડે

ચારુતર વિદ્યામંડળસંચાલિત વલ્લભ વિદ્યાનગરની એન.વી. પટેલ સાયન્સ કૉલેજમાં તાજેતરમાં ૧૦મી જાન્યુઆરીના રોજ કૉલેજના સ્પોર્ટ્સ વિભાગ દ્વારા 'સ્પોર્ટ્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. આજના યુગમાં જ્યારે વિદ્યાર્થીઓ અને યુવાનો સ્પોર્ટ્સ તથા બીજી શારીરિક ક્ષમતાઓને વિકસાવતી પ્રવૃત્તિઓથી દૂર થતા જાય છે ત્યારે તેમનામાં આવી પ્રવૃત્તિઓ પ્રત્યે અભિમુખતા કેળવવાના પ્રયત્નરૂપે સ્પોર્ટ્સ ડે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ કર્યું હતું. આ પ્રસંગે એસ. એમ. પટેલ કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડૉ. બી.એલ. નાગરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર આયોજન દરમ્યાન કૉલેજના આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ એથલેટિક્સની વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓના પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાઓ નીચે મુજબ છે. ૧૦૦ મીટર (ભાઈઓ)માં ધવલ ટંડેલ, એલોય ફર્નાન્ડિસ, ઉર્વીશ પટેલ. ૧૦૦ મીટર (બહેનો)માં પ્રિયંકા મહેરા, કવિતા ટંડેલ તથા શિવાની પટેલ, ૨૦૦ મીટર (ભાઈઓ) માં ધવલ ટંડેલ, ઉર્વીશ પટેલ તથા એલોય ફર્નાન્ડિસ, ૨૦૦ મી ટર(બહેનો)માં કવિતા ટંડેલ તથા શિવાની પટેલ.

## સાયન્સ એક્સીલેન્સ ૨૦૧૪માં એવીપાસ મોખરે

અમદાવાદસ્થિત ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૪ જાન્યુઆરી ૨૦૧૪, શનિવારના રોજ રાજ્યસ્તરે સાયન્સ એક્સીલંસ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન હેઠળ યુ.જી.સી. તેમજ શિક્ષકગણ જેવા અલગ અલગ સ્તરે વિવિધ વિષયો માટે ઓરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ઉપરોક્ત સ્પર્ધામાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષિકા ડૉ. સુસ્મિતા સાહૂએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પરિણામરૂપે એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગમાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં એવીપાસના એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ પ્રથમ સ્થાને – કુ. દૃષ્ટિ અમીન, બીજા સ્થાને કુ. ખુશ્બુ પટેલ તેમજ ઓરલ પ્રેઝન્ટેશનમાં ઋષિરાજસિંહ ઝાલાને બીજા સ્થાને ઘોષિત કર્યા હતા. આ ઉપરાંત બૉટની વિભાગમાં પોસ્ટર પ્રેઝન્ટેશનના વિજેતા તરીકે એનવીપાસનાં શિક્ષિકા ડૉ. સુસ્મિતા સાહૂએ દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

## ઈન્ટર ક્લાસ ટુર્નામેન્ટ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વલ્લભ વિદ્યાનગરની એન.વી. પટેલ સાયન્સ કૉલેજમાં સ્પોર્ટ્સ વિભાગ દ્વારા તાજેતરમાં એક ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાવમાં આવ્યું હતું. કૉલેજના પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વર્ષના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓના વર્ગો માટે યોજવામાં આવેલ આ ટુર્નામેન્ટમાં કુલ ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. નૉક આઉટ પદ્ધતિથી રમાડવામાં આવેલ આ ટુર્નામેન્ટમાં ફાઈનલ મુકાબલો એસ.વાય. બી.એસ.સી. ઈન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી અને ટી.વાય બી.સી.એ. એ ડિવિઝન વચ્ચે શાસ્ત્રી મેદાન ખાતે યોજાયેલા આ મુકાબલામાં એસ.વાય. બી.એસ. સી. ઈન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓ તુષાર મકવાણા (કેપ્ટન), વિસ્મય પટેલ, અવિનાશ પટેલ, મિહિર પટેલ, ભાવિક ભોઈ, દિવ્યાંગ પટેલ, યશ ભટ્ટ, અંકિત દોશી, અશોક મોઢવાડિયા, અશેષ પટેલ, યોગેશ કાબરિયા, જયદીપ, કેતુલ પટેલ, હાર્દિક પટેલ તથા ખુશવંત ખેતાડિયાની ટીમનો જ્વલંત વિજય થયો હતો.

## બાસ્કેટબૉલમાં દ્વિતીય વિજેતાપદ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ તાજેતરમાં ચારુતર વિદ્યામંડળ, ચરોતર એજ્યુકેશન સોસાયટી તથા રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત ગૃપ ઑફ પ્રોગ્રસીવ કૉલેજીસ માટે યોજવામાં આવેલા ખેલકૂદ મહોત્સવમાં એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ બાસ્કેટબૉલ સ્પર્ધામાં રનર્સ-અપ ચેમ્પિયન બનીને કૉલેજનું ગૌરવ વધાર્યું છે. નૉક આઉટ પદ્ધતિ ગ્રુપ ઑફ પ્રોગ્રેસીવ કૉલેજીસની કુલ ૧૦ ટીમો વચ્ચે રમાયેલ આ ટુર્નામેન્ટમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ કૃપા જાની (કેપ્ટન), કવિતા ટંડેલ નૂપુર પટેલ, કૃતિ પંડ્યા, સિદ્ધિ માલી, દેવાંશી દેસાઈ તથા જાનકી પટેલની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરીને સમગ્ર ટુર્નામેન્ટમાં દ્વિતીય વિજેતાપદ હાંસલ કર્યું હતું.

## એનવીપટેલ સાયન્સ કૉલેજનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજના રસાયણ શાસ્ત્રના ડૉ. ભાવિન પટેલ તથા બાયોસાયન્સના ડૉ. ઈશા દેસાઈના માર્ગદર્શન હેઠળ ચાંગાસ્થિત ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતે યોજાયેલ સાયન્સ મંથનમાં પોસ્ટર પ્રેઝન્ટેશન પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ સાયન્સ કૉલેજોના કુલ ૪૦૦થી વધુ સ્પર્ધકો હાજર રહ્યા હતા. તેમાં એન.વી. પટેલ કૉલેજના વિદ્યાર્થીઓ કુ. રાજલ પટેલે પ્રથમ નંબર તથા કુ. બિન્દ્રા પટેલે દ્વિતીય નંબર મેળવ્યો હતો, તેમજ કુ. બંસી જાનીએ આશ્વાસન ઈનામ મેળવ્યું હતું. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કૉલેજને ગૌરવ અપાવવા બદલ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બાસુદેબ બક્ષીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ગો.જો. શારદામંદિરમાં ક્વિઝ સ્પર્ધા

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિરના પ્રાથમિક વિભાગમાં તાજેતરમાં પ્રાર્થના હૉલમાં ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ક્વિઝ

સ્પર્ધાના સંયોજક પ્રફુલ્લભાઈ ઝાલા, હેલીબેન તથા શાળાનાં આચાર્યા રીટાબેન પટેલ અને શાળાના શિક્ષકો તથા શાળાની વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા શાળાના આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ તથા શાળાના મુખ્ય શિક્ષિકા ઇલાબેન પારેખ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ક્વિઝ સ્પર્ધામાં ૪૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં જુદાં જુદાં ગ્રુપ પાડી જુદા જુદા વિષયને અનુરૂપ ૩૫ જેટલા પ્રશ્નો પૂછાયા હતા. આ ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ નંબરે ધો. ૭બ ગોદાવરી ટીમ, દ્વિતીય નંબરે ધો. ૭બની કાવેરી ટીમ તથા તૃતીય નંબરે ધો.૮બની સાબરમતી ટીમ વિજેતા બની હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષકો દીપ્તીબેન ગોહિલ, ચંદુભાઈ પરમાર, વિરેન્દ્રસિંહ રાજ તથા રેશ્માબેન પરમારે સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષિકા બીનાબેન મોદીએ કર્યું હતું.

• • •

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિર, વલ્લભ વિદ્યાનગરમાં તા. ૧૯-૧૨-૨૦૧૩ને ગુરુવારના રોજ પ્રાર્થના હૉલમાં ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ ક્વિઝ સ્પર્ધામાં ૪૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં ચાર ચાર ગૃપ પાડી દરેક ગૃપને જુદા જુદા વિષયોને અનુરૂપ ૩૫ જેટલા પ્રશ્નો પૂછ્યા હતા. આ ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ નંબરે ૧૦અની ટીમ, બીજા નંબરે ૧૦ઈની ટીમ તથા ત્રીજા નંબરે ૧૦કની ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમને શાળા તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. શાળાનાં આચાર્યા રીટાબેન પટેલે પ્રફુલભાઈ ઝાલા તથા તેમની ટીમનો આભાર માન્યો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક હીરાભાઈ પરમાર, યામિનીબેન પટેલ તથા ભાવિકાબેન દરજીએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી બિપિનભાઈ પરમારે કર્યું હતું.

### ગો.જો. શારદામંદિરમાં રમતોત્સવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિર, વલ્લભ વિદ્યાનગરમાં બે દિવસીય રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં જુનિયર તથા સિનિયર એમ બે વિભાગો રાખવામાં આવ્યા હતા. રમતોત્સવનો પ્રારંભ શાળાનાં આચાર્યાશ્રી રીટાબેન પટેલે ક્લેપર વગાડી ૨૦૦ મીટર દોડનો પ્રારંભ કરાવ્યો હતો. જુનિયર તથા સિનિયર વિભાગમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ. સ્લૉ સાઈક્લિંગ, કેરમ, ચેસ, ત્રિપગી દોડ, સંગીત ખુરશી, લિંબુ ચમચી, ગોળાફેંક જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં કુલ ૪૮૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં શાળાની રોઝા એસ. વ્હોરા ચેમ્પિયન બની હતી. તમામ સ્પર્ધકો તથા વિજેતાઓને શાળાનાં આચાર્ય રીટાબેન પટેલે તથા વ્યાયામ શિક્ષિકા લીલાબેન ડામોરે અભિનંદન પાઠવ્યાં હતાં. શાળાના તમામ શિક્ષકોએ જુદી જુદી સુંદર કામગીરી બજાવી હતી.

### આઈ.બી. પટેલમાં મહિલા સંરક્ષણ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (માધ્યમિક), વલ્લભ વિદ્યાનગરમાં શાળાની વિદ્યાર્થિનીઓ માટે તા. ૯-૧૨-૨૦૧૩થી તા. ૨૦-૧૨-૨૦૧૩ દરમિયાન મહિલા સંરક્ષણ કાર્યક્રમ યોજાઈ ગયો.

ગુજરાત સરકાર મહિલા સુરક્ષા કાર્યક્રમ હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 'પડકાર' નામની સંસ્થાના શ્રી ચેતનભાઈ તથા તેમની ટીમે શાળાની વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણના ભાગરૂપે કરાટેની ટ્રેનિંગ આપી હતી. આ દ્વારા સમાજમાં અશક્ત ગણાતી તરુણીઓ તથા મહિલાઓને સશક્ત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. શાળઆના આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલિન ખ્રિસ્તીએ શ્રી ચેતનભાઈ તથા તેમની ટીમનો આભાર માન્યો હતો.

### મેમરી પાવર કાર્યક્રમ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલ (માધ્ય.), વલ્લભ વિદ્યાનગરમાં ધો.

૧૦ના વિદ્યાર્થીઓ માટે ‘મેમરી પાવર કાર્યક્રમ’ યોજવામાં આવ્યો હતો.

ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દીનું આ મહત્ત્વનું વર્ષ હોવાથી આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલિન દ્વારા નવીન પ્રયોગો ઉચ્ચ પરિણામઅર્થે યોજવામાં આવે છે. ધૉ. ૧૦ના વિદ્યાર્થીઓ માટે ‘મેમરી પાવર કાર્યક્રમ’ અંતર્ગત ‘માઈન્ડ મેમરી’ના શ્રી સાજન શાહનું વક્તવ્ય યોજવામાં આવ્યું. જેમાં તેમણે ધો. ૧૦ના વિદ્યાર્થીઓ કઈ રીતે યાદશક્તિ વધારી શકે અને વાંચન-લેખન પદ્ધતિમાં સુધારો કરી શી રીતે પરીક્ષા સમયે ઉપયોગી થઈ શકે એ બાબતે ચર્ચા કરી. ત્યારબાદ વિદ્યાર્થીઓમાં ઉદ્‌ભવેલા પ્રશ્નોની છણાવટ પણ કરવામાં આવી. સુપરવાઈઝર શ્રી મહેન્દ્રભાઈ આર. સેવકે આભારવિધિ કરી હતી.

### વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વિદ્યાનગર (માધ્યમિક વિભાગ) દ્વારા અંબાજી, આબુ, શ્રીનાથજી, ઉદેપુર જેવા સ્થળોએ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોમાં સાથ-સહકારના ગુણ કેળવાય તથા તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિનો અને ગુણોનો વિકાસ થાય તે હેતુથી શાળા દ્વારા પ્રવાસ-પર્યટનનું અવારનવાર આયોજન હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમ્યાન ઐતિહાસિક સ્થળો, પ્રાચીન સ્મારકો, મંદિરો તથા નૈસર્ગિક સ્થળોની મુલાકાત લઈ પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

પ્રવાસનું આયોજન શાળાના શિક્ષક શ્રી ભાસ્કરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઈ ભટ્ટ, શ્રી દર્શનભાઈ સુથાર, મહેશભાઈ, શ્રીમતી કલ્પનાબેન પટેલ તથા શ્રીમતી ભાવનાબેને કર્યું હતું. શાળાના આચાર્યશ્રી મહેશભાઈ ખ્રિસ્તીએ શુભેચ્છા પાઠવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલયઃ કબડ્ડી

ગ્રુપ ઑફ પ્રોગ્રેસીવ કૉલેજીસ દ્વારા આયોજિત સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં કબડ્ડી ભાઈઓ સ્પર્ધામાં બી.જે.વી. એમ કૉમર્સ કૉલેજની ટીમ રનર્સ-અપ થઈ હતી.

ચારુતર વિદ્યામંડળ, ચરોતર એજ્યુકેશન સોસાયટી તથા શ્રી રામકૃષ્ણ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૧૫ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ કબડ્ડી (ભાઈઓ/બહેનો)ની સપર્ધા શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર મુકામે યોજાઈ હતી. જેમાં વિવિધ કૉલેજોની ભાઈઓની ૧૨ ટીમો અને બહેનોની ૭ ટીમોએ ભાગ લીધો હતો. બી.જે.વી.એમ. કૉલેજ ભાઈઓની ટીમે ક્વાટર ફાઈનલ મેચમાં નલિની કૉલેજ સામે ૩૨ પોઈંટથી વિજય મેળવ્યો હતો અને સેમિફાઈનલ મેચમાં એન. વી. પાસ કૉલેજ સામે ૩૬ પોઈંટથી વિજેતા થઈ ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. સમગ્ર સ્પર્ધામાં ટીમના કેપ્ટન સંજય રાઠવા, વિમલ પવાર, પાર્થ પટેલ અને મલેક રાજખાન તથા દરેક ખેલાડીઓએ ઉત્તમ દેખાવ કરી ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર પ્રદીપકુમાર કે. વસાવાએ ખૂબ મહેનત કરી ટીમને ફાઈનમાં પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. ફાઈનલ મેચ દરમ્યાન કૉલેજના પ્રિન્સિપાલ શ્રી આર.એમ. પટેલ તથા મેજર. આઈ.એન. ટંડેલ મેદાન પર હાજર રહી ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું. બી.જે.વી.એમ કૉમર્સ કૉલેજની ટીમ ભાઈઓના વિભાગમાં રનર્સ-અપ બની તે બદલ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી આર. એમ. પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી એચ.ડી. પટેલ, કૉલેજના ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર શ્રી પ્રદીપ કે. વસાવા તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને રનર્સ-અપ બનવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં પણ ઉજ્જવળ પરિણામ લાવે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### કબડ્ડીઃ વૉલીબૉલ

ગ્રુપ ઑફ પ્રોગ્રેસીવ કૉલેજીસ દ્વારા આયોજિત સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં વૉલીબૉલ ભાઈઓની સ્પર્ધામાં બી.જે.વી.એમ કૉમર્સ કૉલેજની ટીમ રનર્સ-અપ થઈ હતી.

ચારુતર વિદ્યામંડળ, ચરોતર એજ્યુકેશન સોસાયટી તથા શ્રી રામકૃષ્ણ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧થી ૨૩ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ યોજાયેલ વૉલીબૉલ (ભાઈઓ/બહેનો)ની સ્પર્ધા ડી.એન.

હાઈસ્કૂલ કેમ્પસ આણંદ મુકામે યોજાઈ હતી. જેમાં વિવિધ કૉલેજોની ભાઈઓની ૨૫ અને બહેનોની ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં બી.જે.વી.એમ. વૉલીબૉલ ભાઈઓની ટીમે ડી.એન.આઈ.બી.એ, ભીખાભાઈ આર્ટ્સ કૉલેજ, સી.ઝેડ. પટેલ કૉલેજ તથા સેમિફાઈનલમાં આણંદ કૉમર્સ કૉલેજને હાર આપી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. સમગ્ર સ્પર્ધામાં ટીમના કેપ્ટન પાર્થ પટેલ, દીપ પટેલ, રોહિત કાટવા તથા ટીમના દરેક ખેલાડીઓએ ઉત્તમ દેખાવ કરી તથા ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર શ્રી પ્રદીપકુમાર કે. વસાવાએ ખૂબ મહેનત કરી ટીમને ફાઈનલમાં પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી.

બી.જે.વી.એમ. કૉમર્સ કૉલેજની ટીમ વૉલીબૉલ ભાઈઓના વિભાગમાં રનર્સ-અપ બની તે બદલ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી આર.એમ. પટેલ, વાઈસ પ્રેસિડેન્ડ શ્રી એચ.ડી. પટેલ, કૉલેજના ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર શ્રી પ્રદીપ કે. વસાવા તેમજ કૉલેજના સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓને રનર્સ-અપ બનવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં ઉજળું પરિણામ લાવે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### વી.પી. સાયન્સ કૉલેજનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી.પી. એન્ડ આર. પી.ટી.પી. સાયન્સ કૉલેજને તાજેતરમાં કૉલેજ વિથ પોટેન્શિયલ ફોર એક્સેલન્સ (CPE)ના બીજા તબક્કા માટે પસંદગી થઈ છે. યુ.જી.સી., ન્યૂ દિલ્હી ખાતે ડિસેમ્બર ૨૦૧૩માં આ માટેની મિટીંગમાં કૉલેજના આચાર્ય ડૉ. ભાવેશ પટેલ અને ડૉ. નિકુંજ ભટ્ટે કૉલેજનો સંપૂર્ણ પ્લાન કમિટી સમક્ષ રજૂ કર્યો હતો. CPE બીજા તબક્કામાં કૉલેજને વિવિધ કાર્યો માટે રૂપિયા એક કરોડ ત્રીસ લાખ ફાળવવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કૉલેજને આ શૈક્ષણિક સત્રમાં NAAC દ્વારા ‘A’ ગ્રેડ ફાળવવામાં આવ્યા છે. CPEના બીજા તબક્કા માટે પસંદગી પામનાર ગુજરાત રાજ્યની આ એકમાત્ર કૉલેજ છે. એ ઘણી જ ગૌરવની વાત છે. CPEના બીજા તબક્કાની મુદત ૨૦૧૪થી ૨૦૧૯ સુધી રહેશે. કૉલેજની આ ઉપલબ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલ, માનદ મંત્રીશ્રી પ્રિ. એસ.એમ. પટેલ તથા માનદ કાર્યકારી મંત્રીશ્રી ડૉ. જે.ડી. પટેલે કૉલેજના આચાર્યશ્રી, CPEના કો-ઓર્ડિનેટરશ્રી તથા સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.



ચારુતર વિદ્યામંડળમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતા અને ઉપસ્થિતિમાં માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલને હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ તથા માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ ઉપરાંત શિક્ષણ સંસ્થાઓનાં આચાર્યો, અધ્યાપકો અને કર્મચારીઓ ઉપસ્થિત હતાં.

### શિક્ષક સેમિનાર

સીવીએમ ટીચર્સ ટીમ ફોર એક્સેલન્સ ઈન એજ્યુકેશનના સેમિનાર ગ્રુપના ઉપક્રમે શાપુરજી લર્નિંગ સેન્ટર ખાતે પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો માટે સેમિનાર યોજાયો હતો. સ્કૂલના આચાર્ય ડૉ. દીપક પટેલના માર્ગદર્શનમાં યોજાયેલા આ સેમિનારમાં ગ્રૂપના કન્વીનર એસ.કે. ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કર્યું હતું. માઈન્ડ, મેમરી એન્ડ મેડિટેશન વિષય પર મેનેજમેન્ટગુરુ બ્રહ્માકુમાર શક્તિરાજસિંહ ઠાકુરે વક્તવ્ય આપ્યું હતું. તેમણે શિક્ષણમાં મૂલ્યોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે મેડિટેશનના ફાયદા સમજાવ્યા હતા. ધ્યાન અને એકાગ્રતા વ્યક્તિની પ્રગતિ માટે જરૂરી હોવાનું કહ્યું હતું. અધ્યક્ષપદે સીવીએમના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ હતા. ડૉ. સુરેશ પ્રજાપતિએ સંચાલન કર્યું હતું. દીપક સાગરે સૌનો આભાર માન્યો હતો. બ્રહ્માકુમારી નીતાબેન તથા આચાર્યો સર્વશ્રી ડૉ. દીપક



ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે શાસ્ત્રી મેદાનમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢના અતિથિ વિશેષપદે યોજાઈ હતી. સીવીએમની કન્યાશાળા ગો.જો.શારદા મંદિરના યજમાનપદે યોજાયેલા આ સમારંભમાં ડૉ.પટેલને હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં એનસીસીના કર્નલ આગા, સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કા.કુલસચિવ ડૉ.ગુરુસેવકસિંહ અને વિકાસ અધિકારી ડૉ.રાઘવ પટેલ તથા ગો.જો.શારદા મંદિરનાં આચાર્યા શ્રીમતી રીટાબહેન પટેલ પણ હતાં.

---

પટેલ, સુરેશભાઈ પટેલ, ડૉ. મહેશ ખ્રિસ્તી, રીટાબેન પટેલ, વિજય સુથાર, મનીષાબેન સોની વગેરે ખાસ હાજર રહ્યાં હતાં.

### ઈન્દ્રજિત પટેલને ઍવોર્ડ



વલ્લભ વિદ્યાનગરસ્થિત બીવીએમ એન્જિનિયરિંગ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. ઈન્દ્રજિત પટેલને પેડાગોજીકલ ઈનોવેશન એવોર્ડ-૨૦૧૪ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ૧૪મી ફેબ્રુઆરીએ સંકુલ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે શિક્ષણજગતમાં ઉત્કૃષ્ઠ કાર્ય કરનાર વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલ, ડાયરેક્ટર તેમજ રિસર્ચ સ્કોલરને પેડાગોજીકલ ઈનોવેશન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. બીવીએમ એન્જિનિયરિંગ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. ઈન્દ્રજિત પટેલને ડિપ્લોમાના કેરિઅરબેઈઝ કરીક્યુલમથી શરૂ કરીને વિવિધ વર્કશોપ, પરીક્ષાનું સંચાલન, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, સેમિનાર તેમજ ગુજરાત સરકાર દ્વારા ગામડાઓના વિકાસ હેતુસર જીટીયુને આપવામાં આવેલ પ્રોજેક્ટ 'વિશ્વકર્મા યોજના' અંતર્ગત ૨૫૫ ગામડાંમાં માળખાગત આયોજનનું સફળતાપૂર્વક સંચાલન કરવા બદલ એવોર્ડ અપાયેલ છે.

### One day workshop on Valuation at ISTAR

Valuation department of ISTAR (managed by Charutar Vidya Mandal) organised a one day workshop on "Valuation of Real Estate and Plant & Machinery" on 14th December 2013.

Hon. I/c Secretary of CVM and chief guest of the inaugural function Dr. J. D. Patel inaugurated the workshop after the prayer. Director of ISTAR Dr. P. M. Udani gave the welcome speech and informed about the various P.G. and Ph.D. programmes run at ISTAR. Prof. Rupesh T. Shah, faculty member of Valuation department of ISTAR, gave brief information about valuation courses run at ISTAR and also explained the objectives of the workshop.

Six papers on different topics of valuation of real estate and plant & machinery were presented by the speakers - Rupesh T. Shah, Amish S. Patel, Jigesh J. Mehta, Murad M. Lakhani, Rajeev R. Shah and Manish D. Kaneria.

The workshop was attended by about 70 delegates including past and present students and professional valuers. Valuers from different places like Ahmedabad, Vadodara, Mumbai, Pune, Thane, Delhi and Udaipur attended the workshop.

The delegates praised the effort of the department and stated that such workshops and continuing education programs are very useful for practicing valuers in updating their knowledge.

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા (૯૩૭૫૦૩૧૪૦૨), ડૉ. હરિ દેસાઈ (૯૮૯૮૫૪૩૮૮૧)**

**તંત્રીઓઃ વિ-વિદ્યાનગર**

**સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ.**

**ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭૭, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-

આજીવનઃ ₹ ૧૫૦૦/-

વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

છૂટક નકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-





ચારુતર વિદ્યામંડળ સહિત ગ્રુપ ઓફ પ્રોગ્રેસિવ કૉલેજીસ દ્વારા આયોજિત રમતોત્સવ અંતર્ગત ઍથલેટિક મીટના ઉદ્દ્ઘાટન સમારંભમાં અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને અતિથિ વિશેષ તરીકે સિન્ડિકેટના સભ્ય શ્રી રાજુભાઈ પટેલ(ધર્મજ) હતા. સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ અને મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ, ચરોતર ઍજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી કેતનભાઈ પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, સ્પૅકના પ્રમુખ શ્રી ગિરીશભાઈ પટેલ અને મંત્રી શ્રી શીતલ પટેલ સહિતના મહાનુભાવો મંચ પર ઉપસ્થિત હતાં. આ પ્રસંગે મશાલ લઈને આવતાં વિદ્યાર્થીઓ અને રમત મહોત્સવના સંયોજક ડૉ.બી.એલ.નાગરનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



ચારુતર વિદ્યામંડળસંચાલિત શાન્તાબેન મનુભાઈ પટેલ સ્કૂલ ઑફ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન આર્કિટેક્ચર એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈનના 'નાઈન ટુ ૯' કાર્યક્રમની ઉજવણી સંસ્થાના માનદ નિયામક પ્રા.પ્રદીપ પટેલના અતિથિ વિશેષપદે કરવામાં આવી હતી. જજ તરીકે શ્રી વિભાબહેન પટેલ હતાં. સ્ટુડન્સ કાઉન્સિલના કૉ-ઑર્ડિનેટર ધનશ્રી મીરજકર હતાં.

V-Vidyanagar 16 (3) March 2014 Postal Regd.No.AND/318/2012-14
Published on Friday, 28.02.2014 No.of Pages 56 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month



Radha celebrating Holi

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat